# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
ઓછી પોસ્ટ કરો, વધારે કામ કરો...પ્રેગનન્સી વચ્ચે દીપિકા પાદુકોણે કરી ઈન્સ્ટા પોસ્ટ

**પેજ-09**
વિરાટ કોહલીની સદી સાથે નંબર-1 બન્યું RCB, પોતાના નામે કર્યો વર્લ્ડ...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 23.00 |
| વડોદરા | 39.00 | 23.00 |
| સુરત | 38.00 | 25.00 |

પેજ 5




શેરબજારમાં તેજીને પગલે માર્ચના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા 15 કરોડ...


08
APRIL-2024
MONDAY


એલોન મસ્કને પાછળ છોડી માર્ક ઝુકરબર્ગ દુનિયાના ત્રીજા નંબરના...



પેજ 10

**.....સુવિચાર.....**
સફળતાનો કોઇ મંત્ર નથી, એ તો માત્ર કઠોર પરિશ્રમનું ફળ છે.


વર્ષ-13 | અંક-143 | વિક્રમ સંવત-2080 | ફાગણ વદ-અમાસ | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બિહારમાં મોદીએ 'જંગલ રાજ'ની યાદ અપાવી... કહ્યું- મારો જન્મ મોજ કરવા નહીં, સખત મહેનત કરવા થયો છે

# ભારતને આંખ બતાવનાર, આજે લોટ માટે ભટકે છે : PM

(એજન્સી) નવાદ | તા. 07

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે બિહારના નવાદામાં રેલી કર્યા બાદ બપોરે 2.30 વાગ્યે પશ્ચિમ બંગાળના જલપાઈગુડી પહોંચ્યા હતા. અહીં તેમણે જનસભાને સંબોધી હતી. 30 મિનિટના ભાષણમાં પીએમએ ટીએમસી, કોંગ્રેસ અને ભ્રષ્ટાચારીઓ પર નિશાન સાધ્યું હતું. કાશ્મીર મામલે ખડગેના નિવેદનનો પણ મોદીએ જવાબ આપ્યો હતો. મોદીએ કહ્યું- ગઈકાલે (6 એપ્રિલ) કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, મોદી બીજા રાજ્યોમાં કાશ્મીરની વાત કેમ કરે છે. તેમના માટે કાશ્મીર કંઈ નથી પરંતુ 140 કરોડ ભારતીયો માટે કાશ્મીર ભારત માતાના મસ્તક સમાન છે. આ સાથે પીએમએ ટીએમસીને કાયદો અને બંધારણને કચડી નાખનારી પાર્ટી ગણાવી હતી. મોદીએ કહ્યું- જ્યારે કેન્દ્રીય તપાસ એજન્સીઓ અહીં આવે છે, ત્યારે ટીએમસી તેમના પર હુમલો કરે છે અને લોકો પાસે કરાવે છે. સંદેશખાલીમાં શું થયું તે આખો દેશ જાણે છે. વડાપ્રધાન 3 દિવસમાં બીજી વખત પશ્ચિમ બંગાળ પહોંચ્યા છે. આ પહેલા 4 એપ્રિલે તેમણે કૂચ બિહારમાં રેલી કરી હતી. તે જ દિવસે મમતા બેનર્જીએ કૂચ બિહારમાં પણ રેલી યોજી હતી. PMએ કહ્યું હતું- મોદી એ સુનિશ્ચિત કરશે કે સંદેશખાલીના ગુનેગારોને સજા મળે. તેમનું બાકીનું જીવન જેલમાં જ પસાર થશે.



**ચૂંટણી સાંસદોને ચૂંટવા માટે નથી, પરંતુ મજબૂત સરકાર પસંદ કરવા માટે છેઃ મોદી**

મોદીએ કહ્યું- આ ચૂંટણી સાંસદને ચૂંટવા માટેની નથી, આ એક મજબૂત સરકાર બનાવવાની ચૂંટણી છે. કેન્દ્ર સરકાર જેટલી મજબૂત છે તેટલો જ વિશ્વનો ભારત પરનો વિશ્વાસ વધુ મજબૂત છે. અહીં વધુ રોકાણ આવશે, ફેક્ટરીઓ સ્થાપવામાં આવશે. ભાજપ સરકારે નોર્થ બંગાળમાં જી-20 બેઠકનું આયોજન કર્યું હતું જેથી કરીને આ પ્રદેશમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસન વધે. દરેક મતદાન મથક પર ટીએમસીની ડિપોઝીટ જપ્ત કરવી જોઈએ. જ્યારે કેન્દ્રીય તપાસ એજન્સીઓ અહીં આવે છે, ત્યારે ટીએમસી તેમના પર હુમલો કરે છે અને અન્ય લોકો પાસે હુમલા કરાવે છે. આ પાર્ટી કાયદા અને બંધારણને કચડી નાખતી પાર્ટી છે. સંદેશખાલીમાં શું થયું તે આખો દેશ જાણે છે. માતાઓ અને બહેનો પર ખૂબ જ અત્યાચાર કરવામાં આવ્યા હતા. સ્થિતિ એવી છે કે કોર્ટને દરેક કેસમાં હસ્તક્ષેપ કરવો પડ્યો છે.

### અમારા માટે કાશ્મીર ભારત માતાના મસ્તક સમાન છેઃ મોદી

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, મોદી બીજા રાજ્યોમાં કાશ્મીરની વાત કેમ કરે છે. તેમના માટે કાશ્મીર કંઈ નથી પરંતુ 140 કરોડ ભારતીયો માટે કાશ્મીર ભારત માતાના મસ્તક સમાન છે. દેશના દરેક રાજ્યના બહાદુર સૈનિકોએ આ કાશ્મીર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. શ્યામા પ્રસાદ મુખર્જી બંગાળી હતા અને કાશ્મીર માટે પોતાનો જીવ જોખમમાં મુકી દીધો હતો.

### ભ્રષ્ટાચારના પૈસા ગરીબોને પરત કરીશઃ મોદી

સંદેશખાલીના ગુનેગારોને કડકમાં કડક સજા થવી જોઈએ કે નહીં, તેમનું જીવન જેલમાં જવું જોઈએ. રાશન કૌભાંડ અને શિક્ષક ભરતી કૌભાંડમાં સંડોવાયેલાઓને સજા થવી જોઈએ કે નહીં? આજે હું બંગાળની ધરતી પરથી ગેરંટી આપું છું, જેમણે ભ્રષ્ટાચારના પૈસા ભેગા કર્યા છે. EDએ 3 હજાર કરોડ રૂપિયા એટેચ કર્યા છે, હું સલાહ લઈ રહ્યો છું, જે લોકોના સરકારી નોકરીમાં પૈસા ગયા. હું આ પૈસા ગરીબોને પરત કરીશ. બીચારા શિક્ષકે નોકરી મેળવવા માટે પૈસા ચૂકવ્યા, હું તેમના પૈસા પાછા અપાવીશ. કોંગ્રેસ અને ટીએમસીએ એકબીજાના ભ્રષ્ટ લોકોને બચાવવા માટે indi ગઠબંધન બનાવ્યું છે, હું કહું છું કે ભ્રષ્ટાચાર ખતમ કરો. તેઓ કહે છે ભ્રષ્ટાચાર બચાવો.

## Quick Read

### ઇલેક્ટોરલ બોન્ડને નવા અવતારમાં લાવવાની તૈયારીમાં સરકાર: સ્કીમ માટે સમિતિ બનશે

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદેસર જાહેર કર્યા બાદ ચૂંટણી ફંડિંગની પદ્ધતિઓ અંગે સરકારમાં વિચાર-મંથન શરૂ થઈ ગયું છે. સૂત્રોનું માનીએ તો, સરકારે ઈલેક્ટોરલ બોન્ડ જેવી નવી સ્કીમ શરૂ કરવાની યોજના બનાવી છે. નાણાં મંત્રાલયમાં તેના ઈનોવેટિવ મોડલ પર બે બેઠકો થઈ છે. ચર્ચા કરવામાં આવી હતી કે એવી કઈ પદ્ધતિ હોવી જોઈએ જે બંધારણના ધોરણોને પૂર્ણ કરે અને સુપ્રીમ કોર્ટ દ્વારા સમીક્ષાના અવરોધને દૂર કરી શકે.

### MP-બિહાર સહિત 14 રાજ્યોમાં વરસાદની શક્યતા:ગુજરાત સહિત 8 રાજ્યોમાં હીટવેવ એલર્ટ

નવી દિલ્હી | દેશના 14 રાજ્યોમાં વરસાદ અને 8 રાજ્યોમાં હીટવેવની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ગુજરાત, ગોવા, કર્ણાટક, કેરળ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને પુડુચેરીમાં હીટ વેવની અસર થશે.

### દિગ્વિજય સિંહની 'વાદા નિભાઓ યાત્રા'માં અશ્લીલ ડાન્સ, વિશ્વાસ સારંગે શેર કર્યો વીડિયો

રાજગઢ | મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રાજગઢ લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર દિગ્વિજય સિંહ દ્વારા રાજગઢ લોકસભા ક્ષેત્રમાં 'વાદા નિભાઓ યાત્રા' કાઢવામાં આવી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ યાત્રામાં ભીડ એકઠી કરવા માટે કોંગ્રેસના કાર્યકરો દ્વારા અશ્લીલ ડાન્સ પણ કરવામાં આવી રહ્યો છે, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો રાજગઢ લોકસભા મતવિસ્તારના ચાચોડા વિધાનસભા વિસ્તારના સિંગાપુરા ગામનો હોવાનું કહેવાય છે.

### 10-12 નહીં 8,774 સિમ કાર્ડનો ઢગલો મળ્યો, ચૂંટણી પહેલા મોટા કાંડની આશંકા

નવી દિલ્હી | લોકસભા ચૂંટણી પહેલા બિહારના ગોપાલગંજમાં 8,774 સિમ કાર્ડ અને નેપાળની કરન્સી મળતા દોડધામ મચી ગઈ છે. આ વાતને ગંભીરતાથી લઈને એન્ટિ ટેરરિઝમ સ્ક્વૉડ અને ઈકોનોમિક ઓફેન્સ યુનિટના અધિકારીઓએ પણ તપાસ હાથ ધરી છે. તપાસ એજન્સીઓને શંકા છે કે, લોકસભા ચૂંટણીમાં ચીન, નેપાળ કે બાંગ્લાદેશથી ગરબડ કરવાનું કાવતરું ઘડાતું હોઈ શકે છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ સિમ કાર્ડ દિલ્હીથી ફ્લાઈટ દ્વારા ગોરખપુર એરપોર્ટ પર લાવ્યા હતા.

### કોંગ્રેસની લોકસભા ચૂંટણીમાં 13મી યાદી જાહેર : બંગાળમાં 3 ઉમેદવારો મેદાનમાં

નવી દિલ્હી | કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી છે. અહીં બાણગાંવથી પ્રદીપ બિસ્વાસ, ઉલુબેરિયાથી અઝહર મોલિક અને ઘાટલથી ડૉ.પાપિયા ચક્રવર્તીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કોંગ્રેસની આ 13મી યાદી છે. કોંગ્રેસે અત્યાર સુધીમાં 240 ઉમેદવારોની જાહેરાત કરી છે. બીજી તરફ કોંગ્રેસ હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ પરથી વિક્રમાદિત્ય સિંહને મેદાનમાં ઉતારી શકે છે. વિક્રમાદિત્ય રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પુત્ર અને રાજ્ય સરકારમાં મંત્રી છે.

## J&Kમાં લશ્કરનો સ્લીપર સેલ એક્ટિવ કાશ્મીરમાં છુપાયો લશ્કર કમાન્ડર

### ચૂંટણી રેલીઓ પર હુમલો કરવાની યોજના : સુરક્ષા એજન્સીઓ હાઇએલર્ટ

(એજન્સી) શ્રીનગર | તા. 07

પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદી સંગઠનો જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પહેલા વાતાવરણ બગાડવા અને આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ઘડી રહ્યા છે. જે માટે લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર જુનૈદ અહેમદ બટ્ટ કુલગામમાં છુપાયેલો છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓને જાણવા મળ્યું છે કે તેને આવ્યા બાદ સ્લીપર સેલ ઓપરેટિવ્સ સાથે બેઠક પણ કરી હતી.



**ભાજપના નેતાઓની રેલીઓ પર ખતરો, સુરક્ષામાં વધારો**

સૂત્રનું કહેવું છે કે ગુપ્તચર એજન્સીઓને એવી પણ જાણકારી મળી હતી કે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય રેલીઓ પર હુમલો કરવા માટે સ્લીપર સેલની યોજના બનાવી છે. એવી આશંકા છે કે ભાજપની રેલીઓને ખાસ કરીને કાશ્મીરમાં નિશાન બનાવવામાં આવશે. જે બાદ સુરક્ષા એજન્સીઓને ખાસ કરીને કુલગામ અને તેની આસપાસ યોજાનારી ચૂંટણી રેલીઓ માટે એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

**કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર**

સૂત્રોના જણાવ્યા અનુસાર એજન્સીઓએ તાજેતરમાં સેટેલાઇટ ફોન દ્વારા થતી વાતચીતને ઈન્ટરસેપ્ટ કરી હતી. જેનાથી જાણવા મળ્યું કે કાશ્મીર પહોંચેલા જુનૈદે 31 માર્ચે કુલગામના નૌબલ ગામમાં તેના સ્લીપર સેલ સાથે જોડાયેલા ઓપરેટિવ્સને આતંકવાદીના ઘરે બોલાવ્યા હતા. ત્યારે મોટા બગીચામાં સ્લીપર સેલ સાથે જોડાયેલા 6 લોકો હાજર હતા.

**સુરક્ષાદળો પકડે તે પહેલા જ જુનૈદ ભાગી ગયો**

ગૃહ મંત્રાલયના નિર્દેશ પર કાશ્મીર પોલીસ, BSF અને NIAની ટીમો સંયુક્ત રીતે લશ્કરના આતંકી જુનૈદ અહેમદ અને તેના સહયોગીઓને શોધી રહી છે. ઈનપુટ પર, બીએસએફના જવાનોએ નૌબલના અડધો ડઝન શંકાસ્પદ લોકોના ઘરોની તલાશી લીધી હતી. પરંતુ તે પહેલા જ આતંકી જુનૈદ અને તેના સાગરિતો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જે દર્શાવે છે કે આ વખતે આતંકવાદી સંગઠન રાજકીય રેલીઓ પર આતંકવાદી હુમલા જેવું કોઈ ષડયંત્ર રચી રહ્યું છે.



### મહેબૂબા મુફ્તી અનંતનાગથી ચૂંટણી લડશે

(એજન્સી) શ્રીનગર | તા. 07

જમ્મુ-કાશ્મીરમાં લોકસભાની ચૂંટણી માટે રાજકીય પક્ષોએ કમર કસી લીધી છે. PDPએ મહેબૂબા મુફ્તી માટે લોકસભા ચૂંટણી લડવા માટે સીટની જાહેરાત કરી છે. પીડીપીએ કહ્યું કે મહેબૂબા મુફ્તી દક્ષિણ કાશ્મીરની અનંતનાગ બેઠક પરથી ઉમેદવાર હશે. પીડીપીએ બારામુલાથી ફૈયાઝ મીર અને શ્રીનગરથી વહીદ ઉર રહેમાનને મેદાનમાં ઉતાર્યા છે. મહેબૂબા મુફ્તીનું નિવેદન PDPએ અનંતનાગથી પોતાના ઉમેદવાર બનાવ્યા બાદ સામે આવ્યું છે. મુફ્તીએ કહ્યું, 'અમે 3 સીટો પર અમારા ઉમેદવારો ઉભા કરી રહ્યા છીએ. અમે જમ્મુ અને અન્ય સ્થળોએ કોંગ્રેસને સમર્થન આપી રહ્યા છીએ.




## કેજરીવાલની ધરપકડ સામે AAP નેતાઓના સામૂહિક ઉપવાસ

### દિલ્હીના રામલીલા મેદાનમાં કાર્યકરો ભેગા થયા, ભાજપે કેજરીવાલના ભ્રષ્ટાચારનું મોડલ બતાવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

દિલ્હીના CM અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં આમ આદમી પાર્ટી (AAP)ના નેતાઓએ રવિવારે દેશભરમાં સામૂહિક ઉપવાસ શરૂ કર્યા છે. પાર્ટીના મોટા નેતાઓ સવારે ઉપવાસ માટે દિલ્હીના જંતર-મંતર પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટી માગ કરે છે કે લિકર પોલિસી કેસમાં 21 માર્ચે ધરપકડ કરાયેલા કેજરીવાલને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. EDએ તેમને ખોટા કેસમાં ફસાવ્યા છે. પાર્ટીએ X પર એક પોસ્ટમાં કહ્યું- આખો દેશ તાનાશાહી સામે એકજૂટ છે. આવો... આપણે સાથે મળીને દેશના પુત્ર માટે અવાજ ઉઠાવીએ. દિલ્હી બીજેપીના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને પાર્ટીના નેતાઓએ 'શરબ સે શીશ મહેલ' અભિયાનના ભાગ રૂપે AAP સામે વિરોધ કર્યો. આ સિવાય પાર્ટીએ દારૂની બોટલના કટઆઉટ પર સંજય સિંહની તસવીર બતાવીને વિરોધપ્રદર્શન કર્યું હતું. આ પહેલાં AAPએ 26 માર્ચે પણ દેશભરમાં પ્રદર્શન કર્યું હતું.

**મને એક ષડયંત્ર હેઠળ ફસાવવામાં આવ્યો : સંજય સિંહે**

AAP સાંસદ સંજય સિંહે કહ્યું- AAPને ખતમ કરવાના હેતુથી ષડયંત્ર હેઠળ મને ફસાવવામાં આવ્યો છે. દારૂનું કૌભાંડ તો ભાજપે કર્યું, ધરપકડ બાદ શરદ રેડ્ડી પાસેથી 55 કરોડ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી.

## બંગાળમાં NIAની ટીમ સામે FIR : ધરપકડ કરાયેલા TMC નેતાની પત્ની સાથે મારઝૂડ

### દુર્વ્યવહારનો આરોપ : લોકોએ અધિકારીઓ પર હુમલો કર્યો હતો

(એજન્સી) કોલકાતા | તા. 07

બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગરમાંથી ધરપકડ કરાયેલ ટીએમસી નેતા મનોબ્રતા જનાની પત્ની મોની જનાએ NIA અધિકારીઓ વિરુદ્ધ FIR નોંધાવી છે. મહિલાનો આરોપ છે કે NIAની ટીમે તપાસના બહાને તેના ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ અધિકારીઓ પર ઘરમાં મારપીટ, દુર્વ્યવહાર અને તોડફોડનો આરોપ લગાવ્યો છે. ભૂપતિનગર પોલીસ સ્ટેશનમાં NIA અધિકારીઓ વિરુદ્ધ IPCની કલમ 325, 34, 354, 354(B), 427, 448, 509 હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના શુક્રવારે 5 એપ્રિલે મોડી રાત્રે બની હતી. 2022માં થયેલા બોમ્બ બ્લાસ્ટની તપાસ માટે કલકત્તા હાઈકોર્ટના નિર્દેશ પર NIAની ટીમ ભૂપતિનગર પહોંચી હતી. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ બલાઈ ચરણ મૈતી અને મનોબ્રતા જના આ કેસના બે મુખ્ય કાવતરાખોર છે. જ્યારે NIAની ટીમ આરોપીઓની ધરપકડ કરી લઈ જવા લાગી ત્યારે લોકો તેમની સામે લાકડીઓ લઈને ઊભા રહી ગયા હતા. લોકોએ અધિકારીઓના વાહન પર પથ્થરમારો કર્યો હતો. હુમલામાં એક અધિકારીને પણ ઈજા થઈ હતી.

## જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે દેશવ્યાપી સંપત્તિ વિતરણ સર્વેક્ષણ કરશે : રાહુલ ગાંધીનું નિવેદન

(એજન્સી) તેલંગાણા | તા. 07

તેલંગાણામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પાર્ટીના 'જીતની આબાદી ઉતના હક'ના નારાનો ઉલ્લેખ કરતા કહ્યું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે એક નાણાકીય અને સંસ્થાકીય સર્વે કરશે. અને જાણવાનો પ્રયાસ કરશે કે દેશની મહત્તમ સંપત્તિ પર કોનું નિયંત્રણ છે. કોંગ્રેસનો ઢંઢેરો જાહેર કર્યા બાદ હૈદરાબાદમાં એક જાહેર રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે જો પાર્ટી સત્તામાં આવશે તો દેશવ્યાપી જાતિ ગણતરી ઉપરાંત સંપત્તિ સર્વેક્ષણ કરવામાં આવશે, આ અમારું વચન છે. તેમણે કહ્યું, 'અમે અન્ય પછાત વર્ગો (OBC), અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને લઘુમતી સમુદાયમાંથી કેટલા લોકો છે તે નિર્ધારિત કરવા માટે અમે સૌપ્રથમ દેશવ્યાપી જાતિ ગણતરી હાથ ધરીશું. તે પછી, સંપત્તિના સમાન વિતરણની ખાતરી કરવા માટે એક ઐતિહાસિક પગલામાં, અમે નાણાકીય અને સંસ્થાકીય સર્વેક્ષણ હાથ ધરશું. પાર્ટી તમામ ક્ષેત્રોમાં તમામ સમુદાયોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે તે વાત પર ભાર મૂકતા રાહુલ ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ સુનિશ્ચિત કરશે કે તે લોકોને તેમનો યોગ્ય હિસ્સો આપે. રાહુલ ગાંધીએ કહ્યું કે SC, ST, OBC અને લઘુમતીઓની સંખ્યા દેશની કુલ વસ્તીના 90 ટકા છે. તેમણે કહ્યું, 'પણ, તમે તેમને નોકરીમાં જોશો નહીં. સત્ય એ છે કે આ વસ્તીના 90 ટકા લોકો પાસે સરકારમાં કોઈ ભાગીદારી નથી. કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, '90 IAS ઓફિસર છે જેઓ દેશનો વહીવટ ચલાવે છે. પરંતુ તેમાંથી માત્ર 3 ઓબીસી, 1 આદિવાસી અને 3 દલિત છે. રાહુલ ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટી દેશની સંપત્તિ, નોકરીઓ અને અન્ય જન કલ્યાણ યોજનાઓને સમુદાયોની વસ્તી અનુસાર વહેંચવાનું કામ કરશે.



### 10 વર્ષની નિષ્ફળતા બાદ પણ પદેથી નથી હટ્યા, નથી કોઈને પાર્ટી ચલાવવા દીધી

## રાહુલે બ્રેક લેવો જોઈએ : પ્રશાંત કિશોર

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

જો કોંગ્રેસને 2024ની લોકસભા ચૂંટણીમાં ધાર્યા પ્રમાણે પરિણામ નહીં મળે તો રાહુલ ગાંધીએ રાજકારણમાંથી બ્રેક લેવાનું વિચારવું જોઈએ. રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી. પ્રશાંતે કહ્યું- રાહુલ ગાંધી છેલ્લા 10 વર્ષથી કોંગ્રેસને જીતવા માટે નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે. આ હોવા છતાં, તેમણે ન તો પોતાની જાતને રાજનીતિથી દૂર કરી અને ન તો અન્ય કોઈને પાર્ટીનો ચહેરો બનવા દીધો. મારા મતે આ લોકશાહી નથી. પ્રશાંતે કહ્યું- જ્યારે તમે (રાહુલ ગાંધી) છેલ્લા 10 વર્ષથી એક જ કામ કરી રહ્યા છો અને તેમાં કોઈ સફળતા મળી નથી, તો બ્રેક લેવામાં કોઈ નુકસાન નથી. તમારે પાંચ વર્ષ બીજા કોઈને કરવા દેવા જોઈએ. તમારી માતાએ પણ એવું જ કર્યું. પ્રશાંતે કહ્યું- પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની હત્યા બાદ સોનિયા ગાંધીએ શું કર્યું? 1991માં તેમણે રાજનીતિથી દૂરી લીધી હતી.



**રાહુલને પ્રશાંતની સલાહ...**

**1. જો તમે હિન્દી બેલ્ટમાં જીત્યા નથી, તો વાયનાડ જીતવાનો કોઈ અર્થ નથી :** રાહુલ અંગે પ્રશાંતે કહ્યું કે કોંગ્રેસની લડાઈ ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં છે, પરંતુ તેમના નેતાઓ મણિપુર અને મેઘાલયની મુલાકાત લે છે. જો તમે યુપી, બિહાર અને મધ્યપ્રદેશમાં જીત્યા નથી, તો વાયનાડથી જીતવાનો કોઈ ફાયદો નથી. તમે એકલા કેરળ જીતીને દેશ નહીં જીતી શકો. અમેઠી છોડવાથી પણ ખોટો સંદેશ જશે.

**2. રાહુલને લાગે છે કે તે બધું જ જાણે છે :** પ્રશાંત કિશોરે કહ્યું- દુનિયાભરમાં સારા અને મહાન નેતાઓની વિશેષતા છે. તેઓ જાણે છે કે તેમની પાસે શું અભાવ છે. તેઓ હંમેશા તેમની ખામીઓ અને અપૂર્ણતાને સુધારવાનો પ્રયાસ કરતા હોય છે, પરંતુ રાહુલને લાગે છે કે તે બધું જ જાણે છે.

**3. રાહુલે 2019માં પાર્ટી અધ્યક્ષ પદ છોડ્યું, જે બોલ્યા તે ન કર્યું :** પ્રશાંત કિશોરે કહ્યું- 2019ની ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ રાહુલે કોંગ્રેસ અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. ત્યારે તેમણે લખ્યું હતું કે તેઓ પીછેહઠ કરશે અને પાર્ટીની જવાબદારી અન્ય કોઈને સોંપશે.

## વડોદરાના સનાપુર પાસે કપાસ લઈને જઈ રહેલા ખેડૂતને આગથી મોટું નુકસાન; ડ્રાઈવર-ક્લીનરનો આબાદ બચાવ

# વડોદરાના સનાપુર પાસે કપાસ ભરેલી આઈસર સળગી ઊઠી

(એજન્સી) વડોદરા | તા.07

ગતરોજ વડોદરાના કરજણના સનાપુરા ગામ પાસે કપાસ ભરેલા આઈસર ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જેની જાણ થતાં આઈસર ચાલાક અને ક્લીનર તાત્કાલિક નીચે ઉતરી ગયા હતા અને ફાયર વિભાગને જાણ કરી હતી. જેથી ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. આગના બનાવમાં કપાસ અને આઈસર ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી. ખેડૂતનો તૈયાર માલ આગમાં બળીને ખાખ થતા મોટુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

જિલ્લાના કરજણ પાસે આવેલ નારેશ્વરથી પાલેજ તરફ જતા વચ્ચે સનાપુરા ગામના પાટિયા પાસે આ આગનો બનાવ સામે આવ્યો હતો. કપાસ ભરીને જતા આઈસર ટ્રકમાં અચાનક આગ ભભૂકતાની સાથે સમયસૂચકતા દાખવી ચાલાક અને ક્લીનર ટ્રક છોડીને દૂર નાસિજતા આબાદ બચાવ થયો હતો. દરમિયાન ફાયર વિભાગને જાણ કરતા ફાયર વિભાગ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવ્યો હતો. પરંતુ, કપાસથી ટ્રક ભરેલ હોવાથી જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા કપાસ અને ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી.

કરજણ ફાયર વિભાગના ફાયર ફાઈટરોએ આઈસર ટ્રકમા લાગેલી આગ પર કાબુ મેળવવા ભારે જહેમત ઉઠાવી પડી હતી. આ વાહનમાં કપાસ હોવાથી તે ઝડપી આગ પકડી લેતા લગભગ 30 મિનિટથી વધુ સમય બાદ આગ કાબુમાં આવી હતી.

જો કે, ખેડૂતનો જે કઈ કપાસ હતો, તે સંપૂર્ણ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. આ આગના બનાવને લઈ ખેડૂતે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.



### ઉનાળામાં આગના બનાવોમાં વધારો

ઉનાળાની શરૂઆત છે, ત્યારે હાલમાં આગના બનાવો સામે આવી રહ્યા છે. પરંતુ જેમ જેમ અકારો ઉનાળો થશે તેમ ફાયરના કોલમાં સતત અધરો જોવા મળશે. ત્યારે કોઈ પણ સામાન્ય બેદરકારી મોટું રૂપ ધારણ કરે તે પૂર્વે લોકોએ પણ સાવચેતી રાખવાની જરૂર છે. જો કે, ખેડૂતનો જે કઈ કપાસ હતો, તે સંપૂર્ણ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. આ આગના બનાવને લઈ ખેડૂતે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

# ટેન્ડરની મુદત પૂરી છતાં મીની બજારમાં કોન્ટ્રાક્ટર ગેરકાયદે પાર્કિંગ ચાર્જ વસૂલે છે

■ વરાછાના મિનીબજાર મલ્ટીલેયર પાર્કિંગ વસૂલાતો પાર્કિંગ ચાર્જ

(એજન્સી) સુરત | તા.07

વરાછા મિની બજાર સ્થિત સરદાર સ્મૃતિ ભવનની બાજુમાં પાલિકાના મલ્ટિલેયર પાર્કિંગનું ટેન્ડર પૂર્ણ થવા છતાં વાહન પાર્કિંગ ચાર્જ વસૂલાય રહ્યાની ફરિયાદ ઊઠી હતી. આ અંગે વરાછા ઝોને ટેન્ડર પૂર્ણ થતા ફ્રી પાર્કિંગના બોર્ડ માર્યા હતાં પરંતુ કોઈએ ફાડી નાખ્યાનું જણાવી તંત્ર બચાવ કરી રહ્યું છે. આ પાર્કિંગ માટે નવી એજન્સી નિમણૂક અને એક્સ્ટેન્શનની પ્રક્રિયા આચાર સંહિતાના લીધે અટકી હોવાનું પણ જણાવ્યું હતું.




વરાછાના મિની બજારમાં ડાયમંડની ઓફિસોની સાથે સતત લોકોની અવરજવર હોવાથી સરદાર સ્મૃતિ ભવનની બાજુમાં પાલિકા સંચાલિત મલ્ટિલેયર પાર્કિંગ ખુબ ઉપયોગી સાબિત થાય છે. તેવામાં આ પાર્કિંગનું ટેન્ડર પૂર્ણ થઈ ગયા પછી પાલિકાના વરાછા ઝોન દ્વારા કબજો મેળવવા અને નવેસરથી ટેન્ડરિંગ પ્રક્રિયા માટે કવાયત કરાઈ હતી. જે તે સમયે ટેક્નિકલ વિભાગે નવી એજન્સીની નિયુક્તિ માટે બે મહિના પહેલા ટેન્ડરિંગ પ્રક્રિયા કરી હતી પરંતુ સિંગલ એજન્સી હોવાથી ટેન્ડર દફતરે કરાયા હતાં. હવે આ પ્રક્રિયા આચાર સંહિતાના લીધે અટકી પડી હોવાથી નવી નિમણૂક થઈ શકી નથી. તેવામાં એક્સ્ટેન્શન માટે અરજી કરાઈ હતી.

જોકે ઝોનના ઈન્ચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર ધનંજય રાણેએ કહ્યું કે, એક્સ્ટેન્શન અરજી પર હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. આદર્શ આચારસંહિતાના લીધે કાર્યવાહી થઈ શકી ન હોવાથી મલ્ટિલેયર પાર્કિંગમાં ફ્રિ પાર્કિંગના બોર્ડ મરાયા હતાં પરંતુ કોઈએ ફાડી નાખ્યા હોવાથી બે દિવસ પહેલાં પણ ફ્રિ પાર્કિંગના બોર્ડ લગાવાયા હોવાનું તેમણે ઉમેર્યું હતું. જો ચાર્જ વસૂલાતો હશે તો તપાસ કરાશે તેમ ઈન્ચાર્જ AMC રાણેએ જણાવ્યું હતું.

## બાઈકસવાર અન્ય યુવકને ઈજા થતાં સારવાર હેઠળ

# ડભોઈ ખાડીની રેલિંગ સાથે બાઈક અથડાઈ, ચાલક પટકાતા મોત થયું

(એજન્સી) બારડોલી | તા.07



બારડોલી તાલુકાનાં ઈસરોલી ગામની સીમમાં તાજપોર કોલેજ નજીક આવેલ ડભોઈ ખાડીના પુલ પર મોટર સાઈકલ પુલના રેલિંગ સાથે અથડાતાં મોટર સાઈકલ ચાલકનું મોત થયું હતું. જ્યારે પાછળ સવાર યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

હાલ મહુવા તાલુકાનાં અમરોલી ગામે તળાવ કિનારે તંબુમાં રહેતો નીરજકુમાર બ્રિજકિશોર રાયના રોજ પોતાના વતન બિહારના મોતીહારી જિલ્લાના ખગની ગામથી તેના મિત્ર સુનિલ પારસ રાય સાથે આવ્યો હતો. બંને જણા અમરોલી ગામે ચાલતા તળાવના કામમાં હિતાચી મશીન પર હેલપરનું કામ કરતાં હતા. શનિવારે સવારના તેઓ બંને ગામના સંદીપ રણજીત હળપતિની મોટર સાઈકલ લઈને બારડોલી ખાતે ટિફિન લેવા માટે ગયા હતા. ધુલિયા ચોકડીથી ટિફિન લઈને તેઓ પરત અમરોલી જવા નીકળ્યા હતા. ત્યારે તાજપોર કોલેજથી આગળ આવેલ ડભોઈ ખાડીના પુલ પાસે ચાલક નીરજકુમારે મોટર સાઈકલને બ્રેક કરતાં તેની મોટર સાઈકલ બેકાબૂ થઈને સામેની તરફ ખાડીની રેલિંગ સાથે અથડાયા બાદ રોડની સાઈડે ઉતરી ગઈ હતી. પાછળ બેસેલ સુનિલ રાય રોડ પર પટકાયો હતો જ્યારે નીરજ મોટર સાઈકલ સાથે રેલિંગમાં અથડાતાં તેને ગંભીર ઈજા થઈ હતી. બંનેને સારવાર અર્થે બારડોલીની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ફરજ પરના તબીબે નીરજને મૃત જાહેર કર્યો હતો. જ્યારે સુનિલની સારવાર ચાલી રહી છે.

# મિલકત પડાવવા પિતાને ગોંધી અપહરણ કરનાર બે પુત્રો સહિત 4 શખ્સો પકડાયા



(એજન્સી) વડોદરા | તા.07

મકરપુરા એરફોર્સ પાછળ જયરામનગરમાં રહેતા નાગેશ્વર પ્રસાદ પાસે તેમના બંને પુત્રો નૌલેશ પ્રસાદ અને કમલેશ પ્રસાદ મિત્રોએ આવી ઝઘડો કર્યો હતા. ત્યારબાદમાં પુત્રના મિત્ર અમર અને તુષારે નાગેશ્વરભાઈને પકડી રાખ્યા હતા. બંને ભાઈએ ભેગા મળીને પિતાનું એટીએમ કાર્ડ, ઘરના દસ્તાવેજ, ભાડા કરાર, 5 હજાર રોકડા અને તિજોરીમાંથી તમામ દાગીના લઈ લીધા હતા. જે બાદ તેઓ નાગેશ્વરભાઈને જબરજસ્તી બાઈક પર બેસાડીને કમલેશના ઘરે લઈ ગયા હતા. જ્યાં તેઓને એક રૂમમાં હાથ-પગ બાંધીને ગોંધી રાખાયા હતા.

બીજા દિવસકારમાં બેસાડીને માંજલપુર વિસ્તારમાં એક નોટરી પાસે લઈ ગયા હતા. જ્યાં તેઓએ સ્ટેમ્પ પેપરો ઉપર જબરજસ્તી સહીઓ કરાવી હતી. સહી કરાવી લઈને બંને પુત્ર પિતાને ટ્રેનમાં બેસાડીને ઉત્તર પ્રદેશ દીકરીના ઘરે લઈ ગયા હતા.` સુરત પોતાના સંબંધીના ઘરે આવી ગયા હતા.ત્યારબાદ તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવને પગલે પોલીસે આરોપીઓને હાજર થવા નોટિસ આપી હતી. જેના આધારે બે પુત્રો સહિત અન્ય બે મિત્ર પોલીસ સ્ટેશન હાજર થયા હતા.

## વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ વેપારીએ આત્મહત્યા કરી લીધી

રાજકોટ | તા.07

શહેરની ભાગોળે ન્યારી ડેમ નજીક ગત તા.2ની બપોરે મેટોડા રહેતા ભજિયાંના વેપારી કૃણાલભાઈ સુરેશભાઈ વિષ્ણુસ્વામી નામના યુવાને ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. જે આપઘાત પાછળ વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી અને ધમકી કારણભૂત હોય મૃતકના ભાઈ કૌશિકભાઈએ રાજકોટના મીત ગઢવી, બ્રિજેશ લાલણી, લાલો, પટેલ અને રાતૈયા ગામના ઋષિરાજ જાડેજા સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. લોધિકાના મેટોડા ગામે જૂની ગ્રામપંચાયત પાસે રહેતા અને મેટોડા ગેટ પાસે બાપા સીતારામ ભજિયાંના નામથી વેપાર કરતા કૌશિકભાઈની ફરિયાદ મુજબ, પિતાના અવસાન બાદ ધંધો પોતે અને મોટાભાઈ કૃણાલભાઈએ સંભાળ્યો હતો. ચારેય પાસેથી નાણાં વ્યાજે લીધા બાદ તેમને રકમ ચૂકવી પણ દીધાની વાત કરી હતી. જેથી પઠાણી ઉઘરાણી કરતા મીત, બ્રિજેશ સાથે આ મુદ્દે વાત કરતા રૂપિયા લીધા છે તો આપવા તો પડશે તેમ કહી ધમકી આપી રહ્યાની વાત કરી હતી.

# વડોદરામાં બાઈકસવાર 10 ફૂટ ઊછળીને પટકાયો, મોત થયું; અન્ય યુવક ઈજાગ્રસ્ત

■ ન્યૂ વીઆઈપી રોડ પરસોત્તમ નગરના પરિવારનો ઈડર હાઈવે પાસે અકસ્માત

(એજન્સી) વડોદરા | તા.07

વડોદરાના લક્ષ્મીપુરા રોડ પર ડમ્પરે બાઈકચાલકને અડફેટે લેતાં ઘટનાસ્થળે જ યુવકનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું છે, જ્યારે બાઈકચાલક પાછળ બેઠેલા યુવકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત સર્જાતાં ઘટનાસ્થળે પોલીસ સહિત લોકોનાં ટોળાં ઊમટ્યાં હતાં. ઉપરાંત આ અકસ્માત સર્જાતાં અનેક સવાલો પણ ઊભા થઈ રહ્યા છે, કારણ કે જે જગ્યાએ અકસ્માત સર્જાયો ત્યાં સ્થાનિકો દ્વારા અનેકવાર બમ્પ બનાવવા અંગે તંત્રને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ આજ સુધી બમ્પની કામગીરી નહીં થતાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો અને ડમ્પરચાલક સામે કડક કાર્યવાહી કરવામાં આવે એવી માગ પણ કરી હતી.

**તંત્ર અને ટ્રાફિક-પોલીસ સામે સવાલ**

પરંતુ સવાલ એ થઈ રહ્યો છે કે શહેરમાં ભારદાર વાહનો પર પ્રતિબંધ હોવા છતાં બેફામ ફરી રહ્યા છે, ત્યારે ટ્રાફિક-પોલીસ સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. આ બનાવ અંગે સ્થાનિકો દ્વારા વારંવાર અહીં બમ્પ લગાવવા અંગે રજૂઆત કરાઈ છે છતાં તંત્ર દ્વારા બમ્પ લગાડવામાં આવતો નથી, ત્યારે સ્થાનિકો પણ રોષે ભરાયા હતા. અકસ્માત સ્થળે લોકોનાં ટોળેટોળાં ઊમટ્યાં હતાં અને આ સમગ્ર ઘટનાને લઈ લોકોએ ડમ્પરચાલક સામે કડક કાર્યવાહી કરવામાં આવે એવી માગ કરી હતી. હાલ પોલીસે આ મામલે ફરિયાદ નોંધવાનો તજવીજ આરંભી છે.



**ડમ્પરચાલકે બાઈકસવારને ટક્કર મારી :** વડોદરાના લક્ષ્મીપુરા રોડ પર સ્વામી વિવેકાનંદ હાઈટ્સ પાસે ચાર રસ્તે અકસ્માતની ઘટના બની છે, જેમાં ડમ્પરચાલકે બાઈકચાલકને જોરદાર ટક્કર મારતાં યુવક 10 ફૂટ હવામાં ઊછળીને પટકાયો હતો. બાઈકમાં બે યુવક સવાર હતા, જે બે પૈકી એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય યુવકને ઈજા થતાં સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતાં લક્ષ્મીપુરા પોલીસ તેમજ એસીપી બી ડિવિઝન સ્થળ પર દોડી આવ્યા હતા. અકસ્માત ભયાનક હોવાથી તાત્કાલિક સ્થાનિક કોર્પોરેટર અને આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. આ અકસ્માત સર્જનાર ડમ્પરચાલકની પોલીસે અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## 31 કરોડનો પ્રોજેક્ટ અધૂરો છતાં કોન્ટ્રાક્ટરને 20 કરોડ ચૂકવાઈ ગયા, વધુ 3 કરોડ ચૂકવવાની દરખાસ્ત મંજૂર

# પૈસા પાણીમાં: પાલિકાએ પોલિસીની મંજૂરી વગર જ 8 કરોડના પાણીનાં મીટર નાખ્યાં, પ્રોજેક્ટ ફેલ

(એજન્સી) વડોદરા | તા.07

વીજ કંપનીએ વીજચોરી રોકવા પ્રિપેઈડ મીટર લગાવવાનું શરૂ કર્યું છે. બીજી તરફ 2014-15માં પાલિકા વોટર મીટર લગાવી 24 કલાક પાણી મળે તેવો પ્રોજેક્ટ લાવી હતી. જોકે, 31.49 કરોડની વોટર મીટર પોલિસીને રાજકીય ઈચ્છાશક્તિના અભાવે 6 વર્ષે પણ મંજૂરી અપાઈ નથી. જ્યારે પ્રોજેક્ટ અધૂરો છે અને કોન્ટ્રાક્ટરને 20.67 કરોડ ચુકવણું કરી દેવાયું છે. અમદાવાદ બાદ વડોદરામાં 24 કલાક પાણી આપવા પ્રોજેક્ટ લવાયો હતો. જેમાં નોર્થ હરણી, છાણી, સયાજીપુરા, કપુરાઈમાં ટાંકી-સંપ બનાવ્યા હતા. કોન્ટ્રાક્ટરે 16,500 મીટરો બેસાડ્યાં હતાં. જોકે પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં પ્રેશરનો પ્રશ્ન સર્જાયો હતો. તે સમયે પાણી પુરવઠા વિભાગે હાઉસ હોલ્ડ કનેક્શન માટે વોટર મીટર પોલિસી બનાવી હતી, જેને માર્ચ-2018માં સભામાં મુકાઈ હતી, પણ રાજકીય ઈચ્છાશક્તિને અભાવે 6 વર્ષે પણ મંજૂરી અપાઈ નથી. અધૂરો પ્રોજેક્ટ છતાં કોન્ટ્રાક્ટરને અગાઉ 20.67 કરોડ ચૂકવાયા હતા. જ્યારે નવેમ્બર-2023માં કોન્ટ્રાક્ટરને ડિપોઝિટ અને બાકીના 3.17 કરોડના ચૂકવવાની દરખાસ્ત મંજૂરી કરાઈ હતી. સત્તાપક્ષ ભાજપે નિર્ણય ન લેતાં પ્રોજેક્ટ નિષ્ફળ ગયો હતો. સૂત્રો મુજબ પાલિકાએ 10 કરોડના ખર્ચે મીટર ખરીદ્યાં હતાં. જેમાંથી 16,500 મીટર 5 ટાંકી વિસ્તારમાં નાખ્યાં હતાં. આજવા રોડ ટાંકીના સ્ટોર રૂમમાં 2 કરોડના 8 હજાર વોટર મીટર ધૂળ ખાઈ રહ્યા છે. અનેક વિસ્તારમાં મીટર લગાવ્યા બાદ પાણી ઓછા પ્રેશરથી મળતું હોવાની ફરિયાદો ઊભી થઈ હતી. આ પાઈલટ પ્રોજેક્ટ હતો. પ્રોજેક્ટ ફેલ નથી ગયો, પરંતુ રાજકીય અને વહીવટી ઈચ્છાશક્તિ જ ન હતી. ખરેખર વોટર મીટર મૂકવાથી કઈ વ્યક્તિ પાણીનો કેટલો અને કયા કારણોસર વપરાશ કરે છે તેની માહિતી મળે છે. મારા કાર્યકાળમાં 2 ટાંકી વિસ્તારમાં વોટર મીટર ઈન્સ્ટોલ થયાં હતાં અને પોલિસી પણ તૈયાર હતી. પ્રોજેક્ટનો ફરીથી કકડ પણે અમલ કરવો જોઈએ. આજવા અને ફાજલપુર સહિતના સ્રોતથી આવતા પાણીનો કેટલો વેડફાટ થાય છે તેનો હિસાબ જ નથી.



## સુરતથી વડોદરા જતી કારને બેફામ ડમ્પરે ટક્કર મારી...




(એજન્સી) સુરત | તા.07

સુરત | અંકલેશ્વરમાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આઝાદ શટલ સર્વિસની પાસે બેફામ ડમ્પરે સુરતથી વડોદરા તરફ જઈ રહેલા પરિવારની કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે અકસ્માત બાદ ડમ્પરનો ચાલક ઘટનાસ્થળથી ભાગી ગયો હતો. સુરતથી વડોદરા જતા કારચાલક પરિવારને અંકલેશ્વર હાઈવે પર આઝાદ શટલ સર્વિસ પાસે ડમ્પર સાથે અકસ્માત થયો હતો જો કે આ ઘટનામાં કાર ચાલક પરિવારનો આબાદ બચાવ થયો હતો. ડમ્પર ચાલક ડમ્પર ઘટના સ્થળે છોડીને ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ફરાર ડમ્પર ચાલકની શોધ હાથ ધરી છે. અકસ્માતને પગલે ટ્રાફિક સર્જાયો હતો. જેને હાઈવે ઓથોરિટી એ અકસ્માતગ્રસ્ત વાહન દૂર કરી પુનઃ કાર્યવંત કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### 37 ડિગ્રી ગરમીમાં પેસેન્જરોને ઊભા રખાતા ફરિયાદ કરાઈ



### એરપોર્ટ એરિયામાં 25થી વધારે મુસાફરોને મુશ્કેલી પડી...

સુરત | સુરત આવેલી ઈન્ડિગો ફ્લાઈટમાં આવેલા પેસેન્જરોને ભરબપોરે તડકામાં ઉભા રખાતા ફરિયાદ થઈ છે. આશરે 25થી વધારે મુસાફરોને મુશ્કેલી અનુભવાઈ હતી.

બોર્ડિંગ માટે ઈન્ડિગો એરલાઈન્સના પેસેન્જરોને તડકામાં ઊભા રખાતા એક પેસેન્જરે ઈન્ડિગો એરલાઈન્સને ફરિયાદ કરી છે. ઈન્ડિગો એરલાઈન્સ આટલું અસંવેદનશીલ કઈ રીતે હોય શકે છે, સુરતના 37 ડિગ્રી તાપમાન વચ્ચે મુસાફરો બસની રાહ જોતા ઉબા રહ્યા હતા.

### નવું ચૂંટણી કાર્ડ કઢાવવા શું કરવું, 280થી વધુ ફરિયાદો

વડોદરા | લોકસભાની ચુંટણીની જાહેરાત સાથે આચાર સંહિતાનો અમલ શરૂ કરાયો છે. જેમાં નાગરિકો મુશ્કેલીઓ વિશે ફરિયાદ નોંધાવતા હોય છે. અને તેના નિકાલ માટે 24 કલાક કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. શનિવાર સુધીમાં આચાર સંહિતાના ભંગને લાગતી 39 ફરિયાદો ઓનલાઈન એપ્લિકેશન દ્વારા મળી છે. જેમાંથી મહત્તમ ફરિયાદો રાત્રીના 9થી 1 દરમિયાન કરવામાં આવી છે. આ સિવાય ફરિયાદ મળતાં જ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા આ વિગતોને આધાર પર જે મુદ્દાઓને લઈ થયેલી ફરિયાદોને દૂર કરવા માટે સ્ટેટસ રિપોર્ટ મુકી દેવાના આદેશ અપાયા છે. C-VIGIL એપ્લીકેશનમાં મળેલી ફરિયાદોમાં દીવાલો પરના લખાણો, સ્લોગનને દૂર કરવા, નાણાંકિય વ્યવહારો, જાહેર જગ્યાઓ પર પરવાનગી વગરના રાજકીય પક્ષોના બેનર તથા પોસ્ટર દૂર કરવા અંગેની ફરિયાદો મળી છે. 24 કલાક ચાલતા આ કક્ષમાં આચાર સંહિતાના ભંગને લગતી ફરિયાદો નોંધાવા માટે 1951 ટોલ ફ્રી હેલ્પલાઈન કાર્યરત છે. C-Vigil હેલ્પલાઈન પર કોલ આવે છે. તેને સમય મર્યાદા પૂર્ણ થતાં પહેલાં નિકાલ પણ કરવામાં આવ્યા છે. C-Vigil એપ્લિકેશનનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

### પાર્સલ મોકલ્યાનું કહી ગઠિયા પ્રૌઢાના 4.15 લાખ ઓળવી ગયા

રાજકોટ |શહેરના જાગનાથ વિસ્તારમાં રહેતા પ્રૌઢા સાથે તેના સોશિયલ મીડિયાના મિત્રએ છેતરપિંડી આચરી હતી. પ્રૌઢાને મદદ કરવાના બહાને ગઠિયાએ રોકડ અને સોનું ભરેલું પાર્સલ મોકલ્યાનું કહી કસ્ટમ ડ્યૂટીના નામે પ્રૌઢા પાસેથી રૂ.4.15 લાખ ઓનલાઈન પડાવ્યા હતા.

જાગનાથ મંદિર પાછળના મહાવીર એપાર્ટમેન્ટમાં રહેતા કિરણબેન ચંપકલાલ તન્ના (ઉ.વ.50)એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં નારસપા નાયક નામના ફેસબુક આઈડી ધારકનું નામ આપ્યું હતું. કિરણબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે તેમના મોબાઈલમાં ફેસબુક એકાઉન્ટ ધરાવે છે, પાંચેક મહિના પૂર્વે નારસપા નાયક નામના આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતાં તેમણે રિક્વેસ્ટ સ્વીકારી હતી અને મિત્ર બન્યા હતા. બાદમાં એ શખ્સે કિરણબેનને કહ્યું હતું કે, તમને એક પાર્સલ મોકલ્યું છે અને બીજા દિવસે એક નંબર પરથી ફોન આવ્યો હતો અને ફોન કરનારે પોતે દિલ્હી કસ્ટમ ઓફિસથી બોલે છે અને પાર્સલ આવ્યું છે તેના કસ્ટમ ડ્યૂટીના રૂ.65 હજાર ભરવાના રહેશે જે તમામ રકમ રિફંડેબલ છે તેમ કહ્યું હતું.

### જંગલ ખાતાની હેરાનગતિ સામે આક્રોશ

ઊના | ગીર ગઢડા તાલુકાના લગભગ 15 થી 20 ગામો ઉપરાંત નેશમાં વસતા તેમજ પ્રજાજનોના હિતમાં તેમજ પડતી મુશ્કેલીઓને લઈને ફરેડાના જેઠાભાઈ રામભાઈ બારૈયા 15 દિવસથી આંદોલન કરી રહ્યાં છે.જેમના સમર્થન માં આજે ગીર ગઢડા તાલુકો સજ્જડ બંધ કરી લોકોએ સમર્થન આપ્યું છે અને વિવિધ માગણીઓ સાથે રજુઆત કરી છે જેમાં જંગલ ખાતા દ્વારા જંગલ બોર્ડર ઉપર આવેલ ગામ લોકો તેમજ ખેડુતોને હેરાન કરાઈ છે.જંગલમાં આવેલા ધાર્મિક સ્થળો બાણેજ, પાતળેશ્વર મહાદેવ, ટપકેશ્વર મહાદેવ ઉપર દર્શનાથે જતા આવતા શ્રધ્ધાળુઓને અધિકારીઓને આજીજી કરવી પડે છે. તેમજ અમારા તાલુકાના વિસ્તારના ખેડુતોના માલઢોરના ચરિયાણ હક્કો મળતા નથી. સેટલમેન્ટ ખેડુતોના પ્રશ્નો,વન્ય પ્રાણીઓ દ્વારા ખેડુતોના ઉભા પાકને થતુ નુકશાન તથા તેના માટેનું યોગ્ય વળતર મળવું જોઈએ.જંગલ બોર્ડર ઉપર જંગલ ખાતા દ્વારા વસાવેલ નેશમાં લાઈટ, પાણી રસ્તાની પ્રાથમિક સુવિધા સહિતના પ્રશ્નો ઉકેલવાની માંગ કરવામાં આવી છે. વન વિભાગ હેરાન કરતો હોય અને આર એફ ઓ પોતાની મન માની ચલાવી લોકો ની પરેશાન કરતાં હોય તેવા પણ આમરણ ઉપવાસ આંદોલન પર બેસેલા જેઠાભાઈ રામભાઈ બારૈયા દ્વારા આક્ષેપો કરાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### માવઠાની આગાહી વચ્ચે પણ 29,553 હેક્ટરમાં વિવિધ પાકનું બમ્પર વાવેતર

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરનો અંતિમ રિપોર્ટ સરકારને મોકલાયો છે. તે પ્રમાણે દહેગામ, ગાંધીનગર, કલોલ અને માણસા તાલુકામાં મળીને ૨૯,૫૫૩ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકની બમ્પર વાવણી ખેડૂતોએ કરી છે. ગત વર્ષે ૨૩,૧૮૭ હેક્ટરની સરેરાશ સામે ૫ હજાર હેક્ટર વધુ વાવેતર બાદ આ વર્ષે પણ છેલ્લા ત્રણ વર્ષની ૨૪,૩૫૯ હેક્ટરની સરેરાશ સામે ૫ હજાર હેક્ટર વધુ વિસ્તારમાં વાવેતર નોંધવામાં આવ્યું છે. રાજ્યના કૃષિ વિભાગના સુત્રો અનુસાર દહેગામ તાલુકામાં ૮,૫૪૮ હેક્ટરની સરેરાશ સામે ૧૦,૧૧૭ હેક્ટરમાં, ગાંધીનગર તાલુકામાં ૬,૩૯૯ હેક્ટરની સરેરાશ સામે ૮,૪૧૪ હેક્ટરમાં, કલોલ તાલુકામાં ૩,૨૦૪ હેક્ટરની સરેરાશ સામે ૩,૬૯૪ હેક્ટરમાં અને માણસા તાલુકામાં ૬,૨૦૭ હેક્ટરની સરેરાશ સામે ૭,૩૨૮ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો દ્વારા વિવિધ પાકનું વાવેતર કરાયું છે. જ્યારે ગત વર્ષે આ સમયગાળામાં દહેગામ તાલુકામાં ૯,૧૩૦ હેક્ટર વિસ્તારમાં, ગાંધીનગર તાલુકામાં ૭,૯૩૦ હેક્ટરમાં, કલોલ તાલુકામાં સૌથી ઓછું ૩,૪૪૬ હેક્ટરમાં અને માણસા તાલુકામાં ૬,૭૮૮ હેક્ટર વિસ્તારમાં વિવિધ ઉનાળુ પાકોનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવ્યુ હતું. ગત વર્ષે પણ ખેડૂતો દ્વારા શેરડી અને ડુંગળીનું વાવેતર કરાયુ ન હતું. પરંતુ ગુવારગમનું વાવેતર નગણ્ય કહી શકાય તેવું પણ થયુ હતું. જેનું પુનરાવર્તન આ વર્ષે પણ થયું છે.

### આઈપીએલ ક્રિકેટ ઉપર ઓનલાઇન સટ્ટો રમતા પાંચ ઝડપાયા : બે વોન્ટેડ

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર ક્રિકેટ સટ્ટાની પ્રવૃત્તિ વધી રહી છે ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પોલીસે ચાર અલગ અલગ સ્થળોએથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા પાંચ સટોડીયાઓને ઝડપી લીધા હતા જ્યારે એપ્લિકેશનનો પાસવર્ડ આપનાર બેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ૫૦ હજારનો મુદ્દામાલ પોલીસે આ સટોડીયાઓ પાસેથી જપ્ત કર્યો હતો.દર વર્ષે આઈપીએલની ક્રિકેટ મેચ શરૂ થતાની સાથે રાતોરાત રૂપિયા કમાવવા માટે યુવાનો સટ્ટાની પ્રવૃત્તિમાં સંકળાય જતા હોય છે અને લાખો રૂપિયા ખોઈ બેસતા હોય છે. જિલ્લામાં આ પ્રકારની પ્રવૃત્તિ સતત વધી રહી છે ત્યારે પોલીસ પણ મેચ ઉપર સટ્ટો રમતા સટોડીયાઓને પકડવા માટે દોડી રહી છે ત્યારે ગાંધીનગર એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન શહેરના રોડ નંબર ૬ ઉપર તુલસી એપાર્ટમેન્ટ પાસે આઈપીએલ ઉપર ઓનલાઇન ક્રિકેટ સટ્ટો રમતા મનોજ અમરતભાઈ પટેલ રહે, જી ૩૦૩ શ્યામ સ્ટેટસ સરગાસણ અને શુભમ ગિરીશભાઈ પટેલ રહે, પ્લોટ નંબર ૪૮ ઈન્દ્રપ્રસ્થ એવન્યુ સરગાસણને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી ૩૧ હજારનો મુદ્દામાલ કબજે કરી લીધો હતો બીજી બાજુ એપ્લિકેશનનો પાસવર્ડ આપનાર સેક્ટર-૨૪ના અનિલ જશુભાઈ સુથારની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

### એરંડાના ખેતરમાં ભેલાણ કરી ખેડૂત ઉપર દસ શખ્સોનો હુમલો

ગાંધીનગર | ગાંધીનગર શહેર નજીક આવેલા પિંડારડા ગામમાં ખેડૂતની જમીનમાં ભેલાણ કરીને સિક્યુરિટી ગાર્ડ ગોઠવી દેવામાં આવ્યા હતા. જે સંદર્ભે પૂછતા બે પિતરાઈ ભાઈઓ ઉપર દસ શખ્સોએ હુમલો કરીને જમીન અમે ખરીદી લીધી છે તમે અહીંથી નીકળી જાવ તેમ કહીને ધમકીઓ આપી હતી. આ સંદર્ભે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં જમીનોના ભાવ વધી રહ્યા છે ત્યારે જમીનના વિવાદ પણ વધતા જાય છે. આ સ્થિતિમાં ગાંધીનગર શહેર નજીક આવેલા પીંડારડા ગામમાં ખેડૂતની જમીનમાં ભેલાણ કરીને હુમલો કરવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે સંદર્ભે મુબારકપુર ખાતે રહેતા નિલેશ નટવરભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે કે, તેમના પિતરાઈ ભાઈ પંકજ ડાયાભાઈ પટેલ તેમના સંબંધી મનુભાઈ કાંતિભાઈ પટેલની પિંડારડા ગામ ખાતે આવેલી જમીન છેલ્લા ૨૫ વર્ષથી વાવતા આવ્યા છે ત્યારે ગત ગુરૂવારની રાત્રીના સમયે પંકજભાઈએ તેમને જાણ કરી હતી કે, પીંડારડાના ખેતરમાં કોઈ અજાણ્યા ઈસમોએ એરંડાનો પાક ખેડી નાખ્યો છે અને જેના પગલે તેઓ ખેતરમાં પહોંચ્યા હતા અને ત્યાં જોયું તો કોઈએ ભેલાણ કરી નાખ્યું હતું અને બે સિક્યુરિટી ગાર્ડ ગોઠવી દેવામાં આવ્યા હતા. જે સંદર્ભે આ સિક્યુરિટી ગાર્ડને પૂછતા તેમણે કોઈને ફોન કર્યો હતો અને ત્યારબાદ એક કારમાં દસેક જેટલા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને નિલેશભાઈ તથા પંકજભાઈને ગાળો બોલીને કહેવા લાગ્યા હતા કે, આ જમીન અમે વેચાણ રાખી છે અહીંથી જતા રહો તેમ કહીને ઝઘડો કરીને ગળદા પાટુનો માર મારવા લાગ્યા હતા. અહીંયા ફરીથી આવતા નહીં નહિતર તમારા હાથ પગ તોડી નાખીશું તેમ કહેતા બંને ભાઈઓ વધુ મારની બીકે ત્યાંથી નીકળી ગયા હતા ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે પહોંચ્યા હતા. હાલ આ સંદર્ભે પેથાપુર પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## હાથમાં ટેબ્લેટ સાથે ગુજરાતીમાં મતદાનલક્ષી માહિતી આપતું મેસ્કોટ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર



બોટાદ | 'નમસ્કાર... ઈલેક્શન મેસ્કોટ બોટરોન મતદાનલક્ષી સમગ્ર માહિતી સાથે બોટાદવાસીઓનુ સ્વાગત કરે છે...' હાથમાં ટેબ્લેટ, સરળ અને તમામ લોકોને સમજાય તેવી આપણી જ ગુજરાતી ભાષામાં મતદાનલક્ષી તમામ માહિતી આપતુ ઈલક્શન મેસ્કોટ બોટરોન બોટાદ જિલ્લામાં નાના-મોટા સૌ કોઈ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રેલવે સ્ટેશન હોય કે બસ સ્ટેન્ડ, શોપિંગ માલ હોય કે પછી અન્ય જાહેર જગ્યા... જ્યાં નાગરિકોની વધુ અવરજવર રહેતી હોય તેવા તમામ વિસ્તારોમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈલેક્શન મેસ્કોટથી લોકોને મતદાનની સમગ્ર પ્રક્રિયાથી વાકેફ કરાવવામાં આવી રહ્યા છે. બોટાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડો.જીન્સી રોયની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ વખત બોટાદ જિલ્લામાં લોકસભા ચૂંટણી-૨૦૨૪માં વધુમાં વધુ નાગરિકો મતદાન કરે અને લોકશાહીના મહાપર્વમાં જોડાય તે માટે બોટરોન નામક મેસ્કોટ દ્વારા મતદાન જાગૃતિનો આ નવતર પ્રયોગ બોટાદ જિલ્લામાં કરવામાં આવ્યો છે.

## આકાશમાંથી આકરો તાપ : 39.5 ડિગ્રી સાથે ભાવનગર હોટેસ્ટ સિટી

» બપોરે અંગ દઝાડતા તાપનો અહેસાસ, 24 કલાકમાં મહત્તમ તાપમાન 2.3 ડિગ્રી ઉંચકાયં : રાત્રે પણ ગરમીનું જોર રહ્યું

(એજન્સી) ભાવનગર | તા. 07

ભાવનગરમાં ઉનાળાની આકરી શરૂઆત થવા લાગી હોય તેમ સિઝનમાં પ્રથમ વખત ગરમીનો પારો ૩૯ ડિગ્રીની પાર પહોંચી ગયો હતો. બપોરના સમયે આકાશમાંથી આકરો તાપ વરસતા શહેરીજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. આકરી ગરમીની સાથે ભાવનગર રાજ્યનું હોટેસ્ટ સિટી બની રહ્યું હતું. ઉપરાંત રાત્રિના સમયે પણ ગરમીનું જોર વધું રહ્યું હોવાથી લઘુતમ તાપમાન ૨૭ ડિગ્રીને પાર પહોંચી ગયું હતું. રાજ્યમાં આજે શનિવારે ભાવનગરમાં હાઈએસ્ટ ગરમી રહી હતી. સવારથી જ સૂર્યનારાયણ આકરા મિજાજમાં હોય તેમ આભમાંથી અંગ દઝાડતો તાપ વરસ્યો હતો. ખાસ કરીને બપોરના સમયે ગરમીનું જોર વધું રહ્યું હોય, છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનનો પારો સડસડાટ ૨.૩ ડિગ્રી ઉંચકાઈને ૩૯.૫ ડિગ્રીએ પહોંચી ગયો હતો. હજુ તો એપ્રિલ માસની શરૂઆત છે. ત્યાં ઉનાળાની સિઝનમાં પ્રથમ વખત મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નજીક પહોંચી ગયું હતું, ત્યારે આગામી દિવસોમાં ઉનાળો વધુ આકરો બનશે તેવું લાગી રહ્યું છે. ૧૪ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે ધૂળની ડમરી ઉડતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વધુમાં રાત્રે પણ ગરમનું પ્રમાણ વધી જતાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાન ૧.૩ ડિગ્રી ઉંચકાઈને ૨૭.૧ ડિગ્રી રહ્યું હતું.

રાજ્યના બે શહેરોમાં આજે મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી કે તેનાથી વધુ નોંધાયું હતું. જેમાં ૩૯.૫ ડિગ્રી સાથે ભાવનગર રાજ્યનું ગરમ શહેર રહ્યું હતું. તો રાજકોટમાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## તળાજા નજીક 16 વ્હીલનું ટોરસ નાળામાં ખાબક્યું, ડ્રાઈવરનું મોત

(એજન્સી) તળાજા | તા. 07

તળાજાના શેત્રુંજી પુલ નજીકના નાળામાં પરોઢિયાના સમયે સોડાએસ પાવડરનો જથ્થો ભરેલો ૧૬ વ્હીલનો ટોરસ ટ્રક પલટી મારી જતાં ડ્રાઈવરનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ ઘટનાને કારણે હાઈવે બ્લોક થઇ ગયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર જૂનાગઢ જિલ્લાના કેશોદમાં રહેતા જીવાભાઇ ગોગનભાઇ કરમટા સુત્રાપાડાથી જીએસસીએલનો સોડાએસનો પાવડર ભરીને ભાવનગર આવવા નીકળ્યા હતા. દરમિયાનમાં આજે શનિવારે વહેલી સવારે ૫-૩૦ કલાકના અરસામાં સોડાએસ ભરેલો ૧૬ વ્હીલનો ટોરસ ટ્રક નં.જીજે.૩૨.વી.૦૦૪૩ તળાજા પાસે શેત્રુંજી નદીના પુલ ઉપરથી પસાર થઇ રહ્યો હતો. ત્યારે ડ્રાઈવરની બેદરકારીના કારણે તેણે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા ટોરસ ટ્રક પાળી તોડીને પંદરેક ફૂટ ઊંડા નાળામાં ધડાકાભેર ખાબક્યો હતો. જે બનાવમાં જીવાભાઇ કરમટાને ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે ટોરસમાં ભરેલા સોડાએસના પાઉડરની થેલીઓ રોડ ઉપર વેરાતા હાઈવે પર એક તરફનો માર્ગ બ્લોક થઇ ગયો હતો. ઘટનાની જાણ થતાં તળાજા પોલીસે સ્થળ પર દોડી જઇ લોકોની મદદથી ત્રણેક કલાકની જહેમત બાદ મૃતક ટ્રકચાલકના બોડીને બહાર કાઢી પોસ્ટમાર્ટમ માટે રેફરલ હોસ્પિટલ ખસેડયો હતો. આ અકસ્માતના બનાવમાં આગળના વ્હીલ ચેસીસથી અલગ થઇ ગયા હતા. ઘટના સંદર્ભે અરજણભાઈ વીરાભાઈ કરમટા (ઉ.વ.૩૦, રહે, ગંગનાથપરા, કેશોદ, જિ.જૂનાગઢ)એ તેના કાકાના દિકરા મૃતક જીવાભાઇ કરમટા સામે તળાજા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૪એ, ૨૭૯, એમવી એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.તળાજાના શેત્રુંજી પુલ ઉપર ટોરસ પલટી મારી જવાની ઘટના બાદ સોડાએસ પાવડરની થેલીઓ રસ્તા પર વેરાતા રોડ બ્લોક થઇ ગયો હતો. જેથી પોલીસે સ્થાનિક લોકોની મદદ લઇ પાવડરની થેલીઓને સાઇડમાં કરાવી રોડ ખુલ્લો કરાવ્યો હતો.

## વિરપુરમાં ચાલુ કાર પર ચઢી વિદ્યાર્થીઓએ જોખમી સ્ટંટ કર્યા

» કોલેજના વાર્ષિકોત્સવમાં યુવાનો ભાન ભૂલ્યા, કેટલાક વિદ્યાર્થીઓએ શર્ટ પણ કાઢી નાંખ્યાં

જગદીશ ત્રિવેદી | ખારોલ, વિરપુરની આર્ટ્સ કોલેજના વાર્ષિકોત્સવ દરમિયાન કોલેજના ગ્રાઉન્ડમાં ચાલુ કાર પર ચઢી ગીતો પર ડાન્સ કરી, સ્ટંટ કરી રહેલા વિદ્યાર્થીઓનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિરપુરની કે.શી. શેઠ આર્ટ્સ કોલેજમાં વાર્ષિકોત્સવનું આયોજન કરાયું હતું. તે દરમિયાન કોલેજના ગ્રાઉન્ડમાં ૮થી ૧૦ વિદ્યાર્થીઓ ચાલુ કાર પર ચઢીને, બોનેટ પર બેસીને, ગીતો પર ડાન્સ કરી સ્ટંટ કરી રહ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. તેમજ કેટલાક વિદ્યાર્થીઓ શર્ટ કાઢીને ડાન્સ કરી રહ્યા હોવાનું વીડિયોમાં જણાઈ રહ્યું છે. જ્યારે ડ્રાઈવર સહિત અન્ય બે યુવકો કારની બારીમાંથી હાથ બહાર કાઢીને ડાન્સ કરી રહ્યા છે. ત્યારે વીડિયો વાયરલ થતાં કોલેજના અન્ય વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મૂકનારા વિદ્યાર્થીઓને કાયદાના પાઠ ભણાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.



## મહુવામાં ડ્રેનેજનું પાણી જાહેર માર્ગો પર છોડી લોકોના આરોગ્ય સાથે ચેડા

» નગરપાલિકાની મનમાની સામે શહેરીજનોમાં વ્યાપક રોષ, વેપારીઓને ભારે હાલાકી

(એજન્સી) મહુવા | તા. 07

મહુવા શહેરમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક જાહેર માર્ગો પર આવેલી ગટર લાઈનોમાં ડ્રેનેજનં પાણી નગરપાલિકા દ્વારા બેરોકટોકપણે છોડવામાં આવી રહ્યું છે.જેના કારણે શહેરીજનોને અસહ્ય દુર્ગંધ સહેવાનો વખત આવ્યો છે.ભર ઉનાળે મહુવા નગરપાલિકાની આ આળસ લોકોના આરોગ્ય પર ગંભીર અસર કરે તેમ છે. તંત્ર દ્વારા ડ્રેનેજ સાફ કરેલા પાણીને શહેરની બહાર ખુલ્લા વિસ્તારમાં નિકાલ કરવાનો હોય છે તેના બદલે મહુવાના સીટી વિસ્તારમાં જાહેર માર્ગો પર આવેલ ડ્રેનેજમાં આ પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. જયારે નેશનલ હાઈવે પર પણ આ પાણી છોડવામાં આવી રહ્યું છે તે કેટલા અંશે યોગ્ય ગણી શકાય ? ત્યારે આજુબાજુના રહીશો અને આ વિસ્તારમાં ધંધા રોજગાર લઈને બેઠેલા વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જાહેર માર્ગો પર ઠલવાતું આ પાણી શું મહુવા નગરપાલિકાના સત્તાધીશોને નજરે નહીં પડતું હોય તેવો પણ એક પ્રશ્ન મહુવાવાસીઓમાં ઉદભવી રહ્યો છે. આ ડ્રેનેજનું માથુ ફાટી જાય તેવી દુર્ગંધવાળુ દુષિત પાણી જાહેર માર્ગો પરની ડ્રેનેજમાં ઠાલવવામાં આવતું હોવાથી આ પાણીથી બીજા વિસ્તારોમાં પણ ગટરો ઉભરાતી હોય છે. જો નગરપાલિકા દ્વારા આ પાણીનો યોગ્ય નિકાલ થાય તો જ સ્થાનિક લોકોને આવા પ્રશ્નો પણ ન ઉદભવે અને લોકોને ભર ઉનાળે દુર્ગંધ ન સહેવી પડે.

## રાજકીય પક્ષોની હાજરીમાં ઇવીએમ અને વીવીપેટનું પ્રથમ રેન્ડમાઇઝેશન સંપન્ન

» 1649 ઇ.વી.એમ. તેમજ 1780 વીવીપેટ જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારના મદદનીશ ચુંટણી અધિકારીઓને સુપ્રત કરાશે

(એજન્સી) ગાંધીનગર | તા. 07

લોકસભાની ચૂંટણી માટે તંત્ર દ્વારા ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં હાજરીમાં ૧૬૪૯ ઈવીએમ બીયુ-સીયુ સાથે અને ૧૭૮૦ વીવીપેટ મશીનનું પ્રથમ રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું હતું. હવે, પાંચેય વિધાનસભા મતદાર વિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સુપ્રત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી પારદશતા સાથે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા નથામણ કરવામાં આવી રહી છે ત્યારે આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનનું પ્રથમ રેન્ડમાઇઝેશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.રેન્ડેમાઇઝેશન પ્રક્રિયા હાથ ધરતાં પહેલા જિલ્લા ચૂંટણી અધિકારીએ સમગ્ર રેન્ડેમાઈઝેશન પ્રક્રિયાની સમજ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આપતાં જણાવ્યું હતું કે, આજે જિલ્લાના મતદાન મથકોને લક્ષમાં રાખી ૧૨૫ ટકા બીયુ-સીયુ અને ૧૩૫ ટકા વીવીપેટનું રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના કુલ -૧૩૨૦ મતદાન મથકના ૧૨૫ ટકા એટલે કે ૧૬૪૯ જેટલા બીયુ-સીયુ સાથેના ઈવીએમ મશીનનું અને ૧૩૫ ટકા એટલે ૧૭૮૦ વીવીપેટ મશીનનું રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું છે.

## ઈલેક્ટ્રિક ઝટકા મશીનને અડી જતાં એક મહિલાનું મોત

## હરિપુરા ગામે વીજ કરંટથી મહિલાના મોત મામલે ખેડૂત સામે ગુનો નોંધાયો

(એજન્સી) આણંદ | તા. 07

ખંભાત તાલુકાના હરિપુરા ગામે આશરે દોઢેક માસ અગાઉ એક ખેતરમાં મુકેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનને અડી જતાં એક મહિલાનું મોત નિપજ્યું હતું. જેમાં એફએસએલનો રીપોર્ટ આવતા ખંભાત ગ્રામ્ય પોલીસે ખેતર માલિક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હરિપુરા ગામે આંબેખડા વિસ્તારમાં રહેતા રમેશભાઈ પ્રતાપસિંહ પઢીયાર પરિવાર સાથે ખેતરમાં રહે છે અને તેમની બાજુમાં અમરસિંહ નાથુભાઈ પઢીયાર સર્વે નંબર ૮૧૯વાળા ખેતરમાં પોતાનું મકાન બનાવી રહે છે. તેમના ખેતરમાં ઘાસચારો કરેલો હોવાથી પાકના રક્ષણ અર્થે તેમણે લોખંડના તાર બાંધી વાડ બનાવી છે. ગત તા.૧૫મી ફેબ્રુઆરીના રોજ સાંજના સુમારે રમેશભાઈના પત્ની રેખાબેન ખેતરમાં કામકાજ અર્થે બાજુમાં આવેલા અમરસિંહના ખેતર નજીક ગયાં હતાં. જો કે અમરસિંહે લોખંડના તારની વાડ કરી તેમાં ઈલેક્ટ્રિક મશીન ઝટકા મશીનનો વીજ પ્રવાહ પસાર કરેલો હોવાથી અકસ્માતે તારને અડી જતા રેખાબેનને વીજકરંટ લાગતા તેણી દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તને તુરત જ ૧૦૮ ઈમરજન્સી વાન મારફતે ખંભાતની હોસ્પિટલ ખાતે લઈ જવાયાં હતાં. જ્યાં તબીબે તેણીને મૃત જાહેર કર્યાં હતાં. જે તે સમયે ખંભાત ગ્રામ્ય પોલીસે અપમૃત્યુની નોંધ નોંધી લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી હતી. પીએમ બાદ લીધેલા નમૂના એફએસએલ કચેરી ખાતે તપાસની અર્થે મોકલાયા હતા. જેનો રીપોર્ટ આવતા મરણનું કારણ વીજકરંટ લાગવાથી થયું હોવાનું જણાતા ખંભાત ગ્રામ્ય પોલીસે રમેશભાઈની ફરિયાદના આધારે બાજુના ખેતર માલિક અમરસિંહ પઢીયાર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદમાં બનાવટી માર્કશીટ અને સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાનું કૌભાંડ ઝડપાયું

» ઉતરાખંડની યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ બનાવનાર બે શખ્સો ઝડપાયા, એક ફરાર

(એજન્સી) આણંદ | તા. 07

અલગ અલગ રાજ્યની સરકારી શૈક્ષણિક સંસ્થાના બનાવટી માર્કશીટો તથા સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાના કૌભાંડ આચરતા બે શખ્સોને આણંદ એસઓજી પોલીસે ઝડપી પાડયા હતા.આણંદ એસઓજી પોલીસની ટીમને ગત તા.૨૮મી માર્ચના રોજ બાતમી મળી હતી કે, આણંદની વેન્ડોર ચોકડી નજીક આવેલી શ્રીનાથજી શોપિંગ સેન્ટર ખાતે અંકિત પટેલ શિવ ઓવરસીઝ નામની એજન્સી ચલાવી છે અને વિદેશી જવા ઈચ્છતા ગ્રાહકોને બનાવટી માર્કશીટ તથા દસ્તાવેજો બનાવી આપી વિદેશ મોકલે છે. જેથી પોલીસે શિવ ઓવરસીઝ ખાતે છાપો મારતા અંકિત પટેલ (રહે.નવી અરડી, તા.(ઉમરેઠ) ઝડપાઈ ગયો હતો. પોલીસે ઓફિસમાંથી અલગ અલગ રાજ્યની અલગ અલગ શૈક્ષણિક સંસ્થાઓના સર્ટીફીકેટ તથા માર્કશીટોની ફોટોકોપી તથા સ્કેન કરેલી સોફ્ટ કોપી જપ્ત કરી હતી.

પોલીસે બે મોબાઈલ, લેપટોપ મળી કુલ રૂા.૬૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી માર્કશીટો તથા સર્ટીઓની ખરાઈ અંગે આણંદ શહેર પોલીસ મથકમાં જાણવા જોગ દાખલ કરવામાં આવી હતી. જેની વધુ તપાસમાં શિવ ઓવરસીઝ ખાતેથી મળી આવેલી માર્કશીટ તથા સર્ટીઓ ઉત્તરાખંડ, હેમવતીનંદન બહુગુડા ગઢવાલ યુનિવર્સિટીની ખરાઈ કરાવવા મોકલી આપી હતી અને આ સર્ટીઓ બનાવટી હોવાનું ખુલ્યું હતું. જેથી આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અંકિતકુમાર ગોપાલભાઈ પટેલ તથા ધવલ મોહનભાઈ પટેલ (રહે. પણસોરા, તા.(ઉમરેઠ)ને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. બપોરે ઉચ્ચ અધિકારી સાથેની ચર્ચાને કારણે કાયદાકીય પક્ષ નવો વળાંક લઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
આજે કાર્યક્ષેત્રમાં અધિકારી સાથે અથવા વ્યાવસાયિક ક્ષેત્રમાં બિઝનેસમેન સાથે તકરાર થઈ શકે છે. કાર્ય કુશળતાથી તમે દુશ્મનો પર જીત મેળવશો.

**મિથુન (ક,છ,ઘ)**
તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે.

**કર્ક (ડ,હ)**
દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે.

**સિંહ (મ,ટ)**
આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. બપોરે કેટલાક નવા કામની રૂપરેખા બનાવવામાં આવશે. ધ્યાનમાં રાખો કે આજે મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. બીજાને મદદ કરવામાં તમને જે આત્મ-સંતોષ મળે છે તેની તુલના અન્ય કોઈ આનંદ સાથે કરી શકાય નહીં.

**તુલા (ર,ત)**
નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. આવક અને ખર્ચની સ્થિતિ પણ સંતુલિત રહેશે.

**વૃશ્ચિક (ન,ય)**
આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. કોઈપણ નિર્ણય લેતી વખતે ભાવનામાં વહેશો નહીં.

**ધન (ભ,ધ,ફ)**
આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે.

**મકર (ખ,જ)**
આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવામાં સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે. નવા વર્ષમાં તમને નવી તકો મળી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ELON MUSKને પાછળ છોડી માર્ક ઝુકરબર્ગ દુનિયાના ત્રીજા નંબરના ધનિક બન્યા

(એજન્સી) મુંબઇ | તા. 07

વિશ્વના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માલિક માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. સ્થિતિ એ છે કે તે એલોન મસ્કને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. નવેમ્બર-2020 પછી પ્રથમ વખત માર્ક ઝકરબર્ગે એલોન મસ્કને પાછળ છોડી દીધા છે. માર્ક ઝકરબર્ગે શુક્રવારે આ સફળતા મેળવી હતી. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, માર્ક ઝકરબર્ગની સંપત્તિ (માર્ક ઝકરબર્ગ નેટ વર્થ) શુક્રવારે 5.65 ડોલર બિલિયન વધીને 187 બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. આ વર્ષે માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં 58.9 બિલિયન ડોલરનો વધારો થયો છે. શુક્રવારે તેની સંપત્તિમાં થયેલો આ વધારો ફેસબુકની પેરેન્ટ કંપની મેટાના શેરમાં થયેલા જંગી વધારાને કારણે થયો છે.

શુક્રવારે મેટા શેર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ઝકરબર્ગની કુલ સંપત્તિ 187 બિલિયન ડોલર છે. જ્યારે ઈલોન મસ્કની કુલ સંપત્તિ 181 બિલિયન ડોલર થઈ ગઈ છે અને તે વિશ્વના ચોથા સૌથી અમીર વ્યક્તિ છે. એલન મસ્કને આ વર્ષે 48.4 બિલિયન ડોલરનું નુકસાન થયું છે. જ્યારે શુક્રવારે જ તેમની સંપત્તિમાં 4.52 બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો.

### SUZLON ENERGY ને ટેક્સ નોટિસ, શેરના ભાવમાં નોંધાયો ઘટાડો, શું કહે છે નિષ્ણાતો

મુંબઇ | છેલ્લા એક મહિનામાં Suzlon Energy ના શેરમાં લગભગ 6 ટકાનો વધારો થયો છે. શેરે છેલ્લા 6 મહિનામાં 54 ટકા રિટર્ન આપ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં સ્ટોકમાં 11 ટકાનો વધારો જોવા મળ્યો છે. તેણે છેલ્લા એક વર્ષમાં 430 ટકાનું મજબૂત વળતર આપ્યું છે.રિન્યુએબલ એનર્જી સેક્ટરની કંપની સુઝલોન એનર્જીના શેરના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોમાં ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ ટ્રેડિંગ દિવસોમાં આ સ્ટોક લગભગ 2 ટકા ઘટ્યો છે. ગયા શુક્રવારે આ શેર 0.81 ટકાના ઘટાડા સાથે રૂ. 42.68 પર બંધ થયો હતો. જોકે, છેલ્લા એક વર્ષમાં શેરે 430 ટકાનું જબરદસ્ત વળતર આપ્યું છે. કંપનીનું માર્કેટ કેપ વધીને રૂ. 58,051.61 કરોડ થયું છે. શેરનો 52-વીક હાઇ રૂ. 50.72 અને 52- વીક લો રૂ. 7.91 છે.સુઝલોન એનર્જીને તાજેતરમાં આવકવેરા વિભાગ તરફથી ટેક્સ ડિમાન્ડ નોટિસ મળી છે. "તમને જણાવી દઇએ કે GST, તમિલનાડુએ કંપની પર દંડ લાદ્યો છે. સુઝલોને દંડની ચુકવણી કરી છે," કંપનીએ એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું. આ દંડ રૂ. 98.79 લાખનો છે. આ સિવાય માર્ચના અંતમાં આઈટી વિભાગે કંપની પર રૂ. 260.35 કરોડનો દંડ ફટકાર્યો હતો. આવકવેરા વિભાગના નેશનલ ફેસલેસ એસેસમેન્ટ સેન્ટરે આકારણી વર્ષ 2016-17 અને 2017-18ના કેસમાં આ કાર્યવાહી કરી છે.

### 3 મહિનામાં રૂપિયા કર્યા ડબલ, હવે 1 શેર પર 2 બોનસ શેર આપી રહી છે કંપની; રેકોર્ડ ડેટ કરી જાહેર

નવી દિલ્હી | રોકાણકારોને ગત એક વર્ષમાં મલ્ટીબેગર રિટર્ન આપી ચૂકેલી આઈટી સેક્ટરની કંપની નાપબુક્સે શનિવારે જાહેરાત કરી હતી કે, તેણે બોનસ ઈશ્યૂ માટે રેકોર્ડ ડેટ નક્કી કરી દીધી છે. કંપનીએ રજાના દિવસે આ જાહેરાત કરી છે, એવામાં સોમવારે કારોબારમાં શેર પર આ ખબરની અસર જોવા મળી શકે છે. શેરે તેના રોકાણકારોને બમ્પર રિટર્ન આપ્યું છે. 3 મહિનામાં શેર બમણાંથી વધારે વધ્યો છે. શેર શુક્રવારે 231 રૂપિયાના સ્તરથી ઉપર બંધ થયો છે.કંપનીએ શું જાહેરાત કરી?- શનિવારે શેરબજારને આપેલી જાણકારીમાં કંપનીએ જણાવ્યું કે, તેણે 6 એપ્રિલ 2024ના રોજ થયેલી EGMમાં બોનસ ઈશ્યૂના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે અને બોનસ ઈશ્યૂ માટે 19 એપ્રિલ 2024ને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરવામાં આવી છે. એટલે કે, 19 એપ્રિલે જે રોકાણકારોના નામ કંપનીના રેકોર્ડમાં શેરધારકના રૂપમાં હશે, તેમને જ બોનસ શેરનો ફાયદો મળશે. કંપનીએ તેના રોકાણકારોને 10 રૂપિયાની ફેસ વેલ્યૂવાળા દરેક શેર પર 2 બોનસ શેર આપવાની જાહેરાત કરી છે. એટલે કે, 19 એપ્રિલથી જે રોકાણકારોની પાસે 1 શેર હશે, તેમની પાસે 19 એપ્રિલ બાદ કુલ 3 શેર થઈ જશે, જેમાં એક પહેલાથી હશે તે શેર અને 2 બોનસ શેર સામેલ હશે. જ્યારે, શેરનો બજાર ભાવ એડજસ્ટ થઈને 1/3 થઈ જશે.

### દુનિયાના સૌથી મોંઘા સેન્ડલ: કિંમત સાંભળીને આંખો ફાટી જશે, ભલભલા સ્ટારનું પણ કામ નથી

નવી દિલ્હી | મૂન સ્ટાર વિશ્વના સૌથી મોંઘા જૂતા છે. જેની કિંમત લગભગ 1.63 અબજ ભારતીય રૂપિયા છે. તેને બનાવવા માટે 30 કેરેટના હીરાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે લોકો ઘણીવાર બહાર જાય છે, ત્યારે તેઓ જૂતા પહેરે છે. વિવિધ પ્રકારના કામ માટે જુદા જુદા જૂતા રાખે છે. જેની કિંમત હજારોમાં છે. તો કેટલાક જૂતાની કિંમત લાખોમાં પણ છે. લગ્નોમાં ડિઝાઈનર કપડા સાથે પહેરવામાં આવતા શૂઝ અલગ હોય છે. તેથી સવારે જોગિંગ કરવા જવા માટેના શૂઝ અલગ છે. ચંપલની કિંમત તેમની સામગ્રી અને ગુણવત્તા અનુસાર નક્કી કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે દુનિયાના સૌથી મોંઘા જૂતા ક્યા છે? તો ચાલો તમને દુનિયાના સૌથી મોંઘા શૂઝ વિશે જણાવીએ. તે ક્યાં ઉપલબ્ધ છે અને તેની કિંમત કેટલી છે?મૂન સ્ટાર વિશ્વના સૌથી મોંઘા જૂતા છે. જેની કિંમત લગભગ 141 કરોડ ભારતીય રૂપિયા છે. મૂન સ્ટાર શૂઝ તેની કિંમતના કારણે તે અત્યાર સુધીના વિશ્વના સૌથી મોંઘા જૂતા છે.આ જૂતા શુદ્ધ સોનામાંથી બનાવવામાં આવ્યા છે. તેને બનાવવા માટે 30 કેરેટના હીરાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે તેને બનાવવામાં વર્ષ 1576ની ઉલ્કાપિંડનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ શૂઝ સૌપ્રથમ વર્ષ 2017માં બનાવવામાં આવ્યા હતા. જેને ઈટાલિયન ડિઝાઈનર એન્ટોનિયો વિએટ્રીએ બનાવ્યું છે. જૂતા હેલિકોપ્ટર દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા.

**રોકાણકારોનો ક્રેઝ વધતા ગયા નાણાં વર્ષમાં 3.70 કરોડ નવા ખાતા ખોલવાનો આંક અત્યાર સુધીનો સૌથી ઊંચો**

# શેરબજારમાં તેજીને પગલે માર્ચના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા 15 કરોડને પાર

(એજન્સી) મુંબઇ | તા. 07

માર્ચમાં ૩૧.૨૦ લાખ નવા ડીમેટ ખાતાના ઉમેરા સાથે ડીમેટ ખાતાની એકંદર સંખ્યા વધી ૧૫ કરોડને પાર કરી ગઈ છે. માર્ચના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા૧૫.૧૪ કરોડ જોવા મળી છે. ૧૯ મહિનાના ગાળામાં ડીમેટ ખાતાની સંખ્યામાં પાંચ કરોડનો વધારો થયો છે. આમ ડીમેટ ખાતાની સંખ્યામાં ઝડપી વધારો દેશના રોકાણકારો ઈક્વિટીઝમાં સીધા રોકાણ કરવાનું પસંદ કરી રહ્યાના સંકેત મળે છે. નાણાં વર્ષ ૨૦૨૪માં ૩.૭૦ કરોડ નવા ડીમેટ ખાતા ખોલાયાનું ડીપોઝિટરિસ - સીડીએસએલ તથા એનએસડીએલના આંકડા જણાવે છે.ગયા નાણાં વર્ષમાં ૩.૭૦ કરોડ નવા ખાતાનો આંક કોઈ એક નાણાં વર્ષમાં અત્યારસુધીનો સૌથી વધુ છે. છેલ્લા એક વર્ષથી દેશના શેરબજારોમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. સેકન્ડરી બજારમાં રેલી ઉપરાંત દેશમાં પ્રાઈમરી માર્કેટની પ્રવૃત્તિમાં વધારો પણ ડીમેટ ખાતાની સંખ્યામાં વધારા માટે કારણભૂત રહ્યો છે. ગયા નાણાં વર્ષમાં કુલ ૭૬ કંપનીઓએ જાહેર ભરણાં મારફત રૂપિયા ૬૧૯૨૧ કરોડ ઊભા કર્યા હતા.

ભરણાંના ભાવથી ઊંચા લિસ્ટિંગથી થતાં લાભથી પ્રેરાઈને વધુને વધુ રોકાણકારો આઈપીઓ તરફ વળી રહ્યા છે. ડિજિટાઈઝેશનને પરિણામે ડીમેટ ખાતા ખોલાવવામાં સરળતા પણ ખાતાની સંખ્યામાં વધારો થવાનું એક કારણ રહ્યું છે.

નાણાં વર્ષ ૨૦૨૧ના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૫.૪૪ કરોડ હતી. છેલ્લા ચાર વર્ષમાં નાણાં વર્ષ ૨૦૨૨માં ડીમેટ ખાતામાં ૬૫ ટકા વધારો થયો હતો. કોરોના બાદ ઘેરબેઠા કમાણી કરવાના વ્યૂહને પગલે ૨૦૨૨માં ખાતા ખોલવામાં જોરદાર વધારો થયો હતો.




# એકધારી તેજીનો માહોલ, સોનાએ 73000 તો ચાંદીએ 81000ની સપાટી કૂદાવી નવા રેકોર્ડ સર્જ્યા

■ ઈઝરાયલ તથા ઈરાન વચ્ચે તંગદિલી વધતાં સોનામાં ફંડોનું બાઈંગ વધ્યું, વિશ્વબજારમાં સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 07

વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ઉદ્ભવેલ એકધારી તેજીની સીધી અસર સ્થાનિક સોના-ચાંદી બજારમાં જોવા મળી રહી છે. વૈશ્વિક તેજી પાછળ આજે અમદાવાદ સોના-ચાંદી બજારમાં અકલ્પનીય તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે અમદાવાદ સોનું (૯૯.૯) રૂ.. ૮૦૦ ઉછળીને ૭૩,૦૦૦ને આંબી ગયું હતું. બીજી તરફ આજે ચાંદી રૂ. ૧,૦૦૦ ઉછળીને ૮૧,૦૦૦ની નવી ઉંચી સપાટીએ પહોંચી ગઈ હતી.

મુંબઈ સોના-ચાંદી બજાર આજે શનિવારના પગલે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધબજારે સોના- ચાંદીના ભાવમાં વિશ્વબજાર પાછળ રેકોર્ડ તેજી આગળ વધતાં બજારમાં નવા ઉંચા ઐતિહાસિક ભાવ જોવા મળ્યા હતા. વિશ્વબજાર વધુ ઉછળતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં ધરખમ વધારો થતાં દેશના સોના-ચાંદી બજારોમાં આજે પણ તેજીનો ચરુ ઉકળતો જોવા મળ્યો હતો. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૨૮૫થી ૨૨૮૬ વાળા ઉછળી ફરી ૨૩૦૦ની



સપાટી કુદાવી છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૨૩૨૯થી ૨૩૩૦ ડોલર રહ્યાના નિર્દેશો મળ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૨૬.૬૧થી ૨૬.૬૨ વાળા ઉંચામાં ૨૭.૪૯થી ૨૭.૫૦ થઈ છેલ્લે ભાવ ૨૭.૪૭થી ૨૭.૪૮ ડોલર બોલાઈ રહ્યા હતા.

જોકે અમેરીકાના જોબગ્રોથના આંકડા ફેન્ટાસ્ટીક આવ્યા હતા પરંતુ ઈઝરાયલ તથા ઈરાન વચ્ચે ઘર્ષણ વધતાં વિશ્વબજારમાં ક્રૂડતેલ ઉછળતાં તેના પગલે વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ ફરી વધ્યાનું વૈશ્વિક સૂત્રોએ જણાવ્યું હતું.વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ફરી વધ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૯૦.૦૬ વાળા ઉંચામાં ૯૧.૯૧ થઈ છેલ્લે ભાવ ૯૧.૧૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૮૬.૬૨ વાળા ઉંચામાં ૮૭.૬૮ થઈ છેલ્લે ભાવ ૮૬.૯૧ ડોલર રહ્યા હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૯૨૧થી ૯૨૨ વાળા ઉંચામાં ૯૩૪થી ૯૩૫ થઈ છેલ્લે ભાવ ૯૩૦થી ૯૩૧ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૧૦૦૨થી ૧૦૦૩ વાળા ૧૦૨૫થી ૧૦૨૬ થઈ ૧૦૦૫થી ૧૦૦૬ ડોલર છેલ્લે રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૩૧ ટકા માઈનસમાં હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૨૯થી ૮૩.૩૦ના મથાળે શાંત હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૯૬૦૨ વાળા રૂ.૭૦૬૦૦ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૯૮૮૨ વાળા રૂ.૭૦૮૫૦ બોલાઈ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૯૦૯૬ વાળા રૂ.૮૦૬૦૦ બોલાઈ રહ્યા હતા. સોનાના ભાવ ઉછળતાં દેશમાં દાણચોરી વધી હોવાના નિર્દેશો હતા.

**ફુગાવો હાલના સ્તરેથી નીચે જશે તેવી પણ વપરાશકારોને આશા**

## ગ્રાહકોના વિશ્વાસનું સ્તર હાલમાં ચાર કરતા વધુ વર્ષની ઊંચી સપાટીએ

મુંબઈ | ભારતમાં કન્ઝયૂમર કોન્ફીડેન્સ (ઉપભોગતાના વિશ્વાસ) હાલમાં ચાર કરતા વધુ વર્ષની ઊંચી સપાટીએ છે. અર્થતંત્રની સામાન્ય સ્થિતિ તથા રોજગાર બાબતે માનસમાં સુધારો થયાનું રિઝર્વ બેન્ક દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં જણાયું હતું.હાલની આર્થિક સ્થિતિમાં ઉપભોગતાનો વિશ્વાસ સ્થિર રિકવરીના માર્ગે છે.

ભાવિ અપેક્ષાનો ઈન્ડેક્સ જે આગામી ૧૨ મહિના માટે ઉપભોગતાના માનસનો અંદાજ આપે છે તેમાં પણ ૨૦૧૯ના મધ્યથી સુધારો થયો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે.

નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં દેશનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહેવા અપેક્ષા હોવાનું રિઝર્વ બેન્કે તેની નાણાં નીતિની સમીક્ષામાં જણાવ્યું છે.

આગળ જતા ફુગાવો હાલના સ્તરેથી નીચે જશે એમ પણ ઉપભોગતાઓ માની



રહ્યા હોવાનું અન્ય એક રિપોર્ટમાં જણાવાયું છે. ડિસેમ્બર, ૨૦૨૩ ત્રિમાસિકમાં ઉત્પાદન ક્ષેત્રમાં ક્ષમતા ઉપયોગીતાનું સ્તર વધી ૭૪.૭૦ રહ્યું છે જે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૭૪ ટકા જોવા મળ્યું હતું.

ખાનગી મૂડીખર્ચનું ચક્ર સુધરી રહ્યું છે અને ઈન્વેસ્ટમેન્ટસ પ્રવૃત્તિનું ભાવિ ઉજળું જણાય છે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે નાણાં નીતિની સમીક્ષા બેઠક બાદ જણાવ્યું હતું.

## ચીનનો વિકલ્પ શોધી રહેલા રોકાણકારોને ભારતમાં આકર્ષવા ઘડાયેલી વ્યૂહરચના

■ આગામી પાંચ વર્ષમાં વાર્ષિક સરેરાશ 100 અબજ ડોલરના એફડીઆઈની અપેક્ષા

(એજન્સી) મુંબઇ | તા. 07

રોકાણકારો ઈન્વેસ્ટમેન્ટસ માટે ચીનનો વિકલ્પ શોધી રહ્યા હોવાનું જણાતા ભારત દ્વારા વૈશ્વિક રોકાણકારોને દેશમાં રોકાણ કરવા સમજાવાઈ રહ્યા હોવાનું ધ્યાનમાં રાખતા આગામી પાંચ વર્ષમાં દેશમાં વાર્ષિક સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટસ (એફડીઆઈ) આવવાની અપેક્ષા છે.હાલમાં ટ્રેન્ડસ એકદમ પોઝિટિવ જણાઈ રહ્યો હોવાથી આ ટાર્ગેટ આવી પડયો છે એમ ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડના સુત્રોએ જણાવ્યું હતું.માર્ચ ૨૦૨૩ના સમાપ્ત થયેલા છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં સરેરાશ ૭૦ અબજ ડોલરનું ગ્રોસ એફડીઆઈ જોવા મળ્યું છે. જો કે નાણાં વર્ષ ૨૦૨૪માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ હવે ફરી સ્થિતિ બદલાઈ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.વર્તમાન નાણાં વર્ષમાં એફડીઆઈનો આંક ૧૦૦ અબજ ડોલરની નજીક જોવા મળશે. વૈશ્વિક રોકાણકારો જેઓ ભૌગોલિકરાજકીય તાણ સામે પોતાના રોકાણને અન્યત્ર હેજ કરવા માગે છે તેમને ભારત સરકાર દેશમાં આવવા આમંત્રણ આપી રહી છે. અનેક વૈશ્વિક કંપનીઓ ભારતમાં ઈન્વેસ્ટમેન્ટસ કરી રહી છે. જો કે એફડીઆઈની માત્રા હજુ તેની સંપૂર્ણ ક્ષમતાએ જોવા મળતી નથી. ઊંચા ફુગાવા, ભૌગોલિકરાજકીય તાણ તથા ઊભરતી બજારોમાં જોખમની ચિંતાથી રોકાણકારો ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. વીજ વાહનો, ઈલેકટ્રોનિકસ માલસામાન સહિતના ક્ષેત્રોમાં ભારતમાં વ્યાપક વિકાસની તકો રહેલી છે. એફડીઆઈ નિયમોને હળવા કરવા ભારત સરકાર વધુ પગલાં લેવા ધારે છે.

## આવતા અઠવાડિયે માત્ર 3 દિવસ બેન્કો ખુલશે, ચેક કરી લો તારીખો

(એજન્સી) મુંબઇ | તા. 07

જો તમે આવતા અઠવાડિયે બેન્કમાં કોઈ કામ કરવા જઈ રહ્યા છો, તો તારીખ ચેક કર્યા પછી જ ઘરની બહાર નીકળવું વધુ સારું રહેશે. કારણ કે દેશના ઘણા વિસ્તારોમાં બેંકો આવતા અઠવાડિયે માત્ર 3 દિવસ જ ખુલવાની છે. એવું ન થવું જોઈએ કે તમે ઘરેથી બેંકમાં કામ કરવા જાઓ અને ગરમીમાં પરેશાન થઈને પાછા ફરવું પડે.

એપ્રિલ મહિનામાં તહેવારો બીજા અને ચોથા શનિવાર અને રવિવાર સહિત કુલ 14 દિવસની બેન્ક રજાઓ છે. જ્યારે આવતા અઠવાડિયે બેન્કો માત્ર 3 દિવસ જ ખુલ્લી રહેવાની છે, કારણ કે આવતા અઠવાડિયે દેશના ઘણા ભાગોમાં હિન્દુ નવા વર્ષનું સ્વાગત કરવામાં આવશે.હા, દેશમાં આવતા અઠવાડિયે નવરાત્રિ શરૂ થવાની સાથે ગુડી પડવા, વિક્રમ સંવત કે ઉગાડીનો તહેવાર ઉજવવામાં આવશે. આ કારણે દેશના ઘણા રાજ્યોમાં બેન્કમાં રજા રહેશે. આ તહેવાર 9 એપ્રિલ 2024 એટલે કે મંગળવારના રોજ દેશભરમાં ઉજવવામાં આવનાર છે.

# MSCI ઈન્ડેક્સમાં સ્ક્રિપોમાં ફેરબદલથી 3.2 અબજ ડોલર રોકાણનો અંદાજ

■ ઝાયડસ લાઈફ, મેનકાઈન્ડ, બોશ, જિન્દાલ સ્ટેનલેસ, પીબી ફિનટેક, ઓબેરોય રિયાલ્ટી સહિત 17 સ્ક્રિપોનો સમાવેશ સંભવ

(એજન્સી) મુંબઇ | તા. 07

મોર્ગન સ્ટેનલીના એમએસસીઆઈ ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડાઈસીસમાં સમાવિષ્ટ સ્ક્રિપોમાં મે મહિનામાં થનારા ફેરબદલથી શેરોમાં અંદાજીત ૩.૨ અબજ ડોલરનો રોકાણ પ્રવાહ ઠલવાય એવી શકયતા છે. એમએસસીઆઈ દ્વારા તેના આ ઈન્ડેક્સોમાં સમાવિષ્ટ સ્ક્રિપોમાં મે મહિના માટે ફેરફાર ૧૪, મે ૨૦૨૪ના જાહેર થવાની શકયતા છે. જેનો અમલ ૩૧, મે ૨૦૨૪થી થશે.

એમએસસીઆઈ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં થનાર ફેરફારમાં ૧૭ સ્ક્રિપો પૈકી ઝાયડસ લાઈફસાયન્સિસ, મેનકાઈન્ડ ફાર્મા, બોશ, જિન્દાલ સ્ટેનલેસ, ઓબેરોય રિયાલ્ટી, ફિનિક્સ મિલ્સ, સુંદરમ ફાઈનાન્સ અને પીબી ફિનટેક સહિતનો સમાવેશ થવાની શકયતા હોવાનું આઈઆઈએફએલ અલ્ટરનેટીવ રિસર્ચના અંદાજોમાં જણાવાયું છે. ગ્લોબલ પેસિવ ફંડો જેવા કે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) આ ઈન્ડેક્સોના આધાર પર તેમના પોર્ટફોલિયોમાં ફેરબદલ કરશે. જેમાં કેટલીક સ્ક્રિપો બહાર થશે અને એના સ્થાને નવી આ સ્ક્રિપો-શેરોના સમાવેશ સાથે



ફંડોની ફાળવણીમાં એડજસ્ટમેન્ટ થશે. આ નવા શેરોના સમાવેશથી ૩.૨ અબજ ડોલરના જંગી રોકાણનો પ્રવાહ ઠલવાય એવા અંદાજો મૂકવામાં આવ્યા છે. આઈઆઈએફએલ અલ્ટરનેટ રિસર્ચના અંદાજો મુજબ જો એમએસસીઆઈ ઈન્ડેક્સમાં પીબી ફિનટેકનો સમાવેશ થશે તો, એના થકી ૨૫ કરોડ ડોલરનો રોકાણ પ્રવાહ ઠલવાશે. જ્યારે ઝાયડસ લાઈફ, ફિનિક્સ મિલ્સ, સુંદરમ ફાઈનાન્સ, એનએચપીસી અને ટોરન્ટ પાવર થકી ૨૦ કરોડથી ૨૩ કરોડ ડોલરની રેન્જમાં રોકાણ પ્રવાહ ઠલવાય એવો અંદાજ છે. એમએસસીઆઈ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ થનાર અન્ય સંભવિત સ્ક્રિપો-શેરોમાં સોલાર ઈન્ડસ્ટ્રીઝ, ઓરેકલ ફાઈનાન્શિયલ્સ, ઓઈલ ઈન્ડિયા, કેનેરા બેંક, ઈન્ડસઈન્ડ પાવર અને જેએસડબલ્યુ એનર્જીની શકયતા છે. જ્યારે આ ઈન્ડેક્સમાંથી બહાર થનાર સ્ક્રિપોમાં પેટીએમ પેરન્ટ વન૯૭ કોમ્યુનિકેશન્સની શકયતા હોવાનું અને એનાથી ૯ કરોડ ડોલરના રોકાણ પ્રવાહની જાવકની શકયતા હોવાનો અંદાજ આઈઆઈએફએલ દ્વારા મૂકાયો છે.

**અલગ-અલગ ભારે અને મધ્યમ ગુણવત્તાવાળા ઘંઉના ભાવમાં મણદીઠ રૂા 20 થી વધુનો વધારો ઝીંકાયો**

# ગોહિલવાડમાં નવા ઘંઉના ભાવ સિઝનની શરૂઆતથી જ ઉંચા રહ્યા

(એજન્સી) ભાવનગર | તા. 07

ગોહિલવાડમાં છેલ્લા પખવાડિયાથી બારમાસી નવા ઘંઉ અને મસાલાની સીઝન જામી રહેલ છે. મસાલાની સાથોસાથ નવા ઘંઉના ભાવ સિઝનની શરૂઆતથી જ આસમાનને આંબેલા રહ્યા છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે અલગ અલગ ભારે અને મધ્યમ ગુણવત્તાવાળા ઘંઉના ભાવમાં કિલોએ રૂા બે અને મણદીઠ રૂા ૨૦ આસપાસનો ભાવ વધારો થયો છે તેમ છતાં તેની ડિમાન્ડમાં ઘટાડો થયો નથી. ગત વર્ષની જેમ આ વર્ષે પણ બારમાસી નવા ઘંઉના ભાવ સિઝનની શરૂઆતથી જ ઉંચા રહેતા મધ્યમવર્ગીય પરિવારોએ જે તે સમયે હાલ પુરતુ ઘંઉ ખરીદવાનું મુલત્વી રાખ્યુ હતુ. છેલ્લા વર્ષો કરતા આ વર્ષે ઉંચા ભાવ હોવાથી વિક્રેતાઓ અને ગૃહિણીઓમાં દેકારો જોવા મળ્યો હતો.તેમ છતાં શહેરની દાણાપીઠ, યાર્ડ, મોલ તેમજ બ્રાન્ડેડ શોરૂમ સહિતના સ્થળોએ ગૃહિણીઓ સહિત ગ્રાહકો દ્વારા ઘંઉના ભાવ સંબંધિત સતત



પુછપરછ અને ખરીદી થઈ રહેલ છે. અગાઉની તુલનામાં હવે તો વિવિધ જ્ઞાતિ, સમાજ અને મંડળો દ્વારા પણ મરચુ, ધાણાજીરૂ સહિતના મસાલાની સાથોસાથ ઘંઉનું પણ સેવાકીય ભાવનાથી સામુહિક રીતે રાહત દરે વેચાણની પ્રક્રિયા શરૂ થઈ છે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં છાસવારે હવામાનમાં આવતો પલ્ટો અને અવારનવાર માવઠાના આક્રમણ વચ્ચે ઘંઉનું ઉત્પાદન ધાર્યા કરતા ઓછુ થયુ હોવાને લીધે તેના ભાવ ઉંચા જણાઈ રહ્યા છે. આ અગાઉ રાજ્યભરમાં વિઘે ૪૫ મણ ઘંઉ ઉગતા હતા તેની સામે માવઠુ સહિતના કુદરતી અને અકુદરતી કારણોવશાત ઘંઉના ઉત્પાદનમાં આંશિક ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજયના કેટલાક જિલ્લાઓમાં તેનુ વાવેતર મોડુ થયુ હતુ. તેમજ નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં કેનાલમાં પાણી છોડવા સહિતના કારણોથી તેમજ અમદાવાદ જિલ્લાના ભાલ પંથકમાં ગરમીનું પ્રમાણ વધતા ભાલીયા ઘંઉના ઉત્પાદનમાં ઘટ પડી હતી. તેમજ મહુવા સહિતના માર્કેટીંગ યાર્ડોમાં પણ ઘંઉની આવક નહિવત રહેલ છે. તા.૬ એપ્રિલને શનિવારે મહુવા માર્કેટીંગ યાર્ડમાં ઘંઉ ટુકડાના ૯૪૦ કટાઓનું વેચાણ થયુ હતુ. જેના ઉંચા ૬૩૮ ભાવ બોલાયા હતા. હાલ સ્થાનિક બજારમાં રોયલ એમ.પી. શરબતી ઘંઉ રૂા ૩૧૦૦ આસપાસ, ગોલ્ડન સ્ટોન રૂા ૪૮૦૦, એમ.પી.શરબતી ઘંઉ રૂા ૩૮૦૦, દેશી ટુકડા ઘંઉ રૂા ૩૩૦૦, અમરેલીના ટુકડા ઘંઉ રૂા ૩૦૫૦ અને એમ.પી. સોનેરી ટુકડા રૂા ૩૪૦૦ આસપાસના ભાવે વેચાઈ રહ્યા છે. જેમાં આ ઉપરાંત યુધ્ધ અને પ્રતિબંધોની સ્થિતીમાં પણ ઘંઉના ઉત્પાદન અને નિકાસ પર પણ તેની માઠી અસર થઈ છે.

## ફેબ્રુઆરી અંતે રિઝર્વ બેન્ક પાસે ગોલ્ડ રિઝર્વનો આંક વધી 817 ટન રહ્યો

(એજન્સી) મુંબઇ | તા. 07

દેશના વિદેશી મુદ્રા ભંડારમાં સતત છઠ્ઠા સપ્તાહે વધારો જોવા મળ્યો છે. ૨૯ માર્ચના રોજ પૂરા થતા સપ્તાહમાં તે ૨.૯૪ બિલિયન ડોલર વધીને ૬૪૫.૫૮ બિલિયન ડોલર થયું હતું. આ સાથે દેશનું વિદેશી મુદ્રા ભંડાર નવી સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયું છે. અગાઉ ૨૨ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં તે ૬૪૨.૬૩ બિલિયન ડોલર હતું. રૂપિયામાં વોલેટિલિટીના સમયે હેજિંગ તરીકે ઉપયોગમાં આવતા હોવાનું ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સોનાના રિઝર્વમાં સતત વધારો કરી રહી છે. રિઝર્વ બેન્કના ગોલ્ડ રિઝર્વનો આંક ૮૦૦ ટનને પાર કરી ગયો છે.નોંધનીય છે કે ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશનો વિદેશી મુદ્રા ભંડાર ૬૪૨.૪૫ અબજ ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો.રિઝર્વ બેંકના સાપ્તાહિક ડેટા અનુસાર, ૨૯ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી ચલણ અસ્કયામતો, ૨.૩૫ બિલિયન ડોલર વધીને ૫૭૦.૬૧ બિલિયન ડોલર થઈ ગઈ છે.પ્રાપ્ત આંકડા પ્રમાણે ફેબ્રુઆરીમાં રિઝર્વ બેન્કે ગોલ્ડ હોલ્ડિંગ્સમાં ૯ ટનનો વધારો કર્યો છે. આ ખરીદી સાથે આરબીઆઈ પાસે ગોલ્ડ રિઝર્વનો આંક ૮૧૭ ટન પર પહોંચી ગયો છે.ચલણમાં વોલેટિલિટી તથા આર્થિક અનિશ્ચિતતા સમયે ઊભા થતા પડકારોને પહોંચી વળવા વિશ્વ સ્તરે મોટાભાગની કેન્દ્રીય બેન્કો ગોલ્ડ રિઝર્વમાં વધારો કરતી રહે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ફાગણ વદ-અમાસ

# વિકસિત દેશોનું દૃષ્ટાંત લે ભારત

એક વખત હતો, જ્યારે સોનાની ચિડીયા કહેવાતો ભારત એક ઉદ્યમ પ્રધાન અને કારોબારી દેશ રહ્યો હતો. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની રાજસભામાં આવેલા યુનાની સમ્રાટ સેલ્યુકસના રાજદૂત મગસ્થનીઝે પોતાના પુસ્તક 'ઈન્ડિકા'માં ભારતીય સમાજના સાત વર્ગોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં મોટાભાગના લોકો બુદ્ધિજીવી, ખેડૂત, કારોબારી, શિલ્પકાર અને સૈનિક વર્ગોના હતા. ઘણા ઓછા લોકો સેવક હતા અને નોકરી કરતા હતા. નોકરીને નિર્ભરતા અને પરાધીનતાનું કામ હોવાને કારણે હીણી દૃષ્ટિએ જોવામાં આવતું. આર્થિક ઈતિહાસકાર એંગસ મેડિસને પણ વિશ્વ અર્થવ્યવસ્થાના ઈતિહાસમાં તેની પુષ્ટિ કરી છે, પરંતુ સદીઓની ગુલામી બાદ આઝાદ થયેલા ભારતમાં પરિસ્થિતિઓ સંપૂર્ણ રીતે બદલાઈ ગઈ છે. આજે લોકોને પગારની સુરક્ષાવાળી નોકરીની પરાધીનતા આર્થિક અસુરક્ષાવાળા કારોબારી ઉદ્યમ કરતાં બહેતર લાગવા માંડી છે. વિશેષ રૂપે સરકારી નોકરી જેને કામની સુરક્ષા અને પેન્શનને કારણે સર્વોપરિ માનવામાં આવે છે. કારોબારી ઉદ્યમને આર્થિક અસુરક્ષાની સાથે સાથ નફાખોરીના કામ રૂપે જોવામાં આવે છે. તેનું મોટું કારણ અંગ્રેજોએ આપણને આપેલી શિક્ષણ પદ્ધતિ છે, જે ઉદ્યમ, સર્જનશીલતા અને ગવેષણાનું કૌશલ અને અનુભવ આપવાની જગ્યાએ ગોખણપટ્ટીવાળા શિક્ષણ પર કેન્દ્રિત છે. તેનાથી શિક્ષિત સ્નાતક ઉદ્યમ, શ્રમ અને ગવેષણાથી વિમુખ થઈને દફ્તરી કે મશીની કામ કરવા યોગ્ય બને છે. તેમની ઉપયોગીતા ખતમ થતી જાય છે, કારણ કે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ના વિકાસને કારણે મશીનો કેટલાંય કામોને વધુ કુશળતા અને ગતિથી કરી શકે છે. તેથી ગાંધીજીએ પોતાની 'નઈ તાલીમ'માં શિક્ષણને શ્રમ સાથે જોડવાની વાત કરી હતી.

શિક્ષણશાસ્ત્રી અનિલ સદ્ગોપાલની અધ્યક્ષતામાં બનેલી સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે શિક્ષણને કામ સાથે જોડવું બાળકોને સમાજ સાથે જોડવા સમાન છે. તેનાથી તેમનામાં શ્રમ પ્રત્યે શ્રદ્ધા પેદા થાયછે અને અનુભવજન્ય જ્ઞાન પણ મળે છે. શ્રમ અને બૌદ્ધિકતાના આ સંતુલનને પ્રાયોગિક રૂપ આપવા માટે રાંચી પાસે નેતરહાટમાં એક પ્રાયોગિક શાળા ખોલવામાં આવી, પરંતુ તેની સફળતા છતાં તેને દેશભરમાં ફેલાવવામાં ન આવી. પરિણામ બધા સામે છે. એના પર ચર્ચા થઈ શકે છે કે દેશમાં ૨૧-૩૦ વચ્ચે કઈ ઉંમર વર્ગના શિક્ષિતોમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો રહે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ઉત્તર પ્રદેશમાં સિપાઈઓની લગભગ ૬૦ હજાર નોકરીઓ માટે ૫૦ લાખથી પણ વધ સ્નાતકોએ અરજી કરી અને પરીક્ષામાં જવા માટે ટ્રેનોમાં જગ્યા પણ ન મળી. એ પણ કોઈથી છૂપું નથી કે મુઠ્ઠીભર નાગરિક સેવાઓ માટે કેવી રીતે લાખો સ્નાતક કોટા અને પણે જેવાં શહેરોની કોચિંગ સંસ્થાઓમાં જઈને કેટલાય વર્ષ સુધી તૈયારી કરતા રહે છે. આ બધું એટલા માટે થઈ રહ્યું છે, કારણ કે ભારતમાં દર વર્ષે સરેરાશ ૧૫ લાખ એન્જિનિયરો સહિત લગભગ એક કરોડ છાત્ર સ્નાતક બને છે. યોગ્યતા સર્વેક્ષણો અનુસાર તેમાંથી માત્ર ૨૫ ટકા એમબીએ સ્નાતક, ૨૦ ટકા એન્જિનિયર અને માત્ર ૧૦ ટકા સામાન્ય સ્નાતક જ કામ કરવાને યોગ્ય હોય છે. બાકીનાને તો કાં તો નવેસરથી પ્રશિક્ષિત કરવા પડે છે કે એવું કામ આપવું પડે છે, જેના માટે તેઓ માનસિક રૂપે તૈયાર નથી હોતા. કામ-ધંધાને લઈને સામાજિક માનસિકતા એટલી નકારાત્મક છે કે જો કોઈ નેતા રોજગાર માટે તેમનું દૃષ્ટાંત પણ આપી દે તો હાંસીનું પાત્ર બનાવી દેવામાં આવે છે. કારોબારી ઉદ્યમ અને કામધંધા માટે બજારમાં પ્રતિસ્પર્ધા પણ આકરી થતી જાય છે. બહુ ઓછી જમીન હોવાની સમસ્યાને કારણે ૧૦ કરોડથી વધુ ખેડૂતો બીજા કામધંધાની શોધ કરી રહ્યા છે.



# રાજપીપળામાં મુખ્યમંત્રીની મુલાકાતમાં એક સુર, સાહેબ રાજપીપળાનો વિકાસ ક્યારે કરશો?

ભરત શાહ | રાજપીપળા

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજપીપળા ની મુલાકાત કરી રાજપીપળા શહેરમાં ત્રણ કલાક રોકાઈ ને ભાજપના કાર્યકરો હોદેદારો ને મળ્યા તેમની સાથે બેઠક કરી અને જરૂરી સૂચનાઓ પણ આપી જેમાં ભરૂચ લોકસભા બેઠક માં ડેડીયાપાડા વિધાનસભા સૌથી વધુ ભાજપ લીડ કરે એવી કાર્યકરો ને મુખ્ય મંત્રી એ આપી સૂચના આપી હતી અને કોઈ પણ કાગમગીરી હોય સીધા મને કેજો તાત્કાલિક કરી નાખીશું ની હૈયા ધારણા આપી હતી. ભરૂચ બેઠક અને છોટા ઉદેપુર બેઠક 5.લાખ કરતાં વધુ.મતો થી જીતવા આહવાન કર્યું હતું.અને ભરૂચ બેઠક પર ખાસ ધ્યાન રાખી વિકાસનાં કામો થી વંચિત વિસ્તારોમાં સૌથી વધુ કામગીરી કરવાની સૂચના આપી હતી.

મુખ્યમંત્રી ગાંધીનગરથી રાજપીપલા હેલીપેડ પર હેલિકોપ્ટર દ્વારા સવારે આવી પહોંચ્યા હતા. પ્રભારી મંત્રી ભિખુસિહ પરમાર, સાંસદ મનસુખ વસાવા,

**ભરૂચ લોકસભા બેઠક માં ડેડીયાપાડા વિધાનસભા સૌથી વધુ ભાજપ લીડ કરે એવી કાર્યકરો ને મુખ્ય મંત્રીએ આપી સચના**

ગીતાબેન રાઠવા,ઉમેદવાર જસુભાઈ રાઠવા, ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ,નીલ રાવ પાલિકા પ્રમુખ ધાર્મિષ્ઠાબેન , કુલદીપસિંહ ગોહિલ સહીત આગેવાનો એ હેલિપેડ ખાતે મુખ્યમંત્રી ને આવકાર્યા હતા અને ત્યાં થી સીધા હરસિધ્ધિ માતા મન્દિરે આવી માતાજીના દર્શન કર્યા હતા. બાદમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત નર્મદા કમલમ કાર્યાલય ખાતે પહોંચી ભાજપાના સિનિયર કાર્યકર્તાઓ સાથે યોજનારી બૃહદ બેઠકમા કરી હતી. બાદમાં રાજપીપળા ના વિવિધ આગેવાનો વેપારીઓ,ડોક્ટર્સ, વકીલ, સહિત, સમાજિક આગેવાનો સાથે ચર્ચા કરી હતી. જેમાં બધા લોકોએ રાજપીપળા ના વિકાસની વાત કરી રાજપીપળા ના પ્રબુદ્ધ નાગરિકો એ રેલવે લાઈન ચાલુ કરવા કહ્યું, તો કોઈએ એરપોર્ટ લાવવાની વાત કરી, મુંબઈ કોરિડોર માં જતી જમીનો ના વળતર ની વાત કરી તો કોઈએ RTI ક્રાઈટેરિયા વધારવાની વાત કરી હતી.

**રાજપીપળા ના પ્રબુદ્ધ નાગરિકો એ રેલવે લાઇન ચાલુ કરવા કહ્યું, તો કોઇએ એરપોર્ટ લાવવાની વાત કરી, મુંબઇ કોરિડોર માં જતી જમીનો ના વળતર ની વાત કરી તો કોઇએ RTI ક્રાઇટેરિયા વધારવાની વાત કરી**

# નર્મદા પંચકોશી પરિક્રમાના મુખ્ય કામચાલવ બ્રીજની કામગીરી શરૂ

## કીડીમકોડી ઘાટ પર 50 બોટો લાઈફ જેકેટ સાથે નાવિકો સજ્જ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા પંચકોશી પરિક્રમા નો પ્રારંભ આજથી થવાનો છે ત્યારે પ્રથમદિવસ થી ભક્તો નર્મદા પરિક્રમા કરવા આવશે એજ મહિનો ચાલનારી પરિક્રમા દિવસ રાત ભક્તો પરિક્રમા કરી શકશે. સ્થાનિક લોકો દ્વારા અને તંત્ર દ્વારા પરિક્રમા પથ, પરિક્રમા પથ પર સોલાર લાઈટિંગ, કીડી મંકોડી ઘાટ પર નવાદીઓ ની સંખ્યા વધી હોય ત્યાં રાત્રીના લાઇટિંગ કરવા સ્પેશિયલ જનરેટર મુકાયું છે. આ સાથે ઠેર ઠરે સ્થાનિક ગ્રામજનો અને આશ્રમો દ્વારા વિશામો, ચા. નાસ્તા ની વ્યવસ્થા આ સાથે તંત્ર દ્વારા મેડિકલ ટીમો ઉતારી દેવામાં આવી છે. નર્મદા



જિલ્લા કલેક્ટર માટે ચૂંટણી વચ્ચે આ પરિક્રમા અતિ મહત્વની હોય નર્મદા જિલ્લા કલેક્ટર સ્વેતા તેવતિયા ના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે, ડીડીઓ અંકિત પન્નુ સહિતની ટીમો એ પરિક્રમા ના આખરી ઓપ ની વિગતો લીધી અને જ્યા ઘટતી કડી પુરી કરવા અન્ય વિભાગોને સૂચના આપી હતી.

નર્મદા પરિક્રમા માં મહત્વ ના બે પડાવો જ્યાં નદી ક્રોસ કરવામાં આવે છે ત્યાં સહેરાવ થી તિલકવાડા કામચલાવ બ્રિજ બનાવવાની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. જયારે રેંગણ થી રામપુરા કીડીમકોડી ઘાટ પર નાવિકો નાવડીઓ લઈને સજ્જ બન્યા છે. દર વર્ષ કરતા પરિક્રમાવાસીઓને કોઈ મુશ્કેલી ના થાય એ બાબતે ખાસ ધ્યાન રખાયું અને સુવિધાઓ ખુબ વધારી દેવામાં આવી છે.



### વધુ કેપેસીટી વાળી બોટ લવાઈ છે

સામાન્ય રીતે નર્મદા નદીઓ માં ચાલતી બોટ છે તેન 18 થી 20 ફુટ લાંબી અને 6ફુટ પહોળી હોય છે પરંતુ આ વખતે જે બોટો મુકવામાં આવી છે તે 22 થી 24 ફુટ લાંબી અને 8 થી 101 ફુટ પહોળી જેમાં 25 જેટલા લોકો બેસી શકે પરંતુ લાઈફ જેકેટ સાથે 24 મુસાફરો ને સામે પાર લઈ જવામાં આવશે આટલું નહિ 20 બોટો એક સાથે પરિક્રમા વાસીઓ ને બેસાડી સામે કિનારે મૂકે ઉભી રહી શકે એવી મોટી જેટી બનાવવામાં આવી છે. અને 120 થી વધુ નાવિકો તૈનાત રહેશે. એવી સંપૂર્ણ સજ્જ નાવિકો છે.

# બગસરા તાલુકામાં TIP તેમજ SWEEP મતદાર જાગૃતિ અંતર્ગત મતદાન શપથ તેમજ સિગ્નેચર કેમ્પિયેન યોજાયું



અશોક મણવર | અમરેલી

બગસરા તાલુકામા 4 એપ્રિલ થી 7 એપ્રિલ દરમિયાન વિવિધ વિસ્તારમાં TIP તેમજ SWEEP મતદાર જાગૃતિ પ્રોગ્રામ અંતર્ગતવિવિધ કચેરીઓમાં મતદાન શપથ તેમજ સિગ્નેચર કેમ્પિયેન યોજવામાં આવેલ તાલુકા પંચાયત કચેરી બગસરા તમામ કર્મચારી તલાટી કમ મંત્રી મામલતદાર કચેરી બગસરા સ્ટાફ, તાલુકા હેલ્થ કચેરી બગસરા સ્ટાફ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સ્ટાફ બગસરા ICDS વિભાગ બગસરા કચેરી ના બગસરા તાલુકાના આંગણવાડી વર્કર બહેનો તેમજ સ્ટાફ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરી બગસરા બગસરા તાલુકાની તમામ શાળાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહેલ સીએસસી માવજીંજવા ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યા જેમાં TIP નોડલ અધિકારી શ્રી તાલુકા વિકાસ અધિકારી સાહેબ બગસરા તાલુકા SWEEP નોડલ અધિકારી શ્રી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી બગસરા તેમજ તમામ વિભાગ ના કર્મચારીઓ ઉપસ્થિત રહી મતદાનશપથ લીધા.

## અપહરણ ના અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી

# બે માસથી નાસ્તા ફરતા આરોપી ને દબોચી લેતી સાવરકુંડલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



મ્હે. ભાવનગર રેન્જ આઈ.જી શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાં નાસ્તા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે ડિવિઝન વાઈઝ નાસ્તા ફરતા સ્ક્વોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ડિવિઝન વાઈઝ નાસ્તા ફરતા સ્ક્વોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અનુસંધાને સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓ દ્વારા નાસ્તા ફરતા સ્ક્વોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પકડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા ડિવીઝન નાસ્તા ફરતા સ્ક્વોડના પોલીસ સબ. ઈન્સ્પેક્ટર શ્રી એમ.ડી. ગોહિલ તથા પોલીસ સ્ટાફ દ્વારા ડુંગર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૨૨૪૦૦૧૫/૨૦૨૪ આઈ.પી.સી. કલમ-૩૬૩, મુજબનો ગુનો બનેલ હોય જે વણશોધાયેલ ગુનાના કામે આજરોજ સાવરકુંડલા ડિવિઝન નાસ્તા ફરતા સ્ક્વોડને મળેલ ચોક્કસ બાતમી આધારે મજકુર આરોપી મયુરભાઈ પાંચાભાઈ રાઠોડ ઉ.વ.૨૬ નાઓને ભોગ બનનાર સાથે શોધી કાઢી અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી ધોરણસરની કાર્યવાહી કરતી સાવરકુંડલા ડિવિઝન નાસ્તા ફરતા સ્ક્વોડના સાવરકુંડલા પોલીસ ટીમ.

# ચૈત્રી નવરાત્રી ના પ્રારંભથી ચાણસ્મા પંથકના માઈભકતો શક્તિ આરાધનામાં મગ્ન થશે

નિતીન ઠાકર | ચાણસ્મા



સોમવારે ઘણા સમય બાદ સોમવતી અમાવાસ્યા નો યોગ થઈ રહ્યો છે સોમવતી અમાવાસ્યા ના દિવસે શિવ આરાધના મનુષ્યો માટે સર્વશ્રેષ્ઠ છે. બાદ માં મંગળવાર થી ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે મા આદ્ય શક્તિ ની માઈ ભક્તો દ્વારા ચૈત્રી નવરાત્રી દરમિયાન વિવિધ રીતે શકિત આરાધના કરવામાં આવર્શે પરંતુ સાથે સાર્થે માઈભક્તો દ્વારા ર્ક્યોક બાધા આખડી ની તો ક્યાંક કરવેઠા ની માઈભક્તો ની લોકદેવી ઓ ની રમેલ કરવામાં આવશે તો ક્યાંક હોમ હવન તો ક્યાંક માતાજી ની જાતર (ભવાઈ) થકી માતાજી ના સેવકો ગુણગાન સાથે શકિતભક્તિ માં લીન થશે જે અનુસંધાને આ વર્ષે ઘરમોડા ગોગા મહારાજ ના ધામે ખાંભલ્યા પરીવાર દ્વારા તો ચંદુ માણા ગામે નાથબાઈ માતાજી (પ્રજાપતિવાસ અને દરબાર વાસના મઢે ) તો ચંદુ માણા ગામનું ઉજળું નામ જગતમાં ઉજાગર કર્યું છે એવા વિરાવસા ના લોક દેવી શિકોતર માતાજી ના ધામે રમેલ દેરાસરૂ થશે આમ ચૈત્રમાસ દરમિયાન ચાણસ્મા પંથક દેવી શક્તિ ની આરાધના માં લીન થઈ આદ્યશક્તિ લોકદેવી દેવતા ઓ ના આશિર્વાદ મેળવશે.

# સુરત DGVCLમાં કુલ 6 કર્મચારીઓ વિરુદ્ધ આચાર સંહિતા ભંગની ફરિયાદમાં બદલી

ભરત શાહ | રાજપીપળા



સુરત શહેર અને જિલ્લા કોંગ્રેસ કો-ઓર્ડીનેટર કલ્પેશ બારોટ દ્વારા તા. ૨૩.૦૩.૨૦૨૪ અને ૨૯.૦૩.૨૦૨૪ ના રોજ કરેલ બંને ફરિયાદ ના પગલે સુરત ચુંટણી અધિકારી દ્વારા લીધેલ પગલાં મુજબ કુલ ૬ કર્મચારીઓને લોકસભા વિસ્તાર બહાર બદલી કરી દેવામાં આવી છે. પરંતુ કલ્પેશ બારોટ દ્વારા કરેલ તા.૦૩.૦૪.૨૦૨૪ ની ફરિયાદ મુજબ ડિજીવીસીએલ ના કોર્પોરેટ કચેરી અને સર્કલ લેવલ તથા ડિવિઝન ઓફિસ અને સબ ડિવિજન ઓફિસમાં ફરજ બજાવતા અને ચુંટણી પ્રક્રિયામાં જેમને જવાબદારી મળેલ છે. તેવા આશરે ૪૦ જેટલા કર્મચારીઓ લોકસભાના ઉમેદવાર ના કાર્યાલય ના ઉદ્ઘાટન માં પ્રચાર પ્રક્રિયા માં હાજર જોવા મળે છે.

તેમાંથી કલ્પેશ બારોટ દ્વારા આશરે ૧૪ જેટલા કર્મચારીઓ ની ઓળખ કરી નામ હોદ્દા અને ફરજનું સ્થળ સાથે જણાવી તેમની ફરિયાદમાં ડિજીવીસીએલ ના એમ.ડી ને લેખિતમાં જણાવેલ છે. તેમ છતાં આજદિન સુધી આ ૪૦ જેટલા કર્મચારીઓ અને તેમાંથી સ્પષ્ટ ઓળખાયેલા ૧૪ કર્મચારીઓ ઉપર આજદિન સુધી કોઈ પગલાં કેમ ભરવામાં આવ્યા નથી તેમ પ્રશ્નો કરવામાં આવ્યા છે. અને ફક્ત ૬ જણા ઉપર પગલાં લઈ સમગ્ર ફરિયાદ પર ઢાંક પિછોડો કરવામાં આવી રહ્યો છે. એમ ચુંટણી પંચ ઉપર પણ સીધા સવાલો અને આક્ષેપો કરવામાં આવ્યા છે. ચુંટણી પંચ નિષ્પક્ષ કાર્યવાહી નહીં કરતા હોવાનું પણ તેમના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી નર્સિંગ સરકારી કોલેજની વિધાર્થિનીઓ 1 મહિનાની ટ્રેનિંગમાં ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અમરેલી નૅાસિંગ સરકારી કોલેજની વિધાર્થિનીઓ એક મહિનાની ટ્રેનિંગ માં ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્રની એક પહેલ અંતર્ગત અમરેલી સરકારી નૅાસિંગ કોલેજમાંથી આવેલા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ કે જે એક મહિનાની ટ્રેનિંગ માટે ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આવેલા છે. એ ઉભરતા સ્વાસ્થ્ય કર્મીઓને પાયાના સ્તરે અંત્યોધ્ય સુધી કંઇ રીતે સ્વાસ્થ્ય તંત્ર પહોંચે છે. અને કઇ રીતે કાર્ય કરે છે. એ માટે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખડાધાર ખાતે મુલાકાત માટે લઇ ગયા આ બાબતે ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્ર તરફથી એમના નિરંતર માર્ગદર્શન માટે જીજ્ઞાબેન અને ડોક્ટર રાહુલ



હડિયા સાહેબ જોડે રહ્યા હતા અમરેલી જિલ્લાનું સ્વાસ્થ્ય કર્મીઓમાં જોશ ભરાય રહે એ બાબત આ પ્રકારના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેના લીધે વિધાર્થીઓના મનમાં દર્દીઓ પ્રત્યે સંવેદનશીલતા માં વધારો જોવા મળે એવી આશા છે. એમ ભીખુભાઈ બાટાવાળા ની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# અપહરણના ગુન્હાના આરોપીને વલસાડ જીલ્લાના વાપીના GIDCમાંથી શોધી કાઢતી રાજુલા પોલીસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર આઈ.જી. ગૌતમ પરમાર નાઓએ નાસ્તા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે સુચના આપેલ હોય તથા મ્હે.અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમકરસિંહ નાઓએ અમરેલી જીલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓ તથા ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે ગંભીર ગુન્હાઓ આચરી પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સાવર કુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધ નાઓએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. આરોપી ફરીયાદીની સગીર વયની દિકરીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે, કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય જે ગુનાના કામે આરોપીને પકડી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે.ગીડા નાઓએ સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે આધારે રાજુલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા મજકુર આરોપીને ગણતરીના દીવસોમાં ભોગબનનાર સાથે વલસાડ જીલ્લાના વાપી તાલુકાના GIDC વિસ્તારમાંથી શોધી કાઢી ધોરણસર કાર્યવાહી કરતી રાજુલા પોલીસ ટીમ. પકડાયેલ આરોપીની વિગત (૧) અનીલભાઈ ઉકાભાઈ ગંગેરા ઉ.વ.૨૮ ધંધો.પ્રા.નોકરી રહે.સાવરકુંડલા શીવાજી નગર શેરી નં.૬ તા.સાવરકુંડલા કામગીરી કરનારની રાજુલા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ભાજપે અરવિંદ કેજરીવાલને જેલમાં પૂરીને એક મોટી ભૂલ કરી છે: ઇસુદાન ગઢવી



અમદાવાદ/ગુજરાત

ભાજપે આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે આમ આદમી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ ખોટા કેસો કર્યા અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાજી, સ્વાસ્થ્ય વિભાગમાં ક્રાંતિકારી કામ કરનાર પૂર્વ આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનજી અને રાજ્યસભા સાંસદ સંજયસિંહજીને જેલમાં મોકલ્યા હતા. આખરે પુરાવાના અભાવે સુપ્રીમ કોર્ટે સંજયસિંહજીને જમાનત આપી હતી. આજે આમ આદમી પાર્ટી પૂરી મજબૂતીથી ભાજપની સામે લડી રહી છે. એક ષડ્યંત્રના ભાગરૂપે કરવામાં આવેલ અરવિંદ કેજરીવાલજીની ધરપકડના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીની અધ્યક્ષતામાં પ્રતિક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈસુદાનભાઈ ગઢવીની સાથે સાથે પ્રદેશ મહામંત્રી સાગરભાઈ રબારી, પ્રદેશ મંત્રી અજીતભાઈ લોખિલ, કાર્યકારી પ્રમુખ કૈલાશદાન ગઢવી, માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણભાઈ દેસાઈ, હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ પ્રમુખ વિનોદભાઈ પરમાર, એજ્યુકેશન સેલના પ્રદેશ પ્રમુખ જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય, ઉત્તર ગુજરાત સંગઠન મંત્રી જયદીપભાઈ ચૌહાણ, વડોદરા શહેર પ્રમુખ અશોકભાઈ ઓઝા, સહિત અને કાર્યકર્તાઓએ પ્રતિક ઉપવાસ રાખ્યા હતા. અમદાવાદની સાથે સાથે સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ પ્રતિક ઉપવાસમાં જોડાયા હતા.

આ પ્રતિક ઉપવાસ દરમિયાન આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલજીથી ડરીને નરેન્દ્ર મોદી અને ભાજપે ષડયંત્ર રચીને વિચાર્યું હશે કે આમ આદમી પાર્ટીના મોટા નેતાઓને જેલમાં નાખીને આમ આદમી પાર્ટીને તોડી નાખીએ, પરંતુ આજે તેમના મનસુબા ઉપર પાણી ફરી વળ્યું છે. આજે અરવિંદ કેજરીવાલજીના જેલમાં જવાથી તેઓ રાષ્ટ્રીય નેતા બની ગયા છે અને સમગ્ર વિશ્વમાં તેમની નોંધ લેવાઈ છે. આજે આમ આદમી પાર્ટીમાં ન હોય તેવા લોકો પણ કેજરીવાલજીને સમર્થન આપી રહ્યા છે. માટે આજે સમગ્ર દેશભરમાં એક દિવસના પ્રતિક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે ગુજરાતના પ્રદેશ કાર્યાલય ખાતે, ભાવનગર અને ભરૂચ લોકસભા ખાતે અને અલગ અલગ જિલ્લાઓમાં પણ લાખો કાર્યકર્તાઓએ આજે એક દિવસીય પ્રતીક ઉપવાસ કરીને અરવિંદ કેજરીવાલજીને સમર્થન આપ્યું છે.

અમે પ્રાર્થના કરી છે કે અરવિંદ કેજરીવાલજી જેલમાં સ્વસ્થ રહે, અમે આજે રામધુન પણ બોલાવી છે. જે રીતે અંગ્રેજો ભગતસિંહ અને મહાત્મા ગાંધીજી જેવા નેતાઓને જેલમાં નાખીને તેમના આંદોલનને કચડવાની કોશિશ કરતા હતા, તે જ રીતે ભાજપે પણ અરવિંદ કેજરીવાલજીને જેલમાં નાખીને એક મોટી ભૂલ કરી છે.

# સવારે ઉઠવામાં આળસ થાય છે?



## અપનાવો આ જબરદસ્ત ટિપ્સ

સવારે વહેલા ઉઠવાથી આપણાં શરીરને તેનો ઘણો બધો બેનિફિટ થાય છે. જોકે, ઘણાં લોકોને વહેલા ઉઠવામાં આળસ થાય છે. જે લોકો વહેલાં ઉઠે છે તેમના બધા કામ પણ ઝડપથી થઈ જતા હોય છે. આ સાથે જ તેઓ વધારે સ્ફૂર્તિ અનુભવે છે. પણ ઘણા લોકો સવારે વહેલાં ઉઠવામાં ખુબ આળસ કરતા હોય છે. જો તમે પણ તેમાંથી એક છો, તો ચાલો તમને જાણાવીએ આળસ દૂર કરવાની શાનદાર ટિપ્સ.

**આળસ |** જો સવારે વહેલાં તમારી ઊંઘ ન ઉડતી હોય આળસ થતી હોય તો તમે અપનાવી શકો છો આ ટિપ્સ. એલાર્મ સેટ કરો અને તેની એક રિંગમાં ઊઠવાનો અને થોડી શારીરિક પ્રવૃત્તિ કરવાનો પ્રયાસ કરો. ઘર કે ગાર્ડનમાં કે રસ્તા પર ચાલવા જઈ શકો છો. તેનાથી તમારા શરીરને અને મનને તાજગીનો અહેસાસ થશે.

### 7 થી 8 કલાકની ઊંઘ ફરજિયાત લેવી

ઘણાં લોકોને સવારે વહેલા ઉઠવામાં આળસ થતી હોય છે. એવામાં જે લોકો નિયમિત સવારે વહેલાં ઉઠે છે, એ પોતે જ એક મોટું કામ કરે છે એવું સમજી લો. ઘણાંને તો સવારે વહેલાં ઉઠવાનું પસંદ જ નથી, ઉઠ્યા પછી પણ પથારીમાં પડ્યાં રહે છે. આવા આળસુ લોકોની હેલ્થ જલદી બગડે છે. સવારે વહેલાં ઉઠવા માટે રાત્રે વહેલાં સુવુ પડશે. એટલું નહીં તમારે શરીરને આરામ આપવા માટે રોજ નિયમિત 7 થી 8 કલાકની ઊંઘ લેવાની જરૂર છે.

### રૂટિન ચેન્જ કરો

સૂતા પહેલા તમે એવો નિત્યક્રમ બનાવો જે તમને સવારે વહેલા ઉઠવામાં મદદ કરશે. તમે સૂતા પહેલા પુસ્તક વાંચી શકો છો અથવા તમે સ્નાન કરીને સૂઈ શકો છો, આવી સ્થિતિમાં તમને ઊંઘ સારી લાગશે અને સવારે ઉઠવામાં તમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. કારણકે, ઘણા લોકોને સવારે વહેલું ઉઠવું ગમતું નથી. જો તેઓ વહેલા જાગી જાય તો પણ આખો દિવસ આળસથી ભરેલો રહે છે.



### યોગાસન

સારી ઊંઘ માટે તમે રાત્રે સૂતા હોવ ત્યારે યોગ કરો અને સૂઈ જાઓ. આનાથી તમને સારી ઊંઘ આવશે અને તમે સવારે ઉઠવામાં આળસ નહીં અનુભવો.



### કેફીન સમૃદ્ધ થી દૂર

જો તમે કોઈ પણ આળસ વગર સવારે વહેલા ઉઠવા માંગતા હોવ તો તમારે રાત્રે ડાર્ક ચોકલેટ, કોફી, ચા જેવી કેફીનયુક્ત વસ્તુઓનું સેવન ન કરવું જોઈએ. તે શરીરને અમુક અંશે આળસુ પણ બનાવે છે. જો તમે ઈચ્છો તો રાત્રે સૂતા પહેલા 1 ગ્લાસ દૂધ પી શકો છો.



# ચહેરા પર વધી રહી છે ઓપન પોર્સની સમસ્યા

## અપનાવો રસોઈના આ નુસખા

ત્વચાના છિદ્રો ખુલવા એ સામાન્ય સમસ્યા છે. આપણામાંથી ઘણાને પણ આનો સામનો કરવો પડે છે. ચહેરાની આ સમસ્યા કોઈને પણ પરેશાન કરી શકે છે. જો કે આ જીવન માટે જોખમ નથી, પરંતુ તે ચોક્કસપણે પિમ્પલ્સ અને ખીલનું કારણ છે. આ છિદ્રો મોટે ભાગે તમારા કપાળ, નાક, ગાલ અને ગાલ પર જોઈ શકાય છે. જો કે તેને ઠીક કરવું સરળ નથી, પરંતુ તેને અમુક હદ સુધી રોકી શકાય છે અને આવી ઘણી કુદરતી વસ્તુઓ તમારા રસોડામાં ઉપલબ્ધ છે, જેના દ્વારા તમે આ સમસ્યામાંથી રાહત મેળવી શકો છો.

### ચહેરા પર આ વસ્તુઓ લગાવવાથી ત્વચાનો રંગ સુધરે

**ગુલાબજળ**

ચહેરા પર ગુલાબજળ લગાવવાથી ત્વચાનો રંગ સુધરે છે અને ખુલ્લા છિદ્રો પણ ઓછા થાય છે. એક કોટન બોલ પર ગુલાબજળ લઈને ચહેરા પર લગાવો અને 15-20 મિનિટ પછી ધોઈ લો. દરરોજ આવું કરવાથી ફાયદો થાય છે.

**લીંબુનો રસ**

લીંબુનો રસ એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે અને ખુલ્લા છિદ્રોને ઘટાડવામાં મદદ કરે છે. લીંબુનો રસ પાણીમાં મિક્સ કરીને ચહેરા પર 15-10 મિનિટ સુધી લગાવો અને પછી ધોઈ લો.

**ટી ટ્રી ઓઈલ**

ટી ટ્રી ઓઈલ એન્ટીબેક્ટેરિયલ ગુણોથી ભરપૂર છે અને ખુલ્લા છિદ્રોને સાફ કરવામાં મદદ કરે છે. ટી ટ્રી ઓઈલનું એક ટીપું કેટલાક બેઝ ઓઈલમાં મિક્સ કરીને ચહેરા પર મસાજ કરો.

**કોથમીરની પેસ્ટ**

કોથમીર પીસીને પેસ્ટ બનાવો અને ચહેરા પર લગાવો. ધાણામાં હાજર એન્ટીઓક્સીડેન્ટ ખુલ્લા છિદ્રોને ઘટાડવામાં મદદ કરે છે.



# ટમીને ફ્લેટ કરવું છે!

## રોજ સવારે ભૂખ્યા પેટે પીઓ 4માંથી 1 ડ્રિંક

આપણામાંથી અનેક લોકો ઈચ્છે છે કે તેમનું શરીર ફિટ અને ટોન્ડ દેખાય પણ અનેકવાર લોકો ખાવા-પીવાની આદતોના કારણે પેટ અને કમરની આસપાસની ચરબીને વધારી છે. આ પછી બોડીનો ઓવરઓલ શેપ બગડી જાય છે. તેની અસર સુંદરતા પર પણ પડે છે. જો કે દરેક વ્યક્તિ માટે સવારે કે સાંજે ચાલવાનું કે કસરત કરવાનું શક્ય બનતું નથી જિમમાં કલાકો પરસેવો વહાવો પણ શક્ય બનતું નથી. તમે કોઈ ચોક્કસ ડાયટ પણ ફોલો કરી શકતા નથી કારણકે તમારું શિડ્યુલ ઘણું વ્યસ્ત રહે છે. તો તમે સવારના સમયે કેટલાક ખાસ અને સરળતાથી બની જતા ડ્રિંકને પસંદ કરી શકો છો. તે તમારા સ્વાસ્થ્યની ફિટનેસ માટે મદદ કરશે. તો તમે તેને આજથી જ પીવાનું શરૂ કરો.



### ગ્રીન ટી

ગ્રીન ટીને હંમેશા દૂધ અને ખાંડની ચા સાથે સારો વિકલ્પ બની શકે છે. આ માટે સવારે ખાલી પેટે તેને પી લેવી ફાયદારૂપ રહે છે. તેનાથી તમે ફિટ રહી શકો છો. તેનો સ્વાદ ભલે કડવો હોય પણ ગ્રીન ટી વજન ઘટાડવામાં મદદ કરી શકે છે.



### લીંબુ પાણી

આ પાણી વજન ઘટાડવાનો સારો વિકલ્પ બની શકે છે. તેને માટે તમે સવારે ઉઠીને એક ગ્લાસ હૂંફાળું પાણી લો અને તેમાં લીંબુ નીચોવી લો. કાળું મીઠું ઉમેરો અને પછી આ પાણી પી લો. નિયમિત રીતે આમ કરવાથી વજન ઘણે અંશે ઓછું થઈ જશે.

### અજમાનું પાણી

અજમાનું પાણી એક એવો મસાલો છે જે દરેક રસોઈમાં હોય છે. તેને કેરમ સીડ્સ પણ કહેવામાં આવે છે. તેને ખાવાથી મેટાબોલિઝમ રેટ વધી જાય છે. તેના કારણે વજન ઘટાડવામાં મદદ મળી જાય છે. એક ગ્લાસ પાણીમાં અજમો મિક્સ કરીને રાતભર રહેવા દો. સવારે તેને ગાળીને પી લેવાથી રાહત મળશે.



### વરિયાળીનું પાણી

વરિયાળીને સવારે ભોજન કર્યા બાદ ચાવવામાં આવે છે. કેમકે તેનો ઉપયોગ નેચરલ માઉથ ફ્રેશનરના રૂપમાં કરાય છે. એક ગ્લાસ પાણીમાં મીઠું અને વરિયાળીને મિક્સ કરી લો અને રાતભર પલાળીને રાખો. સવારે તેને સુતરાઉ કપડાથી ગાળી લો અને પછી પીઓ.



# ઓહ!!! શકીલ...બેટા!!! શકીલ તારી અમ્મી તને ગમે તેમ કરીને બચાવશે

**નુર મહમદ એ મોબાઈલ પર હેલ્લો બોલી ચૂપ થઈ ગયેલી બેગમ ને ઢંઢોળી ને જગાડતા પૂછ્યું કે ભાભી જાન,ક્યાં ખોવાઈ ગયા છો? ગુજરા હુવા જમાના યાદ કરના નહિ ચાહીયે ક્યું કી વો વકત ઔર ઈસ વકત મે ફર્ક હે...**



**મર્ડર મિસ્ટ્રી કેસ**

- રુપાલી દવે

....ઓહ!!નો,દગો..દગો પણ કેમ કર્યો?એને શું નહતું આપ્યું? નૂરી એ ફરી એની સગી મોટો બહેન સાથે દગો કર્યો..પણ કેમ? નૂરી અને એના આશિક ઈન્સ્પેક્ટર અર્જુનને લાઈફ ટાઈમ સૂતાં સૂતાં ખાય ને ઉડાડે એટલા રૂપિયા આપ્યા છે.લાગે છે બન્ને સી.બી.આઈ ઓફિસર રઘુની હત્યા અને એની દીકરી રુચિ નું અપહરણ નું ઈનામ આટલી જલદી ભૂલી ગયા લાગે છે..બેગમ એ ગાર્ડન ના ઝાડ પર બેઠેલા યુગલ પક્ષીઓ પર નિશાન તાકી પિસ્તોલ નું ટ્રિગર દબાવ્યું. ગોળીબાર નો અવાજ સાંભળી ને ઝુબેદા એ બંગલા માંથી બહાર નીકળી ને પૂછ્યું શું થયું આપા? ત્યાં આવું આપને શિકાર માં મદદ કરવા..બેગમ એ સહેજ સ્માઈલ આપ્યું ને કીધું કે ઝુબેદા,તને નથી લાગતું તારી આપા ની ઉમંર વધવા લાગી છે.મે વિશ્વાસ કરવામાં ભૂલ કરી નાખી,પણ હવે શું? ખાખી વર્દી પર વિશ્વાસ મૂકીને મોટા માં મોટી ભૂલ કરી..શું કરીશ? આ બધામાં નિર્દોષ મારો દીકરો શકીલ ફસાઈ જશે તો.. એનો ઉછેર ભાઈજાન એ કુમળા ફૂલ ની જેમ કર્યો છે.એને તો બેનામી ધંધા ની એ બી સી ડી પણ ખબર નથી.કદાચ શકીલ કડક પોલીસ ઓફિસર ના રિમાન્ડ હેઠળ આવશે તો શું જવાબ આપશે? એ લોકો તો જુલમ કરીકરીને મારા શકીલ ને અધમૂઓ કરી મૂકશે..

ઝુબેદા એ મુનમુન બેગમ ની નજીક આવી ધીમેથી કહ્યું કે મને ભરોષો છે કે શકીલ નો વાળ પણ વાંકો થશે નહિ..ચિંતા ના કરો કદાચ શકીલ અને અંજુમન ને જેલ ભેગા કરવા પાછળ કોઈ કારણ હશે..ઝુબેદા ના વિશ્વાસ થી ભરપૂર વાત સાંભળી ને બેગમ ને મનમાં રાહત તો થઈ પણ ભરોસો ના થયો.. ઝુબેદા ના કપાળ ને ચૂમતા બેગમ કીધું કે મેરી ભોલી ભાલી ઝુબેદા સદાય સાથ દેના.. સીર ફ્ટ રહા હે કોફી..ઝુબેદા બેગમ થી શરમાઈ ને દૂર થતાં પાંપણ હલાવી ને હા બોલી બંગલા ની અંદર જતી રહી.

ઈન્સ્પેક્ટર અર્જુન પરનો ગુસ્સો કરતા મુનમુન બેગમ મનોમન બોલ્યા કે ઈન્સ્પેક્ટર તે મારી સાથે બાથ ભીડી ને સારું નથી કર્યું.શેર નો શિકાર કરવો સહેલો છે શેરની ને છંછેડવી મતલબ મોત ના મુખ મા હાથ નાખવો એ નક્કી...ઓહ!!શકીલ..બેટા!!શકીલ તારી અમ્મી તને ગમે તેમ કરીને બચાવશે..મુનમુન બેગમ એ ફટાફટ મોબાઈલ થી જુમન ને ફોન કર્યો..

જુમનના ફોન બંધ આવતો હતો ને ભાઈજાનના મોબાઈલ પર રીંગ જતા બેગમ ને ધ્રાસકો પડ્યો ને મનોમન બોલી કે જુમન પણ.. ના..ના એની વિચારવાની અને સમજવાની ચાલ ચિતાથી પણ ઝડપી ગતિ વાળી છે.એ એવી જગ્યા એ છુપાયો હશે ને કે કોઈના હાથ માં ક્યારેય લાગવાનો નથી. શકીલ ની સાથે અંજુમન ને પણ ઈન્સ્પેક્ટર અર્જુન એ પકડી જેલ મા પૂરી દીધી છે..કેમ?..સાસુ ના ખૂન ના ઈલઝામ માં..ના.ના અંજુમન એ એની સાસુ અને પતિનું ખૂન નહતું કર્યું એતો એકદમ નિર્દોષ છે છતાંય એને કેમ ગુનેગાર માફક પકડી ને કેદ કરી હશે? યા!!ખુદા,મેરે બચ્ચો કી મદદ કર,કાફિર સે દોના કા પીછા છૂટે.

અચાનક બેગમ નો મોબાઈલ રણકતા બેગમ એ ફોન માં અજાણ્યો નંબર જોતાજ ફટાફટ જુમન નો ફોન હશે સમજી ને પિક કરતા સામેથી વજનદાર અવાજ માં પુરુષ બોલ્યો કે બેગમ,પહેચાના બોલો કોન હું? આપકા રિસ્તેદાર સમજો તો હું..બેગમ ને લાગ્યું કે અવાજ તો જાણીતો છે પણ કોણ છે? નુર મહમદ તો નથી ને.ગફાર ખાન નો કાકા નો દીકરો ને મારો હમસફર..પાચ વર્ષ મારાથી ઉમંર માં નાના નુર ને ઉપવર્ષ ની ભાભી જાન સાથે ઈશ્ક થઈ ગયો હતો. મુનમુન બેગમ એ ઊંડો શ્વાસ લઈ બોલી 'નુર'..

એ દિવસો યાદ આવતા મનમાં બોલી કે થાય છે કે ગફાર ની એન્કાઉન્ટર માં હત્યા થઈ એ મારા જીવન નો બદલો હતો..ઓહ!એ દિવસો કેટલા ભયાનક હતા યાદ આવતા થાય છે કે એ મુનમુનને અત્યારની મુનમુન વચ્ચે જમીન અસ્માન નો ફર્ક છે. ઉપવર્ષ ની ચાર બાળકો ની માં ને ખબર પણ નહતી કે એનો ગુનો શું હતો? ગુનો માત્ર યુવાન નુર તરફ નજર પડતાં શરમાઈ ને નીચું જોઈ જવાનો હતો..હા!!કદાચ નુર ને જોતાજ એના તરફ એ ઉપવર્ષની ચાર બાળકો ની માં આકર્ષાય હતી પરંતુ બન્ને ભાભી દિયર વચ્ચે ની દીવાર ક્રોસ નહતી કરી..દુબઈ થી જન્નત મહેલ મા છ ફૂટ ઊંચા ને ભરાવદાર શારીરિક બાંધો ધરાવતા અતિશય દેખાવડા નુર અહમદની એન્ટ્રી થતાં જ લાગ્યું હતું કે કાશ નુર મારા જીવનમાં હોત તો લાઈફ ખૂબ સુરત બની હોત..

ચાર દીકરા ની માં ના મનમાં રમતા વિચારો આધેડ વયના ઉમર ના પતિ ગફાર ખાનની આંખથી છુપ્યા નહતા.સમજી ગયો હતો કે પોતાનાથી અડધી થી વધારે ઉમંર નાની પત્ની ને નુર માં રસ પડી ગયો છે. શરૂઆત માં પત્ની મુનમુન પર અત્યંત જોર જુલમ ગુજાર્યો છે એટલે આમપણ એ ચાર દીકરાની માં ભલે બની ગઈ. એણે વિચાર્યું કે આગ માં દીવાસળી પડશે તો ભડકો થશે પણ આગ ઠંડી ઠંડી શેકાવવાથી ખુદ અંદરથી બળવા લાગશે તો એ ઠંડી આગ શેકવાની મજા માણીશ.નુર ની હાજરી કે ગેર હાજરીમાં સતત રાત દિવસ પડછાયાની જેમ રહી ને સતત નોકર ચાકરની હાજરી માં અપમાનિત કરવાનો એક પણ મોકો છોડતો નહતો.સતત ત્રણ વર્ષ નુર "મુમતાઝ મહલ" માં રહીયો ત્યાં સુધી ગફાર ખાન એ શારીરિક માનસિક અસહ્ય અત્યાચારો સતત કર્યા હતા.

નુર મહમદ એ મોબાઈલ પર હેલ્લો બોલી ચૂપ થઈ ગયેલી બેગમ ને ઢંઢોળી ને જગાડતા પૂછ્યું કે ભાભી જાન,ક્યાં ખોવાઈ ગયા છો? ગુજરા હુવા જમાના યાદ કરના નહિ ચાહીયે ક્યું કી વો વકત ઔર ઈસ વકત મે ફર્ક હે.. ઈસ વકત કી બેગમ..મુનમુન બેગમ અંધારી આલમ ની ડોન આપ છો..મુનમુન બેગમ એ ખડખડાટ અટ હાસ્ય કરતા કહ્યું કે નુર,તેરે જાલીમ ડોન ને ઈતના સતાયા થા ની કી અંત મે મારના પડા.. નુર તુમતો જેલ મે થે ઉમર કેદ કી સજા હુઇ થી તો જેલ સે બહાર કૈસે..નુર એ સહેજ સ્મિત ફરકાવી ને કહ્યું કે ક્યાં કરું જેલ મે અધુરી મહોબત સાતા રહી થી અંજામ દેના ચાહતા હું ઈસલિએ યુ.એસ સે ભાગ કર દુબઈ વાપસ આ ગયા હું. ભાભી જાન,મેરે લાયક કામ બતાવો..

અજાણ્યો નંબર ચાલુ વાતમાં ફ્લેશ થતાં બેગમ એ ખુદા હાફિશ બોલી ને નુરનો મોબાઈલ કટ કર્યો. એ અજાણ્યો નંબર પિક કરતા હેલ્લો કોણ પૂછવા જતી હતી ત્યાંજ જૂમન બોલ્યો કે ભાભી જાન,યુ.પી થી બંગાળ ભાગી ને ભૂગર્ભ માં છુપાઈ ને બેઠો છું.સી.બી. આઈ ઓફિસર રઘુ નું ખૂન અને એની દીકરીનું અપહરણ થઈ જતાં પોલીસ એલર્ટ બની ગઈ છે. ભાઈજાન અને ઈન્સ્પેક્ટર અર્જુનએ પેતારો રચીને શકીલ અને અંજુમન ને જેલ મા સેફ રહે એટલે કેદ કરી દીધા છે..

ગભરાવા ની જરૂર નથી. ખાસ વાત સાંભળો ભારત તરફ આવતા માલ ની ડિલિવરી અમુક દિવસો રોકવી પડશે.સી.બી. આઈ ની દીકરી રુચિનું અપહરણ બાદ સ્ટેટ પોલીસ અને યુ.પી ના ગલી કુચા નાળા બધેય ફરી વળી છે.કલકતા માં પણ લોકલ પોલીસ તંત્ર નિષ્ક્રિય લાગતા સ્ટેટ નું પોલીસ તંત્ર સાબદુ થઈ ગયું છે.. જ્યાં સુધી મેસેજ ના કરું ત્યાં સુધી એકપણ સંપર્ક ભારતના સગા સબંધીઓ કે અન્ય સાથે કરવાનું ટાળજો..

મોબાઈલ કટ થતાં બેગમ એ ઊંચે આકાશ તરફ નજર કરતા બોલ્યા કે પ્લાન અનુસાર સી.બી. આઈ ઓફિસર નું ખૂન કરવાનું નક્કી કર્યું હતું.. દીકરીનું અપહરણ કોણે કર્યું હશે? ભાઈજાન..ના.ના..તો..



# અનુપમ ખેરે લવ લાઈફ સાથે જોડાયેલી સ્ટોરી શેર કરી...

## ડેટ પર ગર્લફ્રેન્ડને શંકા જતા મારા મોઢા પર બધો ખોરાક ફેંકીને જતી રહી હતી...

(એજન્સી) મુંબઇ | અનુપમ ખેરે તેમના પોડકાસ્ટ શો 'અનુપમ કેયર્સ'માં તેમના પ્રેમ જીવન સાથે સંબંધિત એક કિસ્સો સંભળાવ્યો. તેમણે કહ્યું કે એકવાર તે તેની ગર્લફ્રેન્ડ સાથે ડેટ પર ગયો હતો. તેની ગર્લફ્રેન્ડનું નામ રાધા હતું. તેની સામેના ટેબલ પર ત્રણ છોકરીઓ બેઠી હતી. જેઓ એકબીજાની સાથે વાત કરતાં ખૂબ હસતા હતા. અભિનેતાએ જણાવ્યું કે તેની ગર્લફ્રેન્ડને લાગ્યું કે તેમાંથી એક યુવતી અનુપમની ગર્લફ્રેન્ડ છે. રાધા ગુસ્સાથી ઉભી થઈ અને અનુપમને પૂછ્યું કે તેમાંથી તમારી ગર્લફ્રેન્ડ કઈ છે.

રાધાનો પ્રશ્ન સાંભળીને અનુપમને નવાઈ લાગી. તેણે રાધાને આવી વાત ન કરવા કહ્યું. પણ તે સાંભળવા તૈયાર ન હતી. અનુપમે જણાવ્યું કે તે સમયે માહોલ ખૂબ જ ખરાબ થઈ ગયો હતો. રાધાનો ગુસ્સો વધી ગયો અને તેણે ટેબલ પર રાખેલો બધો જ ખોરાક ઉપાડીને અનુપમ પર ફેંકી દીધો. તેના માથા પર નૂડલ્સ લટકતા હતા. શાકથી આખો શર્ટ બગડી ગયો હતો. તે દિવસ પછી તે ક્યારેય રાધાને મળ્યો નથી કે વાત કરી નથી.

સંઘર્ષના દિવસો દરમિયાન અનુપમ ખેર કિરણ ખેરને મળ્યા, જે ફિલ્મોમાં સ્થાન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. આ દરમિયાન બંનેને નાદિરા બબ્બરના નાટક 'ચાંદપરી કી ચંપાબાઈ'માં સાથે કામ મળ્યું. બંને પ્લે માટે કોલકાતા ગયા હતા, જ્યાં અનુપમે કિરણ સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. કિરણ તરત જ રાજી થઈ ગઈ અને બંનેએ છૂટાછેડા લઈ 1985માં લગ્ન કરી લીધા. અનુપમે કિરણ ખેરના પુત્ર સિકંદરને પણ દત્તક લીધો હતો અને તેને તેની અટક આપી હતી. કિરણ અને અનુપમને પોતાનું કોઈ સંતાન નથી. અનુપમ ખેરે પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત 1982માં આવેલી ફિલ્મ 'આગમન'થી કરી હતી, પરંતુ અભિનેતાને ઓળખ 1984માં આવેલી ફિલ્મ 'સારાંશ'થી મળી હતી. તેમની 37 વર્ષની કારકિર્દીમાં તેમણે 450 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે.

# મુન્ના ભૈયા મિર્ઝાપુર 3માં જોવા નહીં મળે

## 'હું ત્રીજી સિઝનમાં જોવા નહીં મળું, આ પાત્રમાં મને ગૂંગળામણ થાય છે'




(એજન્સી) મુંબઇ | દિવ્યેન્દુ શર્મા હવે પ્રખ્યાત વેબ સિરીઝ 'મિર્ઝાપુર 3'માં બધાના ફેવરિટ મુન્ના ભૈયાના રોલમાં જોવા મળશે નહીં. આ વાતનો ખુલાસો ખુદ દિવ્યેન્દુએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કર્યો છે. તેણે કહ્યું કે, તે ત્રીજી સિઝનમાં જોવા નહીં મળે. તે કહે છે કે હવે તે આ પાત્રમાં ગૂંગળામણ અનુભવે છે. 'હ્યુમન્સ ઑફ બોમ્બે'ને આપેલા ઈન્ટરવ્યુમાં દિવ્યેન્દુએ કહ્યું, 'હું જાહેરાત કરું છું કે હું 'મિર્ઝાપુર સીઝન 3'નો ભાગ નથી.' દિવ્યેન્દુનું આ નિવેદન સાબિત કરે છે કે મુન્ના ભૈયાનું પાત્ર ખરેખર સીઝન 2ના મૃત્યુ પામ્યું હતું. આ હોવા છતાં, ચાહકોને આશા હતી કે તે ચોક્કસપણે સિઝન 3 માં જોરદાર પુનરાગમન કરશે. પરંતુ દિવ્યેન્દુએ પોતે આ અહેવાલો પર પૂર્ણવિરામ મૂક્યું છે. મુન્ના ભૈયાના પાત્ર વિશે જણાવતા દિવ્યેન્દુએ કહ્યું, 'મારા માટે મુન્નાનું પાત્ર નિ:શંકપણે પરેશાન કરતું પાત્ર હતું. જોકે હું શરૂઆતથી જ જાણતો હતો કે તે એક પાવરફુલ રોલ છે. પરંતુ મેં બબલુના રોલ માટે પહેલા ઓડિશન આપ્યું હતું. પરંતુ થોડા સમય પછી મને સમજાયું કે હું મુન્નાના રોલ માટે વધુ યોગ્ય છું.'

તેણે આગળ કહ્યું, 'જ્યારે હું આ પાત્રમાં હતો ત્યારે તેની મારા વ્યક્તિત્વ પર ઘણી અસર પડી હતી. આપણે કોઈ પણ પાત્રમાં વધુ ઊંડાણમાં ન જવું જોઈએ કારણ કે તે બહુ સરળ નથી. કેટલીકવાર આ ભૂમિકા ભજવવી મારા માટે ખરેખર અંધકારમય હતી. આમાં હું ગૂંગળામણ અનુભવવા લાગ્યો'.

દિવ્યેન્દુએ કહ્યું કે જ્યારે તમે આવા પાત્રમાંથી બહાર આવશો, ત્યારે તમને ખબર પડશે કે તમે ખરેખર કેવા અંધકારમાં હતા.

'મિર્ઝાપુર'ની પ્રથમ સિઝન 16 નવેમ્બર 2018ના રોજ એમેઝોન પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ કરવામાં આવી હતી. પંકજ ત્રિપાઠી, અલી ફઝલ, કુલભૂષણ ખરબંદા, દિવ્યેન્દુ શર્મા, વિક્રાંત મેસી, રસિકા દુગ્ગલ, શ્વેતા ત્રિપાઠી અને વિજય વર્મા જેવા કલાકારો તેમાં જોવા મળ્યા હતા. જ્યારે, બીજી સીઝન 23 ઓક્ટોબર 2022ના રોજ સ્ટ્રીમ કરવામાં આવી હતી. હવે તેની ત્રીજી સિઝન આ વર્ષે રિલીઝ થશે. હાલમાં મેકર્સે તેની રિલીઝ ડેટ જાહેર કરી નથી.

## 'પુષ્પા-ટુ'માં ક્રિકેટર ડેવિડ વોર્નર મહેમાન ભૂમિકામાં જોવા મળશે

અલ્લુ અર્જુનની પુષ્પા ટુની ટીઝર ૮એપ્રિલના રોજ રિલીઝ થવાની ઘોષણા કરવામાં આવી છે. આ પછી અલ્લુ અર્જુનના પ્રશંસકો સાથેસાથે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નર પણ ઉત્સાહિત છે. તેણે અલ્લુ અર્જુનની એક પોસ્ટ પર હસતા ઈમોજી સાથે ગેસ્ટ અપીયરન્સ જેવી કોમેન્ટ કરી હોવાથી તે આ ફિલ્મમાં મહેમાન ભૂમિકામાં હોવાની લોકોમાં અટકળ થઇ રહી છે. એટલું જ નહીં ક્રિકેટર ડેવિડ વોર્નરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પુષ્પા ટુનું પોસ્ટર પણ શેર કર્યું છે અને કેપ્શનમાં લખ્યું છે કે, હું બહુ આતુરતાથી રાહ જોઇ રહ્યો છું. જ્યારે અભિનેતાએ પણ તેનો આભાર માન્યો છે. અલ્લુ અર્જુને વાસ્તવમાં ૫ એપ્રિલના રોજ ઈન્સ્ટાગ્રામ પરના એકાઉન્ટ પર પુષ્પા ટુનું પોસ્ટર શેર કર્યું છે. અભિનેતા ડરામણા લુકમાં હાથમાં ત્રિશુલ લઈને અને બીજા હાથે હવામાં લાલસિંદુર ઊડાડતો જોવા મળે છે. સાથે તેણે ૮ એપ્રિલના રોજ ટીઝર રીલીઝ કરવામાં આવશે તેવી હિન્ટ આપી છે.



# બડે મિયાં-છોટે મિયાં માટે કેટરિના પહેલી પસંદ હતી

## ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે કહ્યું, 'મારી દરેક ફિલ્મ માટે હું સૌથી પહેલા તેનો સંપર્ક કરું છું'

(એજન્સી) મુંબઇ | ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' 10 એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થશે. હાલમાં જ સમાચાર સામે આવ્યા છે કે ફિલ્મની લીડ ફીમેલ રોલ માટે કેટરીના કૈફનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તે આ માટે સંમત ન હતી. કારણ એ છે કે તે દિવસોમાં તે બીજા કોઈ પ્રોજેક્ટમાં વ્યસ્ત હતી. આ વાતનો ખુલાસો ફિલ્મના નિર્દેશક અલી અબ્બાસ ઝફરે કર્યો છે. તેણે કેટરિના સાથેના તેના બોન્ડિંગ વિશે પણ વાત કરી છે. 'જ્યારે પણ ફિલ્મ બનાવવાની વાત આવે છે ત્યારે કેટરીના હંમેશા મારી પહેલી પસંદ હોય છે. જો હું તેને કાસ્ટ ન કરું, તો તે મને બોલાવે છે અને કહે છે - તમે મને તમારી ફિલ્મમાં કેમ નથી લેતા? આ વખતે પણ તેણે એવું જ કહ્યું. મેં જ્યારે પણ તેની સાથે કામ કર્યું છે, એક નિર્દેશક અને અભિનેતા તરીકે, અમે બંનેએ સારો બોન્ડ શેર કર્યો છે. કેટરિના અમારી ફિલ્મનો હિસ્સો બની શકી નથી કારણ કે તે બીજા કોઈ કામમાં વ્યસ્ત હતી. મને આશા છે કે તે મારી આગામી ફિલ્મમાં ચોક્કસપણે કામ કરશે'. કેટરિનાની એક્ટિંગના વખાણ કરતા અલીએ કહ્યું, 'મને લાગે છે કે એક અભિનેત્રી તરીકે તેની પાસે ઘણી શક્તિ છે. ફિલ્મ 'ભારત' હોય, 'મેરે બ્રધર કી દુલ્હન' હોય કે 'ટાઈગર ઝિંદા હૈ', તેણે મારી સાથે શાનદાર કામ કર્યું છે. જ્યારે પણ હું ફિલ્મ બનાવું છું, ત્યારે મને ચોક્કસથી તેનો ફોન આવે છે'.

'બડે મિયાં છોટે મિયાં' ઈદ પર સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ, પૃથ્વીરાજ સુકુમારન, માનુષી છિલ્લર અને અલાયા એફ જેવા કલાકારો જોવા મળશે. આ ફિલ્મની ટક્કર અજય દેવગન સ્ટારર 'મેદાન' સાથે થશે. કેટરિના કૈફના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે 'મેરી ક્રિસમસ ફિલ્મમાં જોવા મળી હતી. આમાં તેણે વિજય સેતુપતિ સાથે સ્ક્રીન શેર કરી હતી. તે જ સમયે, 2023 માં, તે સલમાન ખાન સાથે ફિલ્મ 'ટાઈગર 3' માં જોવા મળી હતી. આગામી સમયમાં તે કાર્તિક આર્યન સાથે 'ચંદુ ચેમ્પિયન' ફિલ્મમાં જોવા મળશે. એવા પણ અહેવાલ છે કે તે અલી અબ્બાસની એક ફિલ્મમાં જોવા મળી શકે છે.

# ઓછી પોસ્ટ કરો, વધારે કામ કરો...પ્રેગનન્સી વચ્ચે દીપિકા પાદુકોણે કરી ઈન્સ્ટા પોસ્ટ

પ્રેગનન્ટ દીપિકા પાદુકોણે શેર કરી ક્રિપ્ટિક નોટ



(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણે પ્રેગનન્સીના સમયમાં એક ક્રિપ્ટિક નોટ શેર કરી છે. જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. તેમની આ પોસ્ટમાં વધારે પ્રાર્થના કરવાનું અને સાથે ઓછી ફરિયાદ કરવાનો ઉલ્લેખ છે. ઉલ્લેખનીય છે કે દીપિકા જલ્દી પહેલા બાળકની માતા બનવાની છે. તે સપ્ટેમ્બરમાં બાળકને જન્મ આપશે. હાલમાં તે પ્રેગનન્સીને એન્જોય કરી રહી છે અને કામ પણ કરી રહી છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર નોટ શેર કરી છે. તેમાં લખ્યું છે ઓછી પોસ્ટ કરો અને વધારે કામ કરો. તુલના ઓછી કરો, ફરિયાદ ઓછી કરો, પ્રાર્થના કરો, ચર્ચા ઓછી કરો અને વધારે મેળવો. 38 વર્ષની દીપિકાએ સોશિયલ મીડિયા પર છેલ્લી પોસ્ટ ત્યારે કરી હતી જ્યારે તેઓએ પતિ રણવીર સિંહ સાથે ફેન્સને પ્રેગનન્સીના સારા સમાચાર આપ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં કપલે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે સપ્ટેમ્બર 2024. આ પોસ્ટમાં બાળકોના કપડા, રમકડા અને બલૂન્સ પણ હતા. બંનેએ 2018માં ઈટલીના લેક કોમોમાં લગ્ન કર્યા હતા. આ પહેલા અનેક વર્ષો સુધી બંને એકમેકને ડેટ કરી ચૂક્યા હતા.

રણવીર અને દીપિકાએ લગ્ન પહેલા અને લગ્ન બાદ પણ અનેક ફિલ્મોમાં સ્ક્રીન શેર કરી છે. બંને પદ્માવત, બાજીરાવ મસ્તાની, ગોલીઓ કી રાસલીલા: રામલીલા, 83 અને સર્કસમાં પણ સાથે સ્પેશલ ડાન્સ સોન્ગમાં જોવા મળ્યા. બંનેએ સિંઘમ અગેન પણ સાથે જ કરી. તેનું શૂટિંગ ચાલી રહ્યું છે અને ફિલ્મ આ વર્ષના અંતમાં રીલિઝ થઈ શકે છે.

સમાચાર એવા પણ છે કે વર્ક કમિટમેન્ટના કારણે દીપિકા આ વખતે મે મહિનામાં ન્યૂયોર્કમાં થનારી મેટ ગાલા 2024માં સામેલ થઈ શકશે નહીં. તેઓએ 2017માં આ મેગા ઈવેન્ટમાં ડેબ્યૂ કર્યું હતું. તેઓએ 3 વર્ષ સુધી રેડ કાર્પેટની શોભા વધારી છે. આ સિવાય તે કાન્સ, ઓસ્કર અને ફીફા વર્લ્ડ કપનો પણ ભાગ રહી ચૂકી છે. દીપિકા, પ્રભાસ અને કમલ હાસન અને અમિતાભની ફિલ્મ કલ્કિ 2898 એડી 9 મેના રોજ રીલિઝ થવાની હતી. નાગ અશ્વિનની આ સાયન્સ-ફિક્શન મૂવીના પોસ્ટપોન થવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે કેમકે એપ્રિલથી જૂનમાં લોકસભા ઈલેક્શન્સ છે, તો શક્ય છે કે મેકર્સ જલ્દી નવી તારીખની જાહેરાત કરી શકે છે.

# હું મારી ભાષામાં ખૂબ જ કમ્ફર્ટેબલ છું: રણબીર કપૂર

(એજન્સી) મુંબઇ | બોલિવૂડના ઘણા કલાકારોએ હોલિવૂડની ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવ્યું છે. રણબીર કપૂરને તેના હોલિવૂડ ડેબ્યૂ વિશે પણ વારંવાર સવાલો પૂછવામાં આવે છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન રણબીર કપૂરે કહ્યું હતું કે, તે હોલિવૂડની ફિલ્મો કરવા માગતો નથી. હોલિવૂડની ફિલ્મો કરવાને બદલે તે ભારતીય સિનેમામાં યોગદાન આપવા માગે છે કારણ કે તેને તેની ભાષામાં અનુકૂળતા છે. ફિલ્મ 'એનિમલ' રણબીર કપૂરના કરિયરમાં માઈલસ્ટોન ફિલ્મ સાબિત થઈ. ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મે બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી હતી. સંદીપ રેડ્ડી વાંગાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં લોકોને રણબીર કપૂરનું એક અલગ પાત્ર જોવા મળ્યું. જો કે આ ફિલ્મમાં રણબીર કપૂરના પાત્રને ડોમિનેટિંગ પણ ગણાવ્યું હતું. ઘણી ટીકાઓ છતાં પણ આ ફિલ્મને આખી દુનિયામાં ખૂબ પસંદ કરવામાં આવી હતી.

આ ફિલ્મની સફળતા બાદ રણબીર કપૂરને વારંવાર પૂછવામાં આવે છે કે શું તેમનું આગામી પગલું હોલિવૂડની ફિલ્મો તરફ રહેશે? પરંતુ રણબીર કપૂર પોતાને માત્ર બોલિવૂડ ફિલ્મોમાં જ આરામદાયક માને છે. રણબીર કપૂર કહે છે 'હું બોલિવૂડમાં મારું નામ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. મને લાગે છે કે જો તમે ખરેખર વિશ્વભરમાં પોતાનું નામ બનાવવા માગતા હો, તો તમારે તે તમારી સંસ્કૃતિ અને પાત્ર સાથે કરવું જોઈએ.' આ દિવસોમાં રણબીર કપૂર ડિરેક્ટર નીતીશ તિવારીની ફિલ્મ 'રામાયણ'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ સિવાય રણબીર નિર્માતા નિર્દેશક સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર'માં પત્ની આલિયા ભટ્ટ સાથે સ્ક્રીન શેર કરશે. 'એનિમલ'ની સિક્વલ 'એનિમલ પાર્ક'ની પણ તૈયારીઓ ચાલી રહી છે.

# ફિલ્મ રામાયણના સેટ પર નો-ફોન પોલિસી લાગુ

## ડિરેક્ટર નિતેશ તિવારીએ ફોટો-વિડિયો લીક થયા બાદ આ નિર્ણય લીધો...



(એજન્સી) મુંબઇ | હાલમાં જ નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'ના સેટ પરથી કેટલીક તસવીરો અને વીડિયો વાઈરલ થયા હતા. નિતેશ તિવારીને સેટ પરની આ ઘટના બિલકુલ પસંદ આવી નથી. આવી સ્થિતિમાં, આ ઘટના પછી, તેઓએ સેટ પર નો-ફોન પોલિસી લાગુ કરી છે. ફિલ્મની નજીકના એક સૂત્રએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે નિર્દેશક અને તેમની ટીમે શૂટિંગ શરૂ થાય ત્યારે વધારાના સ્ટાફ અને ક્રૂને સેટની બહાર રહેવાની સૂચના આપી છે. સીન મુજબ માત્ર જરૂરી સ્ટાર્સ અને ટેકનિશિયનને જ સેટ પર રહેવા માટે કહેવામાં આવ્યું છે. અન્ય તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા સેટ પરથી કેટલીક તસવીરો વાઈરલ થઈ હતી. તસવીરો પરથી ખબર પડી કે અરુણ ગોવિલ ફિલ્મમાં રાજા દશરથના રોલમાં જોવા મળશે. જ્યારે રાણી કૈકેયીના રોલમાં લારા દત્તાને કાસ્ટ કરવામાં આવી છે.પિંકવિલાના રિપોર્ટ અનુસાર, ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું કે ફિલ્મ સિટીમાં ગુરુકુલનો સેટ તૈયાર થઈ ગયો છે. અહીં ફિલ્મના પહેલા શેડ્યૂલમાં રામ, લક્ષ્મણ અને ભરતના બાળપણની ભૂમિકા ભજવતા બાળ કલાકારો શૂટિંગ કરી રહ્યા છે. ઈન્ડિયા ટુડેના અહેવાલો અનુસાર, રણબીર પણ ટૂંક સમયમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. નિર્માતાઓ અને તેમની ટીમ ઈચ્છે છે કે રણબીરના કોઈ વાસ્તવિક ફૂટેજ લીક ન થાય. આ કારણોસર, તેઓ સેટ પર તેની બૉડી ડબલ રાખવાનું પણ વિચારી રહ્યા છે. મેકર્સ ફિલ્મ ;રામાયણ;ને 3 ભાગમાં રિલીઝ કરશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પ્રથમ ભાગ આવતા વર્ષના બીજા ભાગમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં રણબીર ઉપરાંત સાઈ પલ્લવીને માતા સીતાના રોલમાં કાસ્ટ કરવામાં આવી હતી. જ્યારે કેજીએફ સ્ટાર યશ રાવણના રોલમાં જોવા મળી શકે છે. આ સિવાય રવિ દુબે લક્ષ્મણના રોલમાં અને સની દેઓલ હનુમાનના રોલમાં જોવા મળી શકે છે.

# 11 વર્ષની ઉંમરે દિલજીતને તેના માતા-પિતાએ કર્યો હતો દૂર

## બોલ્યો, 'મને પૂછ્યા વગર મારા મામાના ઘરે મોકલી દેવામાં આવ્યો, પરિણામે આજે અમારી વચ્ચે અંતર'



(એજન્સી) મુંબઇ | જ્યારે ગાયક-અભિનેતા દિલજીત દોસાંજ 11 વર્ષના હતા, ત્યારે તેમને લુધિયાણામાં તેમના મામાના ઘરે મોકલવામાં આવ્યા હતા. દિલજીત મામા સાથે શહેરમાં જવા માગતો ન હતો. તે તેના માતા-પિતા સાથે ગામમાં જ રહેવા માગતો હતો. પરંતુ કોઈએ તેને પૂછ્યું પણ ન હતું કે તે લુધિયાણા જવા માગે છે કે નહીં સીધો જ મોકલી દેવામાં આવ્યો હતો. આનું પરિણામ એ આવ્યું કે તેમની અને તેમના માતા-પિતા વચ્ચે એક અંતર હતું જે આજે પણ છે.

પોતાના બાળપણના દિવસો વિશે વાત કરતા દિલજીતે કહ્યું- હું 11 વર્ષનો હતો, જ્યારે હું મારું ઘર છોડીને લુધિયાણા આવ્યો અને મારા મામા સાથે રહેવા લાગ્યો. આ કારણે હું ઘણી મુશ્કેલીમાં હતો. આ બાબતે કોઈએ મારી સંમતિ લીધી નથી. મામાએ માતા-પિતાને કહ્યું કે તેમને મારી સાથે મોકલો. કંઈપણ વિચાર્યા વિના મારા માતાપિતાએ મને તેમની સાથે મોકલી દીધો. મને એક વાર પણ પૂછ્યું નહીં. દિલજીતે કહ્યું કે તે સમયે ટેલિફોનનો પણ બહુ ક્રેઝ નહોતો. જેના કારણે સંબંધોમાં વધુ અંતર આવી ગયું. તેમણે કહ્યું- તે સમયે અમારી પાસે મોબાઈલ નહોતો. જો મારે ઘરે ફોન કરવો હોય અથવા મારા માતા-પિતાનો ફોન આવે તો પણ અમારે તેના માટે પૈસા ખર્ચવા પડતા હતા. આવી સ્થિતિમાં, હું મારા માતા-પિતાથી વધુ દૂર જવા લાગ્યો. દિલજીતે વધુમાં કહ્યું- હું હજી પણ મારી માતાનું ખૂબ સન્માન કરું છું. પિતા ખૂબ સારા વ્યક્તિ છે. તેણે મને ક્યારેય કશું પૂછ્યું નહીં. તેમણે પૂછ્યું પણ ન હતું કે હું કઈ શાળામાંથી ભણ્યો છું. પણ મેં તેમની સાથેનો મારો સંબંધ તોડી નાખ્યો. માત્ર તેમની સાથે નહીં પણ દરેક સાથે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, દિલજીત આગામી સમયમાં ફિલ્મ 'અમર સિંહ ચમકીલા'માં જોવા મળશે. જેમાં પરિણીતી ચોપરા પણ જોવા મળશે. આ ફિલ્મ સ્વર્ગસ્થ પંજાબી ગાયક અમર સિંહ ચમકીલાના જીવન પર આધારિત છે. આ ફિલ્મ 12 એપ્રિલે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે.

# IPLમાં વિરાટ કોહલીએ 7500 રન પૂરા કર્યા

## સૌથી વધુ સદી પણ કિંગ કોહલીના નામે; 100મી IPL મેચમાં બટલરે ફટકારી સદી; ટોપ રેકોર્ડ્સ



(એજન્સી) જયપુર | તા.07

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં શનિવારે 17મી સિઝનની પ્રથમ સદી ફટકારી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ના વિરાટ કોહલીએ 72 બોલમાં 113 રનની અણનમ ઈનિંગ રમી હતી. જો કે, તેની સદી ટીમના કામમાં આવી ન હતી અને ટીમને રાજસ્થાને 6 વિકેટે પરાજય આપ્યો હતો. રાજસ્થાનના જોસ બટલરે તેની 100મી IPL મેચમાં સદી ફટકારી હતી. વિરાટે IPLમાં પોતાની 8મી સદી ફટકારી, આ સાથે જ તેના 7500 રન પણ પૂરા થઈ ગયા. આવું કરનાર તે પ્રથમ ખેલાડી બન્યો. વિરાટ IPLમાં સૌથી વધુ કેચ કરનાર ખેલાડી પણ બની ગયો છે. બીજી તરફ જોસ બટલર IPLની પ્રથમ 100 મેચમાં 6 સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો છે. RCB vs RR મેચના રેકોર્ડ્સ... 1. વિરાટે 7500 રન પૂરા કર્યા RCBના વિરાટ કોહલીએ IPLમાં 7500 રન પૂરા કર્યા છે. તેણે ઈનિંગ્સમાં 34મો રન બનાવતાની સાથે જ આ રેકોર્ડ કર્યો હતો. તે IPLમાં 7500 રન બનાવનાર પ્રથમ બેટર બન્યો અને તેને ટૂર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. વિરાટ IPLમાં પોતાની 242મી મેચ રમી રહ્યો હતો. IPLનો બીજો ટોપ સ્કોરર પંજાબનો શિખર ધવન છે, જેના નામે 6755 રન છે.

**IPLમાં સૌથી વધુ સદી વિરાટના નામે છે :** વિરાટ કોહલીએ RR સામે તેની પ્રથમ સદી અને IPL કારકિર્દીની 8મી સદી ફટકારી હતી. ટૂર્નામેન્ટ ઈતિહાસમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ વિરાટના નામે છે. તેના પછી ક્રિસ ગેલનો નંબર આવે છે, જેણે આઈપીએલમાં 6 સદી ફટકારી છે. ત્રીજી વખત વિરાટની સદી ટીમના કામમાં ન આવી વિરાટ કોહલીએ 113 રનની અણનમ ઈનિંગ રમી હતી પરંતુ તેની ઈનિંગ ટીમને મદદ કરી ન શકી. આરસીબીએ 20 ઓવરમાં 183 રન બનાવ્યા હતા. રાજસ્થાને 184 રનનો ટાર્ગેટ માત્ર 19.1 ઓવરમાં મેળવી લીધો હતો. IPLમાં આવું ત્રીજી વખત બન્યું જ્યારે વિરાટે સદી ફટકારી અને ટીમ હારી ગઈ. આ મામલે વિરાટ પંજાબના હાશિમ અમલાથી આગળ નીકળી ગયો, જેની 2 સદી ટીમની હારનું કારણ બની. ટીમની હારમાં રાજસ્થાનના કેપ્ટન સંજુ સેમસનની બે સદી પણ સામેલ હતી.

**IPLમાં વિરાટે પ્રથમ વખત 70+ બોલ રમ્યા :** વિરાટ કોહલીએ 72 બોલમાં 113 રન બનાવ્યા, એટલે કે તેણે લગભગ 12 ઓવર બેટિંગ કરી. વિરાટની IPL કારકિર્દીમાં આ પ્રથમ વખત છે જ્યારે તેણે 70થી વધુ બોલ રમ્યા છે. ટૂર્નામેન્ટની એક ઈનિંગમાં સૌથી વધુ બોલ રમવાનો રેકોર્ડ બ્રેન્ડન મેક્કુલમના નામે છે, જેણે 2008માં પ્રથમ IPL મેચમાં 73 બોલ રમીને 158 રન બનાવ્યા હતા. વિરાટે IPLની સૌથી ધીમી સદી ફટકારી વિરાટ કોહલીએ તેની સદી પૂરી કરવા માટે 67 બોલ લીધા હતા, આ સાથે તે IPLમાં સૌથી વધુ બોલમાં સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો હતો. તેણે 66 બોલમાં સદી ફટકારનાર સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો. મનીષ પાંડે પણ આ રેકોર્ડમાં વિરાટની બરાબરી પર છે, તેણે 2009માં RCB માટે 67 બોલમાં સદી ફટકારી હતી.

**RCB માટે રેકોર્ડ 18મી સદી વિરાટની 8 સદી:** હવે RCBના બેટ્સમેનોએ T-20 ઈતિહાસમાં 18 સદી ફટકારી છે. જેમાં ક્રિસ ગેલની 5 સદી અને એબી ડી વિલિયર્સની 4 સદી સામેલ છે. આ સાથે ટીમ T-20 ઈતિહાસમાં સૌથી વધુ સદી ફટકારનારી ટીમ બની ગઈ છે. RCBએ ટીમ ઈન્ડિયાને પાછળ ધકેલી દીધું છે, જેના ખેલાડીઓએ 17 સદી ફટકારી છે. આમાં રોહિત શર્મા 5 સદી સાથે પ્રથમ અને સૂર્યકુમાર યાદવ 4 સદી સાથે બીજા સ્થાને છે. IPLમાં સૌથી વધુ કેચ કરનાર ખેલાડી બન્યો વિરાટ વિરાટ કોહલીએ શનિવારે રાજસ્થાન સામે રિયાન પરાગનો કેચ કરી લીધો હતો. આ સાથે તેણે આઈપીએલમાં 110 કેચ લીધા અને તે ટૂર્નામેન્ટ ઈતિહાસમાં સૌથી વધુ કેચ ધરાવનાર ખેલાડી પણ બની ગયો. તેણે ટૂર્નામેન્ટમાં 109 કેચ કરનાર સુરેશ રૈનાનો રેકોર્ડ તોડ્યો હતો.IPLમાં આ પાંચમી વખત છે જ્યારે એક જ મેચમાં બે સદી ફટકારવામાં આવી હોય.

## વિરાટને મળવા RCBનો ફેન મેદાનમાં ઘૂસ્યો

જયપુર | તા.07

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 17મી સિઝનમાં RCBનું ખરાબ ફોર્મ ચાલુ છે. ટીમને હવે રાજસ્થાન રોયલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો, જે ટીમની સીઝનની ચોથી હાર હતી. બીજી તરફ રાજસ્થાને સતત ચોથી મેચ જીતી છે. તેની બીજી મેચમાં, RR સંપૂર્ણપણે પિંક જર્સી પહેરીને રમવા ફતરી હતી. વિરાટ કોહલીને મળવા માટે ફેન્સ મેદાનમાં ઘૂસ્યો હતો. જોસ બટલરે સિક્સર ફટકારીને પોતાની ટીમને જીત અપાવી અને સદી પણ પૂરી કરી હતી. રાજસ્થાન રોયલ્સ ટીમ પિંક જર્સી પહેરીને રમવા ઊતરી હતી રાજસ્થાન રોયલ્સ ટીમ શનિવારે પિંક જર્સી પહેરીને રમવા ઊતરી હતી.

આ પિંક ઈનિશિએટિવ હેઠળ કરવામાં આવ્યું હતું, આ અંતર્ગત મેચમાં રમાનારી દરેક છ મેચ માટે રાજસ્થાનના 6 ઘરોમાં સોલાર પેનલ લગાવવામાં આવશે. બંને ટીમોએ મેચમાં કુલ 13 સિક્સર ફટકારી હતી, તેથી RR મેનેજમેન્ટ રાજ્યના 78 ઘરોમાં સોલાર પેનલ લગાવશે. વિરાટ કોહલીએ 11મી ઓવરમાં રિયાન પરાગ સામે સિક્સર ફટકારી હતી. આ સિક્સર સાથે વિરાટે સિઝનની ત્રીજી ફિફ્ટી પણ પૂરી કરી. આ તેની IPL કારકિર્દીની 53મી ફિફ્ટી હતી. વિરાટ સિઝનનો ટોપ રન સ્કોરર પણ છે. ઈનિંગ્સના અંતે વિરાટ 72 બોલમાં 113 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. આ ઈનિંગમાં 4 સિક્સર હતી. વિરાટ કોહલીએ સિક્સર ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી.

### રિયાન પરાગે ડુ પ્લેસિસનો કેચ છોડ્યો



રિયાન પરાગે 11મી ઓવરમાં ફાફ ડુ પ્લેસિસનો કેચ છોડ્યો હતો. પરાગે પોતાની જ બોલિંગ પર ફાફને જીવતદાન આપ્યું હતું. તેણે ઓવર શોર્ટ પિચનો છેલ્લો બોલ નાખ્યો, ડુ પ્લેસિસે સામે શોટ રમ્યો. બોલ સીધો પરાગના હાથમાં ગયો પરંતુ તે તેને પકડી શક્યો નહીં. ડુ પ્લેસિસ હાલમાં 37 રન બનાવીને બેટિંગ કરી રહ્યો હતો. 4. બોલ્ટ દ્વારા ડુ પ્લેસિસનો કેચ ચૂકી ગયો, એ પછીના બોલ પર તે આઉટ થયો ટ્રેન્ટ બોલ્ટે પણ 14મી ઓવરમાં ફાફ ડુ પ્લેસિસને જીવનદાન આપ્યું હતું. ચહલે ઓવરનો પાંચમો બોલ ઓફ સ્ટમ્પની બહાર ફેંક્યો હતો. ડુ પ્લેસિસ મોટો શોટ રમવા માટે આગળ વધ્યો પરંતુ બોલ એક્સ્ટ્રા કવર પર ઉભેલા બોલ્ટના હાથમાં ગયો. બોલ્ટે કેચ લેવાનો પ્રયાસ કર્યો પરંતુ તે કેચ ચૂકી ગયો.

### IPL મેચમાં 5મી વખત 2 સદી ફટકારી

2016માં RCB અને ગુજરાત વચ્ચેની મેચ દરમિયાન વિરાટ કોહલી અને એબી ડી વિલિયર્સે સદી ફટકારી હતી. બંને એક જ ટીમ તરફથી રમતા હતા. આવું 2023માં બે વાર બન્યું હતું, જ્યારે 2024માં આવું પહેલીવાર બન્યું હતું. આવું 2019માં પણ એકવાર બન્યું હતું. ખાસ વાત એ છે કે તમામ પાંચ મેચોમાં આરસીબી સામેલ હતી અને આમાં માત્ર વિરાટ કોહલીએ 4 વખત સદી હતી.

**બટલર રાજસ્થાનનો બીજો ટોપ રન બનાવનાર ખેલાડી બન્યો :** રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસને શનિવારે 69 રનની ઈનિંગ રમી હતી. આ ઈનિંગ સાથે તેણે તેની IPL કરિયરના 4000 રન પણ પૂરા કર્યા. તે ટુર્નામેન્ટમાં રાજસ્થાનનો ટોપ રન સ્કોરર છે, તેણે ટીમ માટે 3389 રન બનાવ્યા છે. આ મામલામાં જોસ બટલર બીજા સ્થાને પહોંચી ગયો છે, જેના હવે 2831 રન છે. તેણે અજિંક્ય રહાણેને પાછળ ધકેલી દીધો, જેના નામે રાજસ્થાન તરફથી 2372 રન છે.

**બટલર-સેમસને ત્રીજી સદીની ભાગીદારી કરી :** જોસ બટલર અને સંજુ સેમસને RCB સામે બીજી વિકેટ માટે 148 રનની ભાગીદારી કરી હતી. ટૂર્નામેન્ટમાં બંને વચ્ચે આ ત્રીજી સદીની ભાગીદારી હતી. બંને આરઆર માટે સૌથી વધુ સદીની ભાગીદારીમાં ટોપ પર આવ્યા હતા. અગાઉ ગ્રીમ સ્મિથ અને સ્વપ્નિલ અસનોડકરે RR માટે બીજી સદીની ભાગીદારી કરી હતી.

**IPLની 100 મેચોમાં સૌથી વધુ સદી બટલરના નામે છે :** જોસ બટલરે શનિવારે તેની IPL કારકિર્દીની છઠ્ઠી સદી ફટકારી હતી. તે પોતાની 100મી મેચ જ રમી રહ્યો હતો. આ સાથે જ બટલર IPLની પ્રથમ 100 મેચોમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. તેણે ક્રિસ ગેલને પાછળ ધકેલી દીધો, જેણે 100 આઈપીએલ મેચોમાં 5 સદી ફટકારી હતી.

**બટલર તેની 100મી મેચમાં સદી ફટકારનાર બીજો ખેલાડી બન્યો :** રાજસ્થાન રોયલ્સના જોસ બટલરે શનિવારે તેની IPL કારકિર્દીની 100મી મેચ રમી હતી. તે તેની 100મી મેચમાં સદી ફટકારનાર લીગનો માત્ર બીજો ખેલાડી બન્યો. તેના પહેલા કેએલ રાહુલે 2022માં મુંબઈ સામે સદી ફટકારી હતી. બટલરે 58 બોલમાં 100 રનની અણનમ ઈનિંગ રમી હતી.જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમના મેદાનમાં એક યુવા ફેન આરસીબીની જર્સી પહેરીને પ્રવેશ્યો હતો.

## વાનિન્દુ હસરંગા IPLમાંથી બહાર:ડાબા પગની એડીમાં ઈજાને કારણે ખસી ગયો



(એજન્સી) સનરાઈઝર્સ | તા 07

સનરાઈઝર્સ હૈદરાબાદના લેગસ્પિનર વાનિન્દુ હસરંગા ડાબા પગની એડીમાં સતત દુખાવાના કારણે IPL 2024માંથી બહાર થઈ ગયો છે. હસરંગા હજુ સુધી સનરાઈઝર્સ ટીમમાં જોડાયો ન હતો. ESPN Cricinfo અનુસાર, શ્રીલંકા ક્રિકેટ (SLC)એ સિઝન માટે તેની અનુપલબ્ધતા વિશે BCCIને જાણ કરી છે. હસરંગાના સ્થાનની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સનરાઈઝર્સ નવા ખેલાડીની શોધમાં છે. હસરંગા રૂ.1.5 કરોડમાં વેચાયો હતો હસરંગા સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ટીમનો ભાગ હતો. તે ડિસેમ્બર 2023માં યોજાયેલા મીની ઓક્શનમાં 1.50 કરોડ રૂપિયાની બેઝ પ્રાઈઝ માટે ટીમ સાથે જોડાયો હતો. આ પહેલાં તે RCB તરફથી IPL રમી ચૂક્યો છે. બેંગલુરુએ 2022ના IPL ઓક્શનમાં તેના માટે 10.75 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. 2022માં તેની સિઝન શાનદાર રહી હતી અને તેણે 7.54ની ઈકોનોમી સાથે 26 વિકેટ લીધી હતી, પરંતુ 2023માં તેણે માત્ર આઠ મેચ રમી હતી અને 8.9ની ઈકોનોમી સાથે નવ વિકેટ લીધી હતી. હસરંગા ગયા મહિને માર્ચમાં બાંગ્લાદેશ સામે ઘરઆંગણે વન-ડે અને T20 શ્રેણી રમ્યો હતો. SLC મેડિકલ સ્ટાફે હસરંગાની એડીની ઈજા શોધી કાઢી અને તેની સારવાર કરી. IPLમાં રમવા માટે SLC તરફથી ક્લિયરન્સ મેળવતા પહેલા હસરંગાને નિષ્ણાત સલાહ માટે વિદેશ પ્રવાસ કરવો પડ્યો હતો.

## વિરાટ કોહલીની સદી સાથે નંબર-1 બન્યું RCB, પોતાના નામે કર્યો વર્લ્ડ રેકોર્ડ બન્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.07



RCB ટીમ હજુ સુધી એક પણ વખત IPL ટ્રોફી જીતી શકી નથી. પરંતુ RCB પાસે વિરાટ કોહલીના રૂપમાં એવો સુપરસ્ટાર બેટ્સમેન છે, જે કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં ટીમને મેચ જીતાડવામાં મદદ કરી શકે છે. RCB તરફથી રમતા કોહલીએ રાજસ્થાન રોયલ્સ સામે જોરદાર બેટિંગ કરી અને સદી ફટકારી હતી. તેણે 113 રન બનાવ્યા હતા. આ સાથે RCB ટીમ એક ખાસ બાબતમાં નંબર વન પર પહોંચી ગઈ છે. RCBની ટીમે રચ્યો ઈતિહાસ IPLના ઈતિહાસમાં RCBએ 18 સદી ફટકારી છે. આ સાથે RCB T20 ક્રિકેટની દુનિયામાં સૌથી વધુ સદી ફટકારનારી ટીમ બની ગઈ છે. RCBએ ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ તોડ્યો છે. ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી T20 ક્રિકેટમાં 17 સદી ફટકારી છે. પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમો 14-14 સદી સાથે ત્રીજા સ્થાને છે. વિરાટ કોહલીએ રચ્યો ઈતિહાસ વિરાટ કોહલીએ T20 ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સ સામે સદી ફટકારીને શાનદાર પ્રદર્શન કર્યું છે. T20 ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે તે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. તેણે 9 સદી ફટકારી છે. T20 ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે. ગેલે 22 સદી ફટકારી છે. બીજા નંબર પર બાબર આઝમ છે. તેણે 11 સદી ફટકારી છે.

## UAE છોડીને પાકિસ્તાન પરત ફરેલા ઉસ્માન પર પ્રતિબંધ લાગ્યો



(એજન્સી) અબુધાબી | તા 07

અમીરાત ક્રિકેટ બોર્ડ (ECB)એ સંયુક્ત આરબ અમીરાત (UAE) છોડીને પાકિસ્તાન પરત ફરેલા બેટર ઉસ્માન ખાન પર પાંચ વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો છે. ઉસ્માન 2029 સુધી UAEમાં યોજાનારી કોઈપણ ECB ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. તેમાં બે મોટી ટુર્નામેન્ટ ILT20 અને અબુ ધાબી T10નો પણ સમાવેશ થાય છે. ECBએ ઉસ્માન પર તેની જવાબદારીનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો છે. બોર્ડે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ઉસ્માન પર બોર્ડ પ્રત્યેની જવાબદારીઓ વિરુદ્ધ જવા બદલ આ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ઉસ્માનનો જન્મ કરાચીમાં થયો હતો, પરંતુ તે UAE માટે સ્થાનિક ખેલાડી તરીકે ILT20 અને અબુ ધાબી T10માં રમ્યો હતો. હવે જ્યારે તેને પાકિસ્તાન ટીમ સાથે ટ્રેનિંગ કેમ્પમાં બોલાવવામાં આવ્યો ત્યારે તેણે તેનો સ્વીકાર કર્યો. બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઉસ્માને યુએઈ માટે રમવાના નિર્ણયને લઈને ECBને ગેરમાર્ગે દોર્યું હતું. આ ઉપરાંત બોર્ડ દ્વારા પ્રદાન કરવામાં આવેલ સંસાધનોનો ઉપયોગ નવી તકો શોધવા માટે કરવામાં આવ્યો હતો. હવે તે સ્પષ્ટ થઈ ગયું છે કે તે યુએઈ માટે રમવા માગતો નથી અને પાત્રતા માટે તેણે જે વસ્તુઓ પૂર્ણ કરવાની હતી તે કરવા જઈ રહ્યો નથી.

## T20 વર્લ્ડકપ પહેલા પાકિસ્તાન ટીમની વધી મુશ્કેલી, કપ્તાને છોડ્યો ટ્રેનિંગ કેમ્પ

કરાંચી | તા 07



પાકિસ્તાનના પૂર્વ T20 ઈન્ટરનેશનલ કેપ્ટન શાહીન આફ્રિદી ટ્રેનિંગ કેમ્પ છોડીને પોતાના ઘરે પરત ફર્યો છે. T20 ઈન્ટરનેશનલની કેપ્ટનશીપ પરથી હટાવ્યા બાદ તે ઘણો ગુસ્સે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આફ્રિદી ગુસ્સામાં નહીં પરંતુ ઔપચારિક પરવાનગી સાથે ગયો હતો. શાહીન 8 એપ્રિલે ઈફ્તાર દિનમમાં ટીમ સાથે જોડાશે, જેનું આયોજન આર્મી ચીફ જનરલ અસીમ મુનીર કરશે.

એક સિરીઝ બાદ કપ્તાની છીનવાઈ બાબર આઝમના ODI વર્લ્ડકપ 2023માં ખરાબ પ્રદર્શન બાદ ODI અને T20ની કેપ્ટનશીપ છીનવી લેવામાં આવી હતી. બાદમાં તેણે ટેસ્ટ કેપ્ટનશિપમાંથી પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી શાહીન શાહ આફ્રિદીને પાકિસ્તાનનો T20 કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, પ્રથમ સિરીઝ બાદ જ તેને કેપ્ટનશિપમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. શાહીને ન્યૂઝીલેન્ડ સામેની 5 મેચની T20 સિરીઝમાં પાકિસ્તાની ટીમનું નેતૃત્વ કર્યું હતું. આ સિરીઝમાં ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને 4-1થી હરાવ્યું હતું. આ પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ ફરીથી બાબર આઝમની સફેદ બોલ ક્રિકેટ માટે કેપ્ટન તરીકે નિમણૂક કરી હતી.

## ખાસ અભિયાન સાથે મેદાનમાં ઉતર્યું રાજસ્થાન

જયપુર | તા 07



IPL 2024ની 19મી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં રાજસ્થાને ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. રાજસ્થાનની ટીમ આ મેચમાં નવા અવતારમાં જોવા મળશે. ટીમ સંપૂર્ણ ગુલાબી જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. રાજસ્થાન રોયલ્સે પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા આની જાહેરાત કરી હતી. શું કર્યો ફેરફાર? જો પરિવર્તનની વાત કરીએ તો રાજસ્થાનની ટીમ સંપૂર્ણપણે પિંક જર્સી સાથે RCB સામે ઉતરશે. આ માટેની જર્સી શુક્રવારે લોન્ચ કરવામાં આવી હતી. તે સંપૂર્ણ પિંક જર્સી છે. ટીમની જર્સી હજુ પણ ગુલાબી હોવા છતાં, તેના પર અન્ય રંગો પણ હતા. પરંતુ હવે ટીમ 6 એપ્રિલે યોજાનારી મેચમાં સંપૂર્ણપણે પિંક જર્સી સાથે ઉતરશે.

## ચેન્નાઈ સુપર કિંગ્સમાં ધોનીના ક્રમને લઈને વિવાદ

IPL 2024માં ચેન્નાઈ સુપર કિંગ્સે ફરી એકવાર હારનો સામનો કરવો પડ્યો છે. તમામ આગાહીઓથી વિપરીત, CSK સનરાઈઝર્સ હૈદરાબાદ સામે કોઈ કમાલ કરી શકી નથી. આ બાબતે હવે દિગ્ગજો પણ સવાલ ઉઠાવી રહ્યા છે. જેમાં સૌથી મોટો સવાલ મહેન્દ્રસિંહ ધોનીની ભૂમિકા બાબતે છે. આ અંગે ઋતુરાજ ગાયકવાડને પણ પૂછવામાં આવી રહ્યું છે કે 'શા માટે ધોનીને બેટિંગ ઓર્ડરમાં પહેલા મોકલવામાં નથી આવી રહ્યો?' હૈદરાબાદ સામેની મેચમાં ચેન્નાઈએ છેલ્લી ઓવરોમાં ખૂબ જ સુસ્ત બેટિંગ કરી હતી. બધાને આશા હતી કે ધોનીને વહેલો મેદાનમાં ઉતારવામાં આવશે, પરંતુ જ્યારે તે મેદાનમાં ઉતર્યો ત્યારે માત્ર ત્રણ જ બોલ રમવાના બાકી હતા. માઈકલ વોને કરી ઋતુરાજની ટીકા માઈકલ વોને આ માટે ચેન્નાઈ સુપર કિંગ્સના નવા કેપ્ટન ઋતુરાજની ટીકા કરી છે. તેણે કહ્યું કે સંજોગોને જોતા ધોનીને બેટિંગ ક્રમમાં પહેલા મોકલવો જોઈતો હતો. આ પહેલા મેચમાં ધોનીએ પોતાની બેટિંગનું જોર બતાવ્યું હતું. ત્યારબાદ દિલ્હી કેપિટલ્સ સામે તેણે માત્ર 16 બોલમાં 37 રનની જબરદસ્ત ઈનિંગ રમી હતી.

## રાયડુ બાદ વધુ એક દિગ્ગજ ક્રિકેટરે RCBનો ઉધડો લીધો



IPL 2024ની 19મી મેચ ગઈકાલે રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં રાજસ્થાન ટીમના કેપ્ટન સંજુ સેમસને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. RCB માટે વિરાટ કોહલીએ સદી ફટકારી અને ટીમે 183 રન બનાવ્યા, પરંતુ તેમ છતાં RCB હારી ગઈ હતી. RCBની હાર બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીકા કરી છે. આ પહેલા RCBના પ્રદર્શનના કારણે અંબાતી રાયડુએ પણ RCB પર ટીકા કરી હતી. પઠાણ RCB મેનેજમેન્ટથી નાખુશ ઈરફાન પઠાણ RCB મેનેજમેન્ટથી નાખુશ છે કારણ કે તેઓએ પ્લેઈંગ-11માં લોકલ ક્રિકેટર મહિપાલ લોમરને સામેલ કર્યો ન હતો. તે રાજસ્થાન માટે પણ રમે છે અને રાજસ્થાન રોયલ્સ માટે પણ રમી ચૂક્યો છે. તે પિચ અને ગ્રાઉન્ડ વિશે જાણતો હતો અને ફોર્મમાં પણ હતો, પરંતુ RCB મેનેજમેન્ટે સૌરવ ચૌહાણ જેવા નવા ખેલાડીને પ્લેઈંગ-11માં સામલે કર્યો હતો.

## મેં આટલો મોટો અવાજ ક્યારેય નથી સાંભળ્યો

IPL 2024, SRH vs CSK: સનરાઈઝર્સ હૈદરાબાદનો કેપ્ટન પેટ કમિન્સ શુક્રવારે રમાયેલી IPL મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સના દિગ્ગજ વિકેટકીપર બેટ્સમેન મહેન્દ્ર સિંહ ધોનીની મેદાનમાં એન્ટ્રી પર ચોંકી ગયો હતો. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં જ્યારે મહેન્દ્ર સિંહ ધોની બેટિંગ કરવા આવ્યો ત્યારે ત્યાં હાજર દર્શકોએ જબરદસ્ત શોર મચાવ્યો હતો. દર્શકોને આટલી મોટી સંખ્યામાં ધોનીને ચીયર કરતા જોવું એ સૌથી ખાસ ક્ષણ સાબિત થઈ હતી. મેચ બાદ પોસ્ટ મેચ પ્રેઝન્ટેશન દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે મહેન્દ્ર સિંહ ધોની વિશે મોટું નિવેદન આપ્યું પાગલપન જોવા મળ્યું. જ્યારે MS ધોની મેદાન પર બેટિંગ કરવા આવ્યો ત્યારે એટલો મોટો અવાજ હતો કે જે મેં ક્યારેય નહોતો સાંભળ્યો. ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગની છેલ્લી ઓવરના ત્રીજા બોલ પર જ્યારે મિચેલ આઉટ થયો

# કેનેડામાં અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ માટે મહત્વની જાહેરાત:વસતીના આધારે દરેક પ્રાંત માટે સ્ટડી પરમિટ્સની ફાળવણી

ટોરેન્ટો | તા 07

ઈમિગ્રેશન રેફ્યૂજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)એ 2024 માટે તમામ પ્રાંતોમાં સ્ટડી પરમિટ્સની ફાળવણીની જાહેરાત કરી છે. IRCCએ સ્પષ્ટતા કરી છે કે દરેક પ્રાંતને જે સ્ટડી પરમિટ્સની ફાળવણી થઈ છે તે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને ઈશ્યૂ કરી શકાશે પરંતુ આવી પરમિટ્સ જે-તે પ્રાંતની વસતીના આધાર પર ફાળવાઈ છે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે સ્ટડી પરમિટ્સના નંબર્સ કેવી રીતે ફાળવાયા તે પદ્ધતિ અંગે ચોખવટ કરી તેમજ દરેક પ્રાંત માટે સ્ટડી પરમિટ્સની અંતિમ ફાળવણી શેર કરી. દરેક પ્રાંતને સ્ટડી પરમિટ એપ્લિકેશન્સની ફાળવણી તેની વસતીના આધારે કરાઈ છે. આ પદ્ધતિના કારણે કેટલાક પ્રાંતને 2023ની સરખામણીએ વધુ ઈન્ટરનેશનલ સ્ટુડન્સ મળશે તો કેટલાક પ્રાંતને ઓછા સ્ટુડન્ટ્સ મળશે. ઓન્ટારિયોને સૌથી વધુ ફાળવણી ઓન્ટારિયોને સૌથી વધુ સ્ટડી પરમિટ્સની ફાળવણી થઈ છે. વસતીને ધ્યાને રાખીને કરાયેલી આ ફાળવણીમાં ક્યૂબેકને 1,17,917 સ્ટડી પરમિટ્સ મળી છે. બ્રિટિશ કોલંબિયાએ પહેલા 83 હજાર સ્ટડી પરમિટ્સની જાહેરાત કરી હતી. કેનેડાની 11.67 ટકા વસતી જ્યાં રહે છે તે અલ્બર્ટાને 40,894 સ્ટડી પરમિટ્સની ફાળવણી થઈ છે. અલ્બર્ટાની કેપ 10 ટકા છે.નોવા સ્કોટિયાને પહેલા 12,900 સ્ટડી પરમિટ્સ ફાળવાઈ હતી પરંતુ IRCCની નવી જાહેરાત પ્રમાણે તેને હવે 7,472 પરમિટ્સ મળી છે. IRCCનું કહેવું છે કે કોઈપણ નકારાત્મક અસર ઘટાડવા માટે તેણે આ પદ્ધતિ અપનાવી છે. જે પ્રાંતો 2023 કરતાં 2024 માં વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મેળવવા માટે તૈયાર હતા તેમને થયેલી ફાળવણી તેમની વસતીના 10% સુધી મર્યાદિત હતી. ડિપાર્ટમેન્ટે 60 ટકા કરતાં ઓછા એપ્રુવલ રેટ સાથે ફાળવણી કરી છે. IRCCનો દાવો છે.

# જ્હોન ટિનિસવુડ વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા

**જ્હોને ધ સનને કહ્યું કે આખો દિવસ ખુરશી પર બેસી રહેવું સારું નથી.**

(એજન્સી) લંડન | તા 07

જ્હોન ટિનિસવુડ 2 એપ્રિલે વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા. હકીકતમાં, આ અઠવાડિયે, વેનેઝુએલાના 114 વર્ષીય જોન વિસેન્ટ પેરેઝનું અવસાન થયું, જેના પછી ટિનિસવુડ વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા.

જ્હોન ટિનિસવુડે તેમના લાંબા આયુષ્યનું રહસ્ય જાહેર કરતા કહ્યું કે તે અઠવાડિયામાં શુક્રવારે માછલી અને ચિપ્સ ચોક્કસપણે ખાય છે. તેમણે એમ પણ કહ્યું કે લાંબા જીવનનું રહસ્ય દરેક બાબતમાં સંયમ જાળવવામાં જ રહેલું છે. અઠવાડિયામાં શુક્રવારે જ્હોન માછલી અને ચિપ્સ ચોક્કસપણે ખાય છે.

જ્હોન ટિનિસવુડનો જન્મ વર્ષ 1912માં ઈંગ્લેન્ડના મર્સીસાઈડમાં થયો હતો.

જોન વ્યવસાયે નિવૃત્ત એકાઉન્ટન્ટ અને પોસ્ટલ સર્વિસ વર્કર છે. તેમની ઉંમર 111 વર્ષ અને 222 દિવસ છે. ટિનિસવુડ બ્રિટનના મર્સીસાઈડમાં સાઉથપોર્ટમાં એક કેર હોમમાં રહે છે. પોતાના દીર્ઘાયુષ્ય વિશે વાત કરતા જ્હોને કહ્યું, 'કેટલાક લોકો લાંબુ જીવે છે અને કેટલાક લોકોના જીવનની સફર ટૂંકી હોય છે. હકીકત એ છે કે આપણે તેના વિશે કંઈ કરી શકતા નથી. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. વ્યક્તિએ જીવનને પ્રેમ કરવો જોઈએ અને લાંબુ જીવન જીવવા માટે રમૂજની સારી સમજ જરૂરી છે.

## BAPS હિંદુ મંદિરમાં ઓમસિય્યતની ઉજવણીમાં વિવિધ ધર્મોના 200થી પ્રતિનિધિઓ સામેલ થયા




UAE મંદિરમાં એક મહિનાની અંદર લાખો ભાવિકોએ દર્શન કર્યા   રમઝાન માસમાં સાંસ્કૃતિક સંધ્યા નિમિત્તે ઓમસિય્યત નામનો કાર્યક્રમ યોજાયો   UAEના શેખ નાહ્યાને કહ્યું દુનિયામાં અસહિષ્ણુતા, અવિશ્વાસ જ્યારે આ મંદિર લોકોમાં આશા, વિશ્વાસનું પ્રતીક સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુ ધાબીમાં બનેલું પ્રથમ BAPS હિન્દુ મંદિર દરરોજ ચર્ચામાં રહેતું હોય છે. આ વખતની હોળી પર જ્યાં એક મહિનામાં લાખો ભક્તો દર્શન કરવા પહોંચ્યા હતા. તે જ સમયે, પવિત્ર રમઝાન માસને લઈને અહીં આંતર-ધાર્મિક સાંસ્કૃતિક સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓમસિયત નામના આ કાર્યક્રમમાં માત્ર મુસ્લિમો જ નહીં પરંતુ વિવિધ ધર્મના 200થી વધુ લોકોએ ભાગ લીધો હતો

# ઈઝરાયેલમાં પ્રથમ વખત હુમલાના કારણે અધિકારી બરતરફ કર્યા

**ઈરેઝ સરહદ ઈઝરાયેલ અને ઉત્તર ગાઝા વચ્ચેની એક ચેકપોસ્ટ**

(એજન્સી) ગાઝા/તેલ | તા 07

ઈઝરાયેલે બે સૈન્ય અધિકારીઓને બરતરફ કર્યા છે. તેઓ ગાઝામાં ફૂડ ચેરિટી કાફલા પર હવાઈ હુમલામાં સામેલ એકમનો ભાગ હતા. જેમની પર કાર્યવાહી થઈ છે તેમાં બ્રિગેડ ફાયર સપોર્ટ કમાન્ડર અને બ્રિગેડ ચીફ ઓફ સ્ટાફનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ હવાઈ હુમલા માટે વધારાના કમાન્ડરોને પણ ઠપકો આપવામાં આવ્યો છે. આ ઘટનાની તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. 2 એપ્રિલે ઈઝરાયેલના હવાઈ હુમલામાં સાત રાહતકર્મીઓ માર્યા ગયા હતા. અહીં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનની ચેતવણી બાદ ઈઝરાયેલનું વલણ નરમ પડ્યું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે શુક્રવારે કહ્યું કે તે ગાઝામાં પેલેસ્ટિનિયન નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવાની દિશામાં પગલાં લઈ રહ્યું છે. એક અધિકારીએ ઉત્તરી ગાઝા વચ્ચે ઈરેઝ ક્રોસિંગને ફરીથી ખોલવાની મંજૂરી આપી છે. આ ઉપરાંત, ઈઝરાયેલ પોર્ટ અશદોદના ઉપયોગની પણ મંજૂરી આપવામાં આવશે. જો કે, જાહેરાતમાં તે સ્પષ્ટ કરવામાં આવ્યું ન હતું કે કઈ વસ્તુઓને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે અને કેટલી માત્રામાં. તસવીર રાહતકર્મીઓના વાહન પર થયેલા હુમલાની છે. આ તસવીર રાહતકર્મીઓના વાહન પર થયેલા હુમલાની છે. બાઈડને નેતન્યાહુ સાથે ફોન પર વાત કરી હતી.

# પતિએ પત્નીના શરીરનાં 224 ટુકડા કર્યા ટુકડાઓ ને ફેંકવા માટે મિત્રને 5000 આપ્યા

**ગૂગલમાં સર્ચ કર્યું- પત્નીનાં મરવાથી શું ફાયદો મળશે? એક વર્ષ બાદ ખુલાસો**

(એજન્સી) લંડન | તા 07

બ્રિટનમાં એક વ્યક્તિએ તેની પત્નીની હત્યા કરીને તેના 224 ટુકડા કરી નાખ્યા. આ મામલો માર્ચ 2023નો છે. 5 એપ્રિલ, 2024ના રોજ હત્યાના એક વર્ષ પછી મેટસનને કોર્ટમાં ગુનો કબૂલ કર્યો. બ્રિટિશ મીડિયા 'મેટ્રો' અનુસાર નિકોલસ મેટસન (28)એ તેની પત્ની હોલી બ્રેમલી (26)ની હત્યા કર્યા બાદ તેના શરીરના ભાગોને થોડા દિવસો સુધી ઘરમાં રાખ્યા હતા. બાદમાં તેણે મિત્રને ફેંકી દેવા માટે રૂપિયા 5000 આપ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હોલીની હત્યા કરતા પહેલા મેટસને તેના પાલતુ પ્રાણીઓને માઈક્રોવેવમાં શેક્યા હતા. તેણે ઈન્ટરનેટ પર સર્ચ પણ કર્યું હતું કે- જો તેની પત્ની મૃત્યુ પામે તો તેને શું ફાયદો થશે? શું તે મરી ગયા પછી તેને હેરાન કરશે? પોલીસે મેટસનનો ફોટો જાહેર કર્યો,



કહ્યું- પતિ-પત્ની છૂટાછેડા લેવાના હતા પોલીસે કોર્ટને જણાવ્યું કે હત્યાનું કારણ સ્પષ્ટ નથી, પરંતુ મેટ અને હોલી છૂટાછેડા લેવાના હતા. પોલીસને હોલીના ગુમ થવાના સમાચાર મળ્યા હતા. તે છેલ્લે 17 માર્ચ 2023ના રોજ ઘરે જતી જોવા મળી હતી. મેટસને કહ્યું હતું- પત્ની કદાચ પલંગ નીચે સંતાઈ ગઈ હશે સમાચાર મળ્યા બાદ પોલીસ અધિકારીઓ મેટસનના ઘરે પહોંચ્યા. તેમણે હોલી વિશે પૂછ્યું હતું. પછી મેટસને કહ્યું, 'કદાચ તે પલંગની નીચે સંતાઈ રહી છે.' પોલીસને ઘરમાંથી લોહીની ગંધ આવતી હતી. આ પછી મેટસનની ધરપકડ કરવામાં આવી હતી. 25 માર્ચ 2023ના રોજ ઘટનાના 8 દિવસ પછી, હોલીના શરીરના 224 ટુકડાઓ એક નદીમાંથી મળી આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે ધરપકડ દરમિયાન મેટસનના ઘરની તપાસ કરવામાં આવી હતી. એવું લાગતું હતું કે અમે કોઈ ગુનાના સ્થળે છીએ. તે સમયે બેડરૂમમાં ફ્લોર અને બેડશીટ પર લોહીના નિશાન મળી આવ્યા હતા. બાથરૂમમાંથી લોહી, એમોનિયા અને બ્લીચ પણ મળી આવ્યું હતું. તેનો ઉપયોગ લોહીના ડાઘને સાફ કરવા માટે થાય છે પોલીસના જણાવ્યા અનુસાર રસોડાની નજીક સ્ટોર રૂમમાં એક મોટા ફ્રીઝરમાં પોલિથીનની બેગ પણ મળી આવી હતી. તેના પર લોહી હતું. જો કે, અહીં શરીરના કોઈ અંગો મળ્યા નથી.

**ઈઝરાયલમાં જનતાના વિરોધ વચ્ચે ઈઝરાયલે લેબનોન પર કર્યો હુમલો**

# વડાપ્રધાન નેતન્યાહૂના રાજીનામાની માંગને લઈ જનતા રસ્તા પર ઉતરી પડી

જેરુસલેમ | તા 07

એક તરફ ઈઝરાયેલ હમાસ અને અન્ય આતંકવાદીઓ સામે લડી રહ્યું છે તો બીજી તરફ ઈઝરાયેલમાં ફરી એકવાર સરકાર વિરોધી પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. વિરોધીઓ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના રાજીનામાની માંગ કરી રહ્યા છે અને હમાસ સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે દેશમાં વહેલી ચૂંટણીની માંગ કરી રહ્યા છે. વિરોધીઓએ હમાસ દ્વારા બંધક બનાવાયેલા લોકોની મુક્તિ માટે પણ હાકલ કરી હતી. લોકો તેલ અવીવ, સીઝેરિયા અને હૈફાના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા મળતી માહિતી અનુસાર, શનિવારે તેલ અવીવ, સીઝેરિયા અને હૈફાની શેરીઓમાં મોટી સંખ્યામાં વિરોધ કરતા લોકો પ્લેકાર્ડ લઈને ઉતર્યા હતા. ઉપરાંત વિરોધીઓએ નારા લગાવતા લગાવ્યા હતા. 'અમે ડરતા નથી; તમે દેશનો નાશ કર્યો છે, અને અમે તેને ઠીક કરીશું. અમે તેમને (બાનમાં) પાછા જીવતા ઈચ્છીએ છીએ, કોફિનમાં નહીં.' દેખાવકારોએ નેતન્યાહૂને દોષી ઠેરવતા સૂત્રોચ્ચાર કર્યા હતા તમને જણાવી દઈએ કે તમામ પ્રયાસો છતાં ઈઝરાયેલની સેના ઘણા બંધકોને પરત લાવવામાં નિષ્ફળ રહી છે અને બંધકોના પરિવારો તેમને પરત લાવવા માટે સરકાર પર સતત દબાણ કરી રહ્યા છે. હૈફામાં વિરોધીઓએ નેતન્યાહૂને નિષ્ફળતા ગણાવી, સરકારને 'દોષિત, દોષિત, દોષિત' ગણાવી. અનેક બેનરો પર લખવામાં આવ્યું હતું કે ફરીથી ચૂંટણી થવી જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### 'જો બાઈડન ડ્રગ્સ લે છે...' અમેરિકામાં ચૂંટણી ટાણે ડોનાલ્ડ ટ્રમ્પનો સનસનાટી મચાવતો આક્ષેપ

વોશિંગ્ટન | અમેરિકાના પૂર્વ પ્રમુખ અને આ વખતની અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ડેમોક્રેટ પ્રમુખ જો બાયડેનના રીપબ્લિકન પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખ બાયડેન ઉપર આંચકાજનક આક્ષેપ કરતાં કહ્યું હતું કે પ્રમુખ જો બાયડેને 'સ્ટેટ ઓફ યુનિયન'ના ગયા મહિને કરેલા પ્રવચન સમયે તેમણે ડ્રગ લીધું હતું. આ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ સાથેની 'ડીબેટ' પૂર્વે તેઓનો 'ડ્રગ-ટેસ્ટ' કરવો અનિવાર્ય હોવો જોઈએ. એક કોન્ઝર્વેટિવ રેડીયો શો દરમિયાન તેઓએ હોસ્ટ હ્યુજ હેવીટને ગુરૂવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે 'કોઈ સફેદ પદાર્થ' વ્હાઈટ હાઉસમાં હતો તેમ જાણવા મળ્યું છે. તે કોકેઈન કે તેવું કશું હશે પરંતુ તે વિષે હું કશું કહી શકું તેમ નથી, પરંતુ મારૂં અનુમાન છે કે, ત્યાં કશું થઈ રહ્યું છે. મેં તે શો જોયો છે. તેમનું 'સ્ટેટ ઓફ યુનિયન એડ્રેસ' પણ ટીવી ઉપર જોયું છે. ત્યારે પહેલાં તો તેઓ પૂરેપૂરા ટટારીમાં હતા.

### મોબાઈલ યુનિક નંબર: 22 લાખથી બોલી શરૂ થઈ, 7 કરોડમાં વેચાયો

દુબઈ | ઘાટ કરતાં ઘડામણ મોંઘું તે કહેવત આપણે સાંભળી છે, પરંતુ શોખીનો આ પ્રકારની બાબતની ક્યારેય પરવા કરતા નથી. દુબઈમાં મોબાઈલ યુનિક નંબર માટે બોલી શરુ થઈ તો તે ૨૨ લાખથી થઈ હતી અને જ્યારે તે પૂરી થઈ ત્યારે તે નંબર સાત કરોડ રુપિયામાં વેચાયો હતો. કદાચ આ નંબરના શોખીને તેની પાસેના મોબાઈલ ફોન કરતાં પણ ઊંચી કિંમત તેના નંબરની ચૂકવી હશે. પણ ગાંડપણને કોઈ સીમા હોતી નથી તે આને કહેવાય. હવે દરેકને જાણવાની ઇંતેજારી થાય કે આ એવો તે કયો નંબર હતો જેને આટલી ઊંચી કિંમતે ખરીદવામાં આવ્યો. વાસ્તવમાં દુબઈમાં ચેરિટી માટે એક લિલામીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમા યુનિક નંબર પ્લેટ્સ, મોબાઈલ નંબર માટે બોલી લાગી હતી. આ કેમ્પેઈન દુબઈના શાસક અને યુએઈના વાઈસ પ્રેસિડેન્ટ શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તુમે લોન્ચ કર્યુ હતું.

### કોકેઇનનો નશો છોડાવતી વેક્સિન, દુનિયામાં 2 કરોડ લોકો ધરાવે છે કોકેઇનનું વ્યસન

બ્રાઝિલ |બ્રાઝીલના વૈજ્ઞાનિકોએ કોકેઈનના વ્યસન સામે ઝઝુમતા લોકો માટે વેક્સિન શોધવા મથી રહયા છે. આ વેકસીન લોકોને નશીલી દવાઓનું સેવન કરતા રોકવામાં મદદ કરશે. સંશોધકો એવી વેક્સિન તૈયાર કરવા માંગે છે જે શરીરને એવા એન્ટીબોડી પેદા કરવા માટે પ્રેરિત કરે કે જે નશાના મુખ્ય તત્વ લોહીના પુરવઠા સાથે મસ્તિષ્ક સુધી પહોંચી શકે નહી. કોકઈનનો નશો મસ્તિષ્ક સુધી પહોંચે નહી તો વ્યકિત ઉત્તેજના પણ અનુભવશે નહી. આથી તે નશાથી ધીમે ધીમે દૂર થતો જશે. બ્રાઝીલની ફેડરલ યુનિવર્સિટી ઓફ મિનસ ગેરાઈસના સંશોધકોએ વેક્સિનનો ઉંદરો પર પ્રયોગ શરુ કર્યો છે. ઉંદર એન્ટી કોકેઈન વેક્સિન હશે. માણસો પરના કલિનિકલ ટ્રાયલ બાકી હોવાથી આ વેક્સિન કયારે ઉપલબ્ધ થશે તે હજુ નકકી થઇ શકયું નથી.જો કે કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે કોકેઈનનું વ્યસન કોઇ બંધ કરી દે તેનાથી સમસ્યાઓ આપમેળે ઉકેલાઇ જતી નથી.

# ગાઝામાં તત્કાલ_યુદ્ધવિરામ થાય, ઇઝરાયેલને યુદ્ધગુનેગાર ઠરાવાય

**ઇઝરાયેલને શસ્ત્રની સપ્લાય કરનારા પશ્ચિમી દેશોને અરાજક સ્થિતિ માટે જવાબદાર ઠરાવ્યા**

ગાઝામાં થઈ રહેલા ઇઝરાયેલી હુમલાના વિરોધમાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં શુક્રવારે એક પ્રસ્તાવ રજૂ થયો હતો, જેમાં ઈઝરાયેલને તરત જ યુદ્ધવિરામ કરવા અને તેને યુદ્ધગુનેગાર જાહેર કરવા માટે મતદાન થયું હતું.

જોકે, ભારત સહિત 13 દેશો મત આપવાથી દૂર રહ્યા હતા અને મતદાનમાં ભાગ ન લીધો. પ્રસ્તાવમાં ગાઝામાં સંભવિત યુદ્ધગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુના માટે ઈઝરાયેલને જવાબદાર ઠરાવવાની માગણી કરવામાં આવી હતી. ગાઝા પટ્ટીમાં માનવાધિકારોની બગડતી જતી સ્થિતિ પર રજૂ કરાયેલા પ્રસ્તાવના પક્ષમાં કુલ 28 દેશોએ મતદાન કર્યું હતું, જ્યારે સંયુક્ત રાજ્ય અમેરિકા અને જર્મની સહિત કુલ છ દેશોએ આ પ્રસ્તાવના વિરોધમાં મત આપ્યા હતા. ભારત સહિતના 13 દેશોએ મતદાનમાં ભાગ નહોતો લીધો. જે દેશોએ પ્રસ્તાવના પક્ષમાં વોટ આપ્યો તે દેશોએ ઈઝરાયેલને શસ્ત્રની સપ્લાય આપનારા પશ્ચિમી દેશોને આ અરાજક સ્થિતિ માટે પ્રસ્તાવમાં ઈઝરાયેલ પર શસ્ત્ર-પ્રતિબંધ મૂકવાનું આહ્વાન કરાયું હતું

**લાઓસમાં વિવિધ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં 17 ભારતીયો ફસાઈ ગયા હતા**

# લાઓસમાં ગેરકાયદે કામમાં ફસાયેલા 17 ભારતીયો સ્વદેશ પરત ફર્યા

(એજન્સી) લંડન | તા 07

વિદેશમાં ફસાયેલા ભારતીયો માટે મોદી સરકારે હંમેશા હનુમાનની ભૂમિકા ભજવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે ફરી એકવાર હનુમાનજીની છબીને મુશ્કેલી નિવારક સાબિત કરી છે. લાઓસમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ફસાયેલા 17 ભારતીયોને પરત લાવવાની ખાતરી કરીને 17 ભારતીયો અને તેમના પરિવારોને મોટી રાહત આપી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે શનિવારે પોતાની એક્સ-પોસ્ટમાં જણાવ્યું હતું કે લાઓસમાં ગેરકાયદેસર કામની લાલચમાં ફસાયેલા 17 ભારતીય કામદારોને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. લાઓસથી ભારતીયો વતન પરત ફર્યા

વિદેશ મંત્રીએ આ મામલે મદદ કરવા બદલ લાઓસમાં ભારતીય દૂતાવાસની પ્રશંસા કરી. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'મોદીની ગેરંટી દેશ અને વિદેશમાં દરેક જગ્યાએ દરેક માટે કામ કરે છે. લાઓસમાં ગેરકાયદેસર અને ખતરનાક કામમાં છેતરાયેલા 17 ભારતીય કામદારો ઘરે પરત ફરી રહ્યા છે.તેમણે કહ્યું, 'લાઓસમાં ભારતીય દૂતાવાસે સારું કામ કર્યું છે. સલામત વળતરમાં સહાય માટે લાઓ સત્તાવાળાઓનો આભાર.'' વિદેશ મંત્રાલયે ગુરુવારે ભારતીય નાગરિકોને કંબોડિયામાં આકર્ષક નોકરીની તકોનું વચન આપતા માનવ તસ્કરોનો શિકાર ન થવા સામે ચેતવણી આપી હતી.

# એલોન મસ્કને પાછળ છોડી માર્ક ઝુકરબર્ગ દુનિયાના ત્રીજા નંબરના ધનિક બન્યા

**માર્ક ઝુકરબર્ગ ચાર વર્ષ પછી પ્રથમ વખત એલોન મસ્ક કરતાં આગળ છે**

(એજન્સી) વૉશિંગ્ટન | તા 07

વિશ્વના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માલિક માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. સ્થિતિ એ છે કે તે એલોન મસ્કને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. નવેમ્બર-2020 પછી પ્રથમ વખત માર્ક ઝકરબર્ગે એલોન મસ્કને પાછળ છોડી દીધા છે. માર્ક ઝકરબર્ગે શુક્રવારે આ સફળતા મેળવી હતી. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, માર્ક ઝકરબર્ગની સંપત્તિ (માર્ક ઝકરબર્ગ નેટ વર્થ) શુક્રવારે 5.65 ડોલર બિલિયન વધીને 187 બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. આ વર્ષે માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં 58.9 બિલિયન ડોલરનો વધારો થયો છે. શુક્રવારે તેની સંપત્તિમાં થયેલો આ વધારો ફેસબુકની પેરેન્ટ કંપની મેટાના શેરમાં થયેલા જંગી વધારાને કારણે થયો છે. એલન મસ્કને ઘણું નુકસાન થયું શુક્રવારે મેટા શેર રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ઝકરબર્ગની કુલ સંપત્તિ 187 બિલિયન ડોલર છે. જ્યારે ઈલોન મસ્કની કુલ સંપત્તિ 181 બિલિયન ડોલર થઈ ગઈ છે.

# અમેરિકામાં 50 વર્ષથી ચાલતો એસયુવી-પિકઅપનો શોખ મોંઘો પડશે

(એજન્સી) વૉશિંગ્ટન | તા 07

અમેરિકનો સુપર સાઈઝ પસંદ કરે છે, પછી તે ફાસ્ટ ફૂડ હોય કે કાર. કાયદા, પહોળા રસ્તાઓ અને પાર્કિંગની ખુલ્લી જગ્યાએ દાયકાઓથી મોટાં વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપ્યું છે. ત્યારે એક રિપોર્ટમાં સામે આવ્યું છે કે, 2022માં અમેરિકામાં વેચાતાં વાહનોનું સરેરાશ વજન અંદાજે 1,857 કિલોગ્રામ હતું પરંતુ લગભગ 50 વર્ષથી મોટાં વાહનોના વેચાણને પ્રોત્સાહન આપતો કાયદો ટૂંક સમયમાં વધુ કડક બનશે. ગયા વર્ષે વાહનોના ઉત્સર્જન પર મર્યાદા નક્કી કરનાર એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી (ઈપીએ)એ તમામ સ્તરે માપદંડોને કઠોર કરવા અને નાના ટ્રકની

**નવા નિયમોના પરિણામે ગાડીના ભાવમાં જંગી વધારો થશે**

પરિભાષાને માર્યાદિત કરવાની યોજના બનાવી હતી. એજન્સી આ વર્ષે અંતિમ નિયમો જાહેર કરવાની છે. હાલમાં કારોની સરખામણીમાં એસયુવી-પિકઅપ માટે કાર્બન ઉત્સર્જન મર્યાદા 71% વધુ છે. તે કાર માટે 161 ગ્રામ પ્રતિ કિલોમીટર અને એસયુવી-પિકઅપ માટે 276 ગ્રામ પ્રતિ કિલોમીટર છે. ઈપીએ 2032 સુધીમાં આ ગેપને 22% સુધી ઘટાડશે તેવી



અપેક્ષા છે. તેનાથી ઉત્પાદકોને એસયુવી-પિકઅપમાં વધુ સારા એન્જિનનો ઉપયોગ કરવાની ફરજ પડશે. તેનાથી પિકઅપ-એસયુવી કાર વધુ મોંઘી થશે. એજન્સીના નવા નિયમોથી ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પણ વેગ મળશે. 2032 સુધીમાં નવાં વાહનોના વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો બે તૃતીયાંશ કરવાનો લક્ષ્યાંક પણ નિર્ધારિત

**લોકો માટે પણ જોખમી ઉત્સર્જન ઉપરાંત એસયુવી/પિકઅપ પણ રાહદારીઓ અને અન્ય લોકો માટે જોખમી**

કરવામાં આવ્યો છે. તાજેતરના સરવે મુજબ, ગયા વર્ષે લગભગ 12 લાખ ઈલેક્ટ્રિક વાહનો અને 87 લાખ એસયુવી-પિકઅપ્સનું વેચાણ નોંધાયું હતું. નોંધનીય છે કે અમેરિકામાં છેલ્લા 50 વર્ષથી એસયૂવી અને પીક અપને લઈને લોકોમા ભારે ક્રેઝ જોવા મળી રહ્યો હતો. જો કે ક્રેઝ ઘટી રહ્યો છે. અમેરિકામાં કાયદાને વધારે કઠોર બનાવવાની તૈયારી ચાલી રહી છે જેના ભાગરૂપે મોટા ભાગના વાહનોની કિંમતમાં વધારો થઈ જશે. અમેરિકામાં ઈલેક્ટ્રિક કારના વેચાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. યુવા પેઢી નવી આધુનિક સુવિધા સાથેની કાર ખરીદવા માટે ઉત્સુક બની છે. નોંધનીય છે નવા નિયમોથી ઘણાં ફેરફાર જોવા મળી શકે છે. ખાસ કરીને મોંઘી કાર રાખાવનો શોખ ધરાવતા લોકોને અસર થઈ શકે છે. એસયુવી રાહદારીઓ અને અન્ય લોકો માટે પણ જોખમી ઉત્સર્જન ઉપરાંત એસયુવી/પિકઅપ પણ રાહદારીઓ અને અન્ય લોકો માટે જોખમી છે. હવાઈ અભ્યાસ અનુસાર આ વાહનો સાથે અથડાવાને કારણે લોકોનાં મૃત્યુનું જોખમ કાર કરતા 70% વધારે છે.



# દિલ્હીથી ચોરી થયેલી જે.પી. નડ્ડાના પત્નીની ફોર્ચ્યુનર કાર વારાણસીથી મળી, બે લોકોની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

ગત મહિને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની પત્નીની ફોર્ચ્યુનર ચોરી થઈ ગઈ હતી. હવે તે ફોર્ચ્યુનર કાર બનારસમાંથી મળી આવી છે. આ ફોર્ચ્યુનર 19 માર્ચે દિલ્હીના ગોવિંદપુરી વિસ્તારમાંથી ચોરાઈ ગઈ હતી. ડ્રાઈવરની ફરિયાદ પર પોલીસે FIR નોંધી હતી અને ત્યારબાદ પોલીસે કારની તલાશ માટે મોટું ઓપરેશન ચલાવ્યુ હતું. આ મામલે પોલીસે જણાવ્યું કે, બડકલના રહેવાસી શાહિદ અને શિવાંગ ત્રિપાઠીની આ SUV કારની ચોરી મામલે ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ ક્રેટા કારમાં સવાર થઈને આ કાર ચોરી કરવા માટે આવ્યા હતા. બડકલ લઈ ગયા બાદ તેમણે ફોર્ચ્યુનરની નંબર પ્લેટ બદલી નાખી અને પછી અલીગઢ, લખીમપુર ખેરી, બરેલી, સીતાપુર, લખનઉ થઈને બનારસ પહોંચ્યા હતા. આરોપીઓ આ કારને નાગાલેન્ડ મોકલવાની ફિરાકમાં હતા. વળી, આ કાર તેમણે ચોરીની કાર ખરીદનારા લોકોની માગ પછી ચોરી હતી.આ મામલે ડ્રાઈવર જોગિન્દરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, 19મી માર્ચના રોજ બપોરે 3:00 વાગ્યે તે કાર સર્વિસ સેન્ટરમાં પાર્ક કરીને જમવા માટે ઘરે જતો રહ્યો હતો પરંતુ જ્યારે તે પાછો આવ્યો ત્યારે કાર ગાયબ હતી. પોલીસને મળેલા સીસીટીવી ફૂટેજ પ્રમાણે ફોર્ચ્યુનર છેલ્લે ગુરુગ્રામ તરફ જતી જોવા મળી હતી.રાજધાની દિલ્હીમાં વાહન ચોરીની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. આ અંગે એક મીડિયા રિપોર્ટ પણ સામે આવ્યો છે કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (Delhi-NCR)માં દર 14 મિનિટે વાહન ચોરીની ઘટના બને છે.

## લોકસભાની 7 તબક્કાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ માટે કયા રાજ્યમાં કેવા પડકાર

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

લોકસભાની આ વખતની ચૂંટણી સાત તબક્કામાં યોજાવાની છે. આ વખતે ભાજપ અને તેની સામે ભારત એટલે કે ઈન્ડિયા ગઠબંધન મેદાને પડેલું છે. આ વખતે ભાજપે અને વિપક્ષી ગઠબંધનને સાત કોઠા વિંધીને વિજયી થવાનો મોટો પડકાર છે. ભાજપે આ વખતની ચૂંટણીમાં પહેલાં તબક્કામાં વધારેમાં વધારે બેઠકો મેળવવી જ પડશે અને તો જ સત્તાનું પૂનરાવર્તન યોગ્ય રીતે થઈ શકશે. બીજી તરફ વિપક્ષે જો દબાણ વધારવું હશે તો પહેલા તબક્કામાં તેમણે પણ વધારેમાં વધારે બેઠકો મેળવવા સોગઠા ગોઠવવા પડશે. પહેલા તબક્કામાં રાજસ્થાન અને ઉત્તરાખંડ એવા રાજ્યો છે જ્યાં 2014 અને 2019માં ભાજપને 100 ટકા બેઠકો મળી હતી. હવે 2024માં પણ આ બંને રાજ્યોમાં 100 ટકા બેઠકોની હેટ્રિક મારવા માટે મહેનત કરવી પડશે. બીજી તરફ બે વખતથી આ રાજ્યોમાં સત્તાથી દૂર રહેલા વિપક્ષ માટે બેઠકો પાછી મેળવવી પણ મહેનત માગી લે તેવું કામ છે. પૂર્વોત્તર ભારતમાં ગત ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો હતો. આ વખતે તેમાં શું પરિવર્તન આવે છે તે જોવું રહ્યું. તેવી જ રીતે કોંગ્રેસ અને વિપક્ષનો ગઢ ગણાતા દક્ષિણ ભારતમાં ભાજપનો ભગવો લહેરાય છે કે કેમ તે જેવું પડશે. રાજસ્થાન, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, પૂર્વોત્તર ભારત અને મધ્ય પ્રદેશની કેટલીક બેઠકો ઉપર આ વખતે પહેલાં તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. રાજસ્થાનની 12, ઉત્તરાખંડની તમામ 5 મહારાષ્ટ્રની 5, મધ્ય પ્રદેશની 6 અને પૂર્વોત્તરની 13 બેઠકો ઉપર ભાજપ અને વિપક્ષ વચ્ચે કટ્ટર સ્પર્ધા જોવા મળશે.

# દક્ષિણ ભારતમાં ભાજપનો સુપડો સાફ થઈ જશે! આ રાજ્યના CM અને કદાવર નેતાની ભવિષ્યવાણી

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

લોકસભા 2024ની ચૂંટણી નજીક છે ત્યારે રાજકીય પક્ષો મતદારોને રિઝવવા અને વધુમાં વધુ બેઠકો જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં એનડીએ 400 બેઠકો જીતવાનું લક્ષ્યાંક રાખ્યું છે. ભાજપે છેલ્લા એક દાયકાથી તમિલનાડુમાં પોતાનો પગ જમાવવાનો પૂરો પ્રયાસ કર્યો છે. જો કે આ રાજ્યમાં પાર્ટીને હજુ સુધી કોઈ સફળતા મળી નથી.તમિલનાડુમાં લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં મતદાન થશે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કહ્યું છે કે દક્ષિણ ભારત લોકસભા ચૂંટણીમાં ભાજપના વર્ચસ્વને મોટો ઝટકો આપવા જઈ રહ્યો છે.

લોકસભા ચૂંટણીની તારીખો નજીક છે અને તમિલનાડુથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વચ્ચે ડીએમકેના વડા અને તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિનનું આ નિવેદન ઘણું મહત્વ ધરાવે છે. ઉલ્લેખનીય છે કે તમિલનાડુમાં પ્રથમ તબક્કાની ચૂંટણી અંતર્ગત 19મી એપ્રિલે મતદાન થવાનું છે. ભાજપનો ઉત્તર ભારતના રાજ્યોમાં જેટલો દબદબો



છે તેટલો દક્ષિણ ભારતમાં નથી. તમિલનાડુ એ રાજ્યોમાંનું એક છે જ્યાં લાખો પ્રયાસો છતાં ભાજપ સફળતા મેળવી શક્યું નથી. દક્ષિણ ભારતનો કિલ્લો જીતવો હંમેશા ભાજપ માટે મુશ્કેલીઓથી ભરેલો રહ્યો છે. જો કે આ વખતે ભાજપે કેટલીક બેઠકો જીતવા માટે પૂરેપૂરો પ્રયાસ કર્યો છે. એક ઈન્ટરવ્યુમાં જ્યારે સ્ટાલિનને દક્ષિણ ભારતમાં ભાજપની એન્ટ્રી અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે 'દેશનો દરેક પરિવાર આ પાર્ટીથી પરેશાન છે.'હકીકતમાં ડીએમકેના વડાને પૂછવામાં આવ્યું હતું કે ભાજપ દક્ષિણમાં પોતાને મજબૂત કરવાના પ્રયાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે જેનો સામનો કરવા તમારી પાર્ટી કેટલી તૈયારી કરી રહી છે? આ સવાલના જવાબમાં સ્ટાલિને કહ્યું હતું કે 'સત્ય એ છે કે ભાજપનો ઉત્તર ભારતમાંથી પણ પ્રભાવ ગાયબ થઈ રહ્યો છે. ભારતનો દરેક પરિવાર જનવિરોધી મોદી સરકારથી કોઈના કોઈ રીતે પ્રભાવિત થયો છે.' તમિલનાડુ સીએમએ વધુમાં જણવાવ્યું કે, 'સમાજના તમામ વર્ગો, ખાસ કરીને ગરીબો, ખેડૂતો, વેપારી સમુદાય, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, માછીમારો અને યુવાનો છેલ્લા 10 વર્ષથી ભાજપના કુશાસનની પીડાઈ રહ્યા છે. વધતી મોંઘવારી અને બેરોજગારીમાં અભૂતપૂર્વ વધારાને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા વિશ્વાસઘાતનો હવે પર્દાફાશ થઈ રહ્યો છે. ભાજપની ઉત્તર ભારતમાં છબી ઘણી ખરાબ છે.' સવાલોના જવાબ આપતા મુખ્યમંત્રીએ આગળ જણાવ્યું કે 'ભાજપ ઉત્તર ભારતમાં સંભવિત નુકસાનની ભરપાઈ કરવા માટે દક્ષિણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ભાજપના અથાક પ્રયાસો અને વડાપ્રધાન મોદીના અનેક રોડ શો છતાં, કોંગ્રેસે દક્ષિણના બંને કર્ણાટક અને તેલંગાણા રાજ્યોમાં સરકારો બનાવી છે.' ડીએમકે ચીફે છેલ્લે કહ્યું કે, 'તમિલનાડુમાં ભગવાનો ઉદય એ માત્ર એક કલ્પના છે. તમિલનાડુ હંમેશાની જેમ ધર્મનિરપેક્ષ ગઢ બનીને રહેશે અને આ વખતે પણ દક્ષિણ ભારતના લોકો ભાજપને મોટો ઝટકો આપશે.'

## મોદી સરકારના દિગ્ગજ મંત્રીએ રાહુલ ગાંધીની તુલના ધોની સાથે કરી

» કોંગ્રેસનો ભ્રષ્ટાચાર સાથે અતૂટ સંબંધ: રાજનાથ સિંહ

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે શનિવારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ભારતીય રાજકારણના બેસ્ટ ફિનિશર ગણાવ્યા છે. જોકે, તેના માટે રાજનાથ સિંહે રાહુલ ગાંધીની તુલના ક્રિકેટર એમએસ ધોની સાથે કરી છે, જેને ક્રિકેટના મેદાન પર બેસ્ટ ફિનિશર માનવામાં આવે છે. વરિષ્ઠ બીજેપી નેતાએ કહ્યું કે, મને ક્યારેક-ક્યારેક આશ્ચર્ય થાય છે કે, આવું કેમ થઈ રહ્યું છે, અને હું એ નિષ્કર્ષ પર પહોંચ્યુ છું. ક્રિકેટમાં સૌથી શ્રેષ્ઠ ફિનિશર કોણ છે? ધોની. જો કોઈ મને પૂછે કે, ભારતીય રાજકારણમાં સૌથી બેસ્ટ ફિનિશર કોણ છે? તો હું કહીશ કે તે રાહુલ ગાંધી છે. આ જ કારણે અનેક નેતાઓએ કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખ્યો છે. મધ્યપ્રદેશના સિધી જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા રાજનાથ સિંહે એ પણ આરોપ લગાવ્યો કે કોંગ્રેસનો ભ્રષ્ટાચાર સાથે અતૂટ સંબંધ છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ અને ભ્રષ્ટાચાર વચ્ચે ઊંડો સંબંધ છે. મોટાભાગની કોંગ્રેસ સરકારો પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હતા પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના કોઈપણ મંત્રી પર આવા કોઈ આરોપો નથી લાગ્યા.ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે, એક સમયે ભારતીય રાજકીય ક્ષેત્રમાં કોંગ્રેસનું વર્ચસ્વ હતું પરંતુ હવે તે દેશમાં માત્ર બે કે ત્રણ નાના રાજ્યોમાં જ શાસન કરી રહી છે. અગાઉ એક રેલીમાં રાજનાથ સિંહે કહ્યું હતું કે, રાહુલ ગાંધી ત્યાં સુધી નહીં અટકશે જ્યાં સુધી તેઓ કોંગ્રેસને ખતમ નહીં કરી દેશે. રક્ષા મંત્રીએ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી'ના પ્રસ્તાવને પણ સંપૂર્ણ સમર્થન આપ્યું અને દાવો કર્યો કે તેનાથી દેશનો સમય અને સંસાધનોની બચત થશે. પ્રસ્તાવિત કાયદા પર કોંગ્રેસના દાવાને નકારી કાઢતા રાજનાથ સિંહે કહ્યું કે એકસાથે ચૂંટણી માત્ર ભારતીય લોકતંત્રને મજબૂત કરશે.

# રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડશે કે નહીં? જાણો શું છે કોંગ્રેસની વ્યૂહનીતિ

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

દેશમાં લોકસભા ચૂંટણી 2024નું રણશિંગું ફૂંકાઈ ગયું છે. તમામ પક્ષો પોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. ત્યારે હવે કોંગ્રેસના સૂત્રો પાસેથી માહિતી મળેલી માહિતી પ્રમાણે રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી શકે છે. શનિવારે કોંગ્રેસ દ્વારા તેના સંકેત આપવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે રાહુલ ગાંધી આગામી 26 એપ્રિલ બાદ અમેઠી બેઠક પરથી પોતાની ઉમેદવારી નોંધાવશે.

આ દરમિયાન બીજા તબક્કામાં વાયનાડમાં મતદાન થઈ ચૂક્યું હશે જ્યાંથી તેઓ હાલ પક્ષના ઉમેદવાર છે. કોંગ્રેસનું માનવું છે કે ગાંધી પરિવારને આ પરંપરાગત બેઠકો પર પ્રચાર કરવાની બહુ જરૂર નથી. કદાચ આ જ કારણસર પક્ષે અત્યાર સુધી



બંને બેઠક પર પોતાના કાર્ડ ખોલવાનું ટાળ્યું છે.

અમેઠી બેઠક પર આગામી 20 મેના રોજ પાંચમા તબક્કામાં મતદાન

ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પર આગામી 20 મેના રોજ પાંચમા તબક્કામાં મતદાન થશે. 27મી એપ્રિલથી અહીં નોમિનેશન પ્રક્રિયા શરૂ થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસ મતદાન પહેલા વાયનાડના મતદારોને એ સંદેશ આપવા નથી માગતી કે રાહુલ ગાંધી આ બેઠક છોડી શકે છે અથવા તો વાયનાડના વિકલ્પ તરીકે અમેઠી બેઠક પણ છે. એટલા માટે હજુ સુધી કોંગ્રેસે વ્યૂહરચના હેઠળ અમેઠીના ઉમેદવારની જાહેરાત નથી કરી. 2019ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધી અમેઠીની સાથે જ કેરળની વાયનાડ બેઠક પરથી પણ ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા, પરંતુ તેઓ અમેઠીમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે ચૂંટણી હારી ગયા.

બીજા તબક્કાની ચૂંટણી માટે કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કોંગ્રેસે ઉત્તર પ્રદેશમાં બીજા તબક્કાની યોજાઈ રહેલી ચૂંટણી માટે પોતાના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ તબક્કાના સ્ટાર પ્રચારકોમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ઉત્તર પ્રદેશના પ્રભારી અવિનાશ પાંડે, પ્રદેશ અધ્યક્ષ અજય રાય, આરાધના મિશ્રા મોના, સલમાન ખુર્શીદ, સુખવિંદર સિંહ સુખ્ખુ, અશોક ગેહલોત, પ્રમોદ તિવારી, સચિન પાયલટ, નિર્મલ ખત્રી, રાજ બબ્બર, પી.એલ. પુનિયા સહિત પક્ષના 40 નેતાઓ સામેલ છે.

• ચૂંટણી ઢંઢેરામાં આ પાર્ટીએ કર્યા મોટા વાયદા

## અમે જીત્યાં તો ED-CBI ને સંસદના દાયરામાં લાવીશું

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

લોકસભા 2024ની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે એક પછી એક પાર્ટી ચૂંટણી ઢંઢેરા (મેનિફેસ્ટો)ની જાહેરાત કરી રહી છે. શનિવારે જ્યાં કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે આજે ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (CPI)એ પણ પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો. જેમાં પાર્ટીએ વચન આપ્યું હતું કે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીનો ઉદ્દેશ્ય ઈડી અને સીબીઆઈ જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓને સંસદના દાયરામાં લાવવાનો છે જેથી વહીવટી તંત્ર તપાસ એજન્સીઓનો દુરુપયોગ ન કરી શકે.આ ઉપરાંત પાર્ટીએ વધેલા વેલ્થ ટેક્સ, વારસાગત કર અને કોર્પોરેટ ટેક્સ, અનામત પરની 50 ટકાની મર્યાદાને દૂર કરવા, મહિલા આરક્ષણનો તાત્કાલિક અમલ, જાતિ મુજબની ગણતરી, નાગરિકતા સુધારો અધિનિયમ રદ કરવાનું વચન આપ્યું છે. આ સિવાય પાર્ટીએ મનરેગા હેઠળ લઘુત્તમ વેતન રૂ. 700 આપવા, એક કેલેન્ડર વર્ષમાં ઉપલબ્ધ કામકાજના દિવસોની સંખ્યા વધારીને 200 દિવસ કરવા, અગ્નિપથ યોજનાનો ખતમ કરવા અને જૂની પેન્શન યોજનાને ફરીથી શરુ કરવાનો પણ વાયદો આપ્યો છે.ચૂંટણી પંચની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે, પાર્ટીએ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂકોમાં સરકારની દખલગીરી દૂર કરવાનું અને રાજ્યપાલના પદને નાબૂદ કરવા માટે લડવાનું પણ વચન આપ્યું છે. નીતિ આયોગને નાબૂદ કરવાનું, આયોજન પંચને પુનઃસ્થાપિત કરવાનું, પાઠ્યપુસ્તકોમાં કરાયેલા ફેરફારોને સમાપ્ત કરવાનું અને નવી શિક્ષણ નીતિને સમગ્ર દેશ માટે શિક્ષણના લોકો-મૈત્રીપૂર્ણ મોડેલ સાથે બદલવાનું પણ વચન આપવામાં આવ્યું છે.

## 3 વખતના ધારાસભ્ય અને પૂર્વ મંત્રીએ લોકસભા ચૂંટણી ટાણે ઠેંગો બતાવ્યો, કોંગ્રેસને જોરદાર ઝટકો

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

દેશમાં લોકસભા ચૂંટણી 2024નું રણશિંગું ફૂંકાઈ ગયું છે. રાજકીય પક્ષોમાં જોડ-તોડની રાજનીતિ ચાલી રહી છે. દરમિયાન કોંગ્રેસને એક મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ મંત્રી અને વરિષ્ઠ નેતા દિનેશ અગ્રવાલે કોંગ્રેસને ઠેગો બતાવી દેતાં ચૂંટણી ટાણે પાર્ટીને મુશ્કેલીમાં મૂકી દીધી છે. એવું કહેવાય છે કે હવે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે.ઉત્તરાખંડમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી દિનેશ અગ્રવાલ લાંબા સમયથી સંગઠનથી નારાજ હતા. શનિવારે તેમને મનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તે માન્યા નહોતા. ત્યારબાદ દિનેશ અગ્રવાલે મોડી રાત્રે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસ છોડતા પહેલા દિનેશ અગ્રવાલે ભાજપમાં જોડાવાની અટકળો પર કહ્યું હતું કે જ્યારે સૂર્ય નીકળશે ત્યારે



વિચારીશું. દિનેશ અગ્રવાલનું રાજીનામું સામે આવ્યું છે. તેમણે ઉત્તરાખંડ કોંગ્રેસ સમિતિને પોતાનું રાજીનામું મોકલ્યું હતું. દિનેશ અગ્રવાલે તેમના રાજીનામા પત્રમાં લખ્યું છે કે સર, હું તમને જણાવવા માંગુ છું કે હું ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહ્યો છું. કૃપા કરીને નિઃસંકોચ સ્વીકારશો. દિનેશ અગ્રવાલ ધરમપુરથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ કોંગ્રેસ સરકારમાં મંત્રી પણ હતા. દિનેશ અગ્રવાલે પાર્ટી છોડવાના કારણે હરિદ્વાર લોકસભા સીટ પર કોંગ્રેસને મોટું નુકસાન વેઠવું પડી શકે છે.

ભૂપતિનગરમાં વિસ્ફોટ કેસની તપાસ કરનારી ટીમ પરના હુમલામાં બે અધિકારી ઘાયલ

## બંગાળમાં કાયદાનું ચીરહરણ, ઈડી પછી એનઆઈએની ટીમ પર ટોળાનો હુમલો

(એજન્સી) કોલકાતા | તા. 07

દેશમાં લોકસભા ચૂંટણીનું રાજકારણ ગરમાયું છે તેવા સમયે પશ્ચિમ બંગાળમાં કાયદાના શાસનનું ફરી એક વખત ચીરહરણ થયું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) પછી હવે શનિવારે પૂર્વી મેદિનીપુરના ભૂપતિનગરમાં એનઆઈએના અધિકારીઓની ટીમ પર હુમલો થયો હતો. આ ઘટનામાં બે અધિકારીઓ ઘાયલ થયા હતા જ્યારે એનઆઈએએ બે લોકોની ધરપકડ કરી છે. કેન્દ્રીય તપાસ એજન્સી પર હુમલા છતાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ એજન્સીની તપાસ પર સવાલ ઉઠવતા કહ્યું કે, આ લોકો સ્થાનિક પોલીસને જાણ કર્યા વિના અડધી રાતે જ શા માટે જાય છે. તેઓ ચૂંટણી પહેલાં અમારા બધા બૂથ એજન્ટની ધરપકડ કરવા માગે છે. મમતાએ એનઆઈએની ટીમ પર ભૂપતિનગરમાં મહિલાઓ પર હુમલાનો પણ આરોપ મૂક્યો હતો.એનઆઈએની ટીમ પૂર્વી મેદિનીપુરના ભૂપતિનગરમાં થયેલા વિસ્ફોટોના સંબંધમાં તપાસ કરવા પહોંચી હતી. એનઆઈએના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ભૂપતિનગર વિસ્ફોટ કેસમાં મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં અમારી ટીમે પૂર્વ મેદિનીપોર જિલ્લામાં ટોળાના પ્રતિકાર છતાં બે મુખ્ય કાવતરાંખોરોની ધરપકડ કરી હતી. મનોબ્રત જનાના ઘર સહિત પાંચ સ્થળો પર વ્યાપક તપાસ કર્યા પછી બલાઈ ચરણ મૈતિ અને મનોબ્રત જનાની ધરપકડ કરાઈ હતી.

## તિહાર જેલમાં સૌથી વધારે વીવીઆઈપી કેદીઓનો ઉપદ્રવ

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

દેશની સૌથી કુખ્યાત જેલમાં સૌથી વધુ ઉપદ્રવ કોનો હોય, સ્વાભાવિક રીતે ખૂંખાર ગુનેગારોનો જ હોય. પણ જો તમે આવું માનતા હોવ તો ભૂલ કરો છો. દેશની સૌથી મોટી અને કુખ્યાત જેલમાં સૌથી વધુ ઉપદ્રવ હોય તો તે ખૂંખાર કેદીઓનો નહીં પણ વીવીઆઈપી કેદીઓનો છે. આ શબ્દો બીજા કોઈના નહીં તિહાર જેલના જેલર રહી ચૂકેલી ભૂતપૂર્વ ડીજી નીરજકુમારના છે. તિહાર જેલમાં વીવીઆઈપી કેદીઓને લઈને ભારે સાવધાની રાખવી પડે છે. એક તો તે વીવીઆઈપી હોવાથી તેમની સાથે અત્યંત સન્માનપૂર્વક વર્તવુ પડે છે. તેમની સાથે બીજા કેદીઓ જેવો વ્યવહાર કરી શકાતો નથી.બીજા બાજુએ તેમના પર સતત ચાંપતી નજર રાખવાની સાથે-સાથે સલામતી પણ જડબેસલાક રાખવી પડે છે. વીવીઆઈપી કેદી હોવાથી તેમના પર હુમલો થવાનું જોખમ જો બહારના ખુલ્લા વાતાવરણમાં તોળાતું હોય તો પછી જેલની અંદરના કેદીઓ વચ્ચે તેમને સલામત રાખવા તે રીતસરનું માથાના દુઃખાવા જેવું કામ છે. તેમની પાસેથી જેલના મેન્યુઅલનું પાલન કરાવવું અને પાછા તેમને સામાન્ય કેદીની જેમ રાખવા તે તો તેનાથી પણ વધારે દુષ્કર કામ છે. આ વીવીઆઈપી કેદીઓ તેમની પોતાની જ મનમાની કરવા ટેવાયેલા હોય છે. હવે જેલની બહાર જે લોકો નિયમો પાળતા નથી અને તેના લીધે જેલમાં આવેલા છે તેઓની પાસે જેલની અંદર ખૂંખાર કેદીઓ વચ્ચે જેલના નિયમોનું પાલન કરાવવું તે લોઢાના ચણા ચાવવા જેવી બાબત છે.

### સંક્ષિપ્ત સમાચાર

## મુખ્તાર અંસારીના મોત બાદ હવે BJP નેતાને મળી ધમકી, પોલીસ તપાસ શરૂ

યુપી | યુપીના બાંદામાં મુખ્તાર અંસારીના મોત બાદ ધમકીનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. પહેલા જેલરને ધમકી મળી હતી ત્યારે હવે બીજેપી નેતાને જાનથી મારી નાંખવાની ધમકી મળી છે. ક્ષેત્રીય સહ સંયોજક મુદિત શર્માને ફોન દ્વારા ધમકી મળી છે. મુદ્રિત શર્માએ દાવો કર્યો છે કે ધમકી આપનારે જણાવ્યું કે તમારુ નામ લિસ્ટમાં છે અને તમારુ લોકેશન પણ અમારી પાસે છે. ફોન કરનારે બીજેપી નેતા મુદિત શર્માને હિન્દુ નેતા ગણાવ્યા અને કહ્યું કે અમારા અતીક અને મુખ્તાર ભાઈજાનની હત્યામાં તમારા લોકોનો હાથ છે, અમે હવે તમને કહી રહ્યા છીએ, તમે બધા નિશાના પર છો. અમારી પાસે તમારા ઘરનું લોકેશન છે.ધમકી મળ્યા બાદ બીજેપી નેતા મુદિત શર્માના આ અંગે પોલીસ ફરિયાદ દાખ કરી હતી અને કાર્યવાહીની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે આ મામલે FIR નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે બીજેપી નેતા મુદિત શર્મા બુંદેલખંડ પ્રદેશમાં કો-ઓર્ડિનેટરનું પદ સંભાળી રહ્યા છે.આ મામલે નેતા મુદિત શર્માએ કહ્યું કે મને 2 એપ્રિલે સવારે 10 વાગે વોટ્સએપ કોલ આવ્યો હતો. મેં ફોન કરનારને પૂછ્યું કે કોણ બોલે છે, તો ફોન કરનારે કહ્યું કે મારી વાત સાંભળો, હા કે નામાં જ જવાબ આપો. જ્યારે ફરીથી કોલ આવ્યો ત્યારે તેણે અતીક અને મુખ્તાર વિશે વાત કરી અને કહ્યું કે આ બંનેને મારવામાં તમારા જિલ્લાના લોકોનો રોલ છે. ધમકી બાદ બીજેપી નેતાએ આ મામલે જિલ્લા તરફથી રાજ્ય સરકારને સુરક્ષાની અપીલ કરી છે. તેમજ પરિવારને સુરક્ષા આપવાની માંગ કરી છે. જોકે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## EDએ હેમંત સોરેન સામે સકંજો કસ્યો, વધુ પુરાવા કર્યા એકત્ર

નવી દિલ્હી | કથિત જમીન કૌભાંડ મામલે ઝડપાયેલા ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેને સામે ઈડીએ સકંજો કસ્યો છે. ત્યારે આ મામલે ઈડીએ હેમંત સોરેન સામે પુરાવા તરીકે ફ્રીજ અને સ્માર્ટ ટીવીના ઓપરેશનનો ઉપયોગ કર્યો છે.ઈડીનો દાવો છે કે હેમંત સોરેને 31 કરોડ રૂપિયાથી વધુ કિંમતની 8.86 એકર જમીન ગેરકાયદેસર રીતે અધિગ્રહણ કરી હતી. જેની રિસિપ્ટ રાંચીના બે ડીલર પાસેથી મેળવી છે. જે ગયા મહિને જેએમએમ નેતા અને અન્ય ચાર લોકો સામે દાખલ કરવામાં આવેલી તેની ચાર્જશીટમાં જોડાયેલ છે. આ દાવાને સાબિત કરવા માટે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ને હવે રેફ્રિજરેટર્સ અને સ્માર્ટ ટીવીના બિલ મળ્યા છે જે તે જ જમીન પર લગાવવામાં આવ્યા હતા. એજન્સીએ કહ્યું કે ફેબ્રુઆરી 2017માં મુંડાના પુત્રના નામે એક રેફ્રિજરેટર ખરીદવામાં આવ્યું હતું, જ્યારે નવેમ્બર 2022માં તેની પુત્રીના નામે એક સ્માર્ટ ટીવી ખરીદવામાં આવ્યું હતું, જોકે આ બંને વસ્તુઓ રાંચીમાં જ્યાં જમીન આવેલી છે ત્યાંથી ખરીદવામાં આવી હતી. EDએ કહ્યું, સ્પષ્ટ છે કે સંતોષ મુંડા અને તેનો પરિવાર આ મિલકત પર રહેતો હતો. હેમંત સોરેનની કથિત જમીન હડપ કરવાના કેસમાં ધરપકડ કરી હતી. તે હાલમાં રાંચીના હોટવારની બિરસા મુંડા જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. ED અનુસાર, બંને ગેજેટ્સ સંતોષ મુંડાના પરિવારના સભ્યોના નામે ખરીદવામાં આવ્યા હતા, જેમણે એજન્સીને કહ્યું હતું કે તેઓ હેમંત સોરેનની 8.86 એકર જમીન 14 વર્ષથી જોઈ રહ્યા છે. મહત્વનું છે કે રાંચીમાં ન્યાયાધીશ રાજીવ રંજનની વિશેષ પીએમએલએ કોર્ટે 4 એપ્રિલે ફરિયાદી પક્ષની ફરિયાદની નોંધ લીધી હતી. હેમંત સોરેનને મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું આપ્યા પછી તરત જ કથિત જમીન હડપ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં 31 જાન્યુઆરીએ ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તે બિરસા મુંડા જેલ, હોટવાર, રાંચીમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

# 'મેં પાર્ટી માટે લોહી-પરસેવો વહાવ્યો...' પત્તું કપાતાં હતાશ મહિલા નેતાનું ભાજપમાંથી રાજીનામુ



Bhubaneswar
07 April 2024

To,
The State President,
BJP Odisha

Sir,

I have given my sweat and blood to the Bharatiya Janata Party since the last ten years. However, despite all the sincerity and hard work, I could not earn the trust of the leadership.

Hence, I feel there is nothing left for me to do here and my desire to serve the people of Odisha is being hampered. I hereby resign from the primary membership of BJP with immediate effect.

I thank the party for giving me opportunity to work for them for so long.

With regards,
Dr Lekhasri Samantsinghar
Vice President, BJP Odisha

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

લોકસભા ચૂંટણી માટે મતદાનની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ નેતાઓ અને કાર્યકરોની પક્ષપલટો કરવાની ઘટનાઓ પણ વધતી જઈ રહી છે. હવે ભાજપને એક જોરદાર ઝટકો લાગ્યો છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણી પહેલાં જ ઓડિશા ભાજપના ઉપાધ્યક્ષ અને કદાવર મહિલા નેતા લેખાશ્રી સામંતસિંઘરે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. લેખાશ્રીએ કહ્યું કે તેઓ બીજુ જનતા દળ (બીજેડી) માં જોડાઈ રહ્યા છે. લેખાશ્રી ભૃગુ બક્સીપાત્રા બાદ ભાજપના એવા બીજા મોટા છે જેમણે ચૂંટણીથી થોડાક જ અઠવાડિયા પહેલા પક્ષ છોડી દીધો છે અને બીજેડીમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. ઓડિશા ભાજપ અધ્યક્ષ મનમોહન સામલને પત્ર લખી રાજીનામું આપવાનું કારણ જણાવતાં લેખાશ્રીએ કહ્યું કે હું નેતૃત્વનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહી. એટલા માટે હું ભાજપ છોડવાનો નિર્ણય કરી રહી છું. મેં છેલ્લાં દસ વર્ષોમાં ભાજપ માટે લોહી પરસેવો વહાવ્યો છે. જોકે ઈમાનદારી અને તનતોડ મહેનત કરવા છતાં હું નેતૃત્વનો વિશ્વાસ ન જીતી શકી એટલા માટે મને લાગે છે કે મારી પાસે હવે કંઈ રહી ગયું નથી. હવે તેમને બીજેડી દ્વારા બાલાસોરની ટિકિટ મળી શકે છે.



## બોટનીના પેપરમાં છબરડા મુદ્દે પેપરસેટરોને નોટિસ ફટકારાઈ

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીમાં ગુરુવારે પ્રથમ શિફ્ટમાં લેવાયેલી બીએસસી સેમેસ્ટર 6માં બોટની 308 નંબરના કોડની પરીક્ષાના પ્રશ્નપત્રમાં 309 કોડનું પ્રશ્નપત્ર આપીને છબરડો સર્જવાના પ્રકરણમાં યુનિવર્સિટી કડક પગલાં ભરશે. આ છબરડા પ્રકરણમાં પેપર સેટરોને નોટિસ ફટકારવામાં આવી છે. આ સાથે જ ગંભીર બેદરકારી બાબતે એક સપ્તાહમાં ખુલાસો રજૂ કરવા માટે જણાવવામાં આવ્યુ છે, જેના આધારે પેપર સેટરોની સામે પગલાઓ ભરાશે. પરીક્ષા વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં યુજી અને પીજીની સમર એક્ઝામનું આયોજન હાથ ધરાયું છે.

# સિટી એક્સપ્રેસ

MONDAY 08 APRIL-2024

AHMEDABAD

## ખાત્રજમાં વેપારીના પૈસા આપવાનું કહેતા માર માર્યો

ગાંધીનગર | કલોલ તાલુકાના જેઠલજ ગામે રહેતો એક યુવાન મચ્છી વેચી પોતાના પરીવાર નું ગુજરાન ચલાવે છે. જેના વેપારી ને ત્યા તેના સગાભાઈ છે મહિનાથી પૈસા ચુકવેલ ન હતા. જે અંગે વેપારી એ યુવકને કહેતા તેને પોતાના ભાઈ ને પૈસા ચુકવવા જણાવ્યું હતું. ત્યારે ઉશ્કેરાઈ ગયેલા ભાઈ તેમજ બે ભત્રીજા અને કારીગરે તેમના પર હુમલો કરી દીધો હતો. જેના પગલે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેઠલજ ગામે આવેલ પ્રજાપતિ વાસમાં રહેતા રાજુભાઈ ભીખાભાઈ દંતાણી ખાત્રજ ચોકડી પર છૂટક મચ્છી વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે.




### ધંધુકામાં ક્ષત્રિય સમાજનું યોજાયું મહા સંમેલન

# અમે રજવાડા આપતા પણ વિલંબ નહોતો કર્યો તો આજે અમારી માંગ પર વિલંબ કેમ ? ભગીરથસિંહ

(એજન્સી) અમદાવાદ | તા.07

કેન્દ્રીયમંત્રી પરશોત્તમ રૂપાલા વિરુદ્ધ ક્ષત્રિય સમાજનો વિરોધ હાલ પણ યથાવત છે.આજે અમદાવાદના ધંધુકા ખાતે સાંજે ક્ષત્રિય સમાજનું અસ્મિતા સંમેલન યોજાયુ હતુ, જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.સમાજના આગેવાનોનું કહેવુ છે કે અગામી સમયમાં નિર્ણય નહી આવે તો રાજયકક્ષાએ આંદોલન કરવામાં આવશે.ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે રૂપાલાની ટિકિટ રદ થાય. અગાઉ સંમેલનને લઈ ગોતા ખાતે આવેલા રાજપૂત ભવનમાં ક્ષત્રિય આગેવાનો તેમજ પોલીસની બેઠક યોજાઈ હતી.

### વઢવાણ-ભાવનગર રાજવી પરિવારે શું કહ્યું

રાજકોટ બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ કરી રહ્યો છે, રૂપાલાના નિવેદન પર હવે વઢવાણ રાજવી પરિવાર આક્રોશિત થયો છે. રાજવી પરિવારના સુધીરસિંહ ઝાલાએ આ સમગ્ર ઘટના પર આક્રોશ વ્યક્ત કર્યો છે. રૂપાલાની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે. સુધીરસિંહ



ઝાલાએ આ વિરોધને યોગ્ય ગણાવ્યો છે. તેમને કહ્યું કે, આવા નિવેદનો કોઈપણ સંજોગોમાં ના ચલાવી લેવાય. મતદાન સુધી આ લડત ચાલુ રાખવા હૂંકાર કર્યો છે.

### યુવરાજ ભગીરથસિંહનું નિવેદન

સંમેલનમાં ભગીરથસિંહે નિવેદન કર્યુ હતુ કે,રાજકીય આગેવાનો પાર્ટી સાથે ભળી ગયા છે,જયારે દેશને અમારી જરૂર હતી ત્યારે રજવાડા આપતા અમે વિલંબ કર્યો ન હતો તો ભાજપ અમારી માગ માટે શા માટે વિલંબ કરે છે,તો રૂપાલાએ માફી માગી તેમા પણ અહંકાર હતો.

### ઝાલાવાડ ક્ષત્રિય સમાજના પ્રમુખ રુદ્રરાજસિંહ ઝાલાનું નિવેદન

સંમેલનમાં રુદ્રરાજસિંહ ઝાલા નિવેદન કર્યુ હતુ કે,જે પણ વ્યકિત કે નેતા વાણી વિલાસમાં ભાન ન રાખે તો તે માફીને લાયક નહી હોય,રૂપાલાની ઉમેદવારી રદ્દ કરો તે જ સાચી માફી હશે.આ દરેક સમાજની બહેન દિકરીની વાત છે,કોઈ આગેવાનની ટિપ્પણી અન્ય સમાજ વિશે પણ ન કરે તે માટે શીખ બેસે તે જરુરી કરી શકાય.

### તૃપ્તિબાનું નિવેદન

આ સવાલ એ મહિલાઓની અસ્મિતાનો સવાલ છે જેથી અમે મેદાને આવ્યા છીએ,સતા પર બેસવા માટે રાજકીય આગેવાન આ રીતે ટિપ્પણી કરે તે ચલાવી ન લેવાય . લોકશાહીમાં આજ પછી કોઈપણ નેતા આવી ટિપ્પણી કરશે તો આ ક્ષત્રિય આંદોલન યાદ આવશે,માથા ભેગા કરી લડત આપો,સતાને જાણીએ છે અને કાયદો પણ જાણીએ છે.અમે નિયમમાં રહીને આંદોલન કરીશું.

# ક્ષત્રિયોનો રોષ શાંત કરવા ભાજપમાં ફરી બેઠકનો ધમધમાટ શરૂ

## મંત્રી નિવાસસ્થાને ક્ષત્રિય આગેવાનોની બેઠક પૂર્ણ

(એજન્સી) અમદાવાદ | તા.07

લોકસભા ચૂંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે તો બીજી તરફ રાજકોટથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના નિવેદનને કારણે શરૂ થયેલો વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. રૂપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ વિવાદને શાંત પાડવા ફરી એકવાર ભાજપના ક્ષત્રિય આગેવાનોની ગાંધીનગર ખાતે બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે.આ બેઠકમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,મહેન્દ્રસિંહ સરવૈયા, પ્રદીપસિંહ જાડેજા,આઈ.કે.જાડેજા, બલવંતસિંહ રાજપૂત, કેસરીદેવસિંહ ઝાલા હાજર રહ્યાં હતા.

### હર્ષ સંઘવી સાથે બેઠક

મળતી માહિતી અનુસાર ક્ષત્રિય સમાજમાં રોષને શાંત કરવા માટે ગાંધીનગરમાં નવ જેટલા ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચે બેઠક મળી રહી છે. જેમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિહ જાડેજા ઉપરાંત બલવંતસિંહ રાજપૂત, કેસરીદેવસિંહ ઝાલા તેમજ મહેન્દ્રસિંહ સરવૈયા, આઈ.કે.જાડેજા પણ હાજર રહ્યા હતા,આ અગાઉ પણ પહેલા ભાજપમાં મંત્રી રહી ચૂકેલા ક્ષત્રિય સમાજના નેતાઓએ પણ બેઠક કરી હતી અને તેમાં પણ કોઈ નિવેડો



આવ્યો ન હતો., રૂપાલા આજે સુરતમાં પાટીદાર સમાજના સ્નેહમિલનમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં પાટીદાર આગેવાનો અને સમાજના લોકો હાજર હતા.

### ગાંધીનગર પોલીસ સતર્ક મોડ પર

બીજી તરફ ભાજપ મુખ્યાલય કમલમ હવે કરણીસેનાના નિશાના પર છે. કરણીસેના અધ્યક્ષ રાજ શેખાવતે એલાન કર્યું છે કે, આગામી દિવસોમાં કમલમનો ઘેરાવ કરવામાં આવશે.નોંધનીય છે કે, ક્ષત્રિય મહિલાઓએ પણ કમલમ ખાતે જોહર કરવાની ચિમકી આપી હતી. જેને લઈને ગાંધીનગર પોલીસ પણ સતર્ક બની છે.

**Quick Read**

### ચાંદખેડાના કાફેમાં IPL મેચ પર સટ્ટો રમતા 3 પકડાયા

અમદાવાદ | સાબરમતી પાસે જગતપુર રોડ પર આવેલા ચાચા ચૌધરી કાફેના પાછળના ભાગમાં બેસી ત્રણ યુવક ફોન પર એપ્લિકેશનથી આઈપીએલ મેચ પર સટ્ટો રમી રહ્યા હતા. બાતમીના આધારે ચાંદખેડા પોલીસે દરોડો પાડ્યો હતો. દરમિયાનમાં ત્યાંથી ધ્રુવ પટેલ, આકાશ જગદીશ માંડવિયા અને ઉત્કર્ષ પંચાલ મળી આવ્યા હતા. તેમની પાસેથી ત્રણ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે તપાસ કરતા તે ત્રણેય ફોનમાંથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટાની એપ મળી આવી હતી, જેના પર આ ત્રણેય જણ સટ્ટો રમી રહ્યા હતા. ચાંદખેડા પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી. ઉપરાંત શાહપુરના જેપી ચોક ક્યુલેન્ડ પાન પાર્લર પાસે બાઈક પર બેસીને ફોનમાં એપ્લિકેશનથી આઈપીએલ મેચ પર સટ્ટો રમી રહેલા અતુલ શ્રીમાળી (ઉં.27)ને ઝડપી લીધો હતો.

### મ્યુનિ.નું વાર્ષિક લાઇટ બિલ 300 કરોડ, સોલાર ઊર્જાથી 176 કરોડની બચત થઇ

અમદાવાદ | મ્યુનિ.કચેરીઓમાં થનારા ઉપયોગ માટેની વીજળી પોતે ઉત્પન્ન કરી રહ્યું છે. તેના માટે 2024-25ના બજેટમાં 30 મેગાવોટનો સોલાર પ્લાન્ટ અને 20 મેગાવોટનો વિન્ડ પાવર પ્લાન્ટ સ્થાપિત કરાશે, જેનાથી વાર્ષિક 54.42 કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન થવાનો અંદાજ છે. મ્યુનિ.એ તેના માટે ટેન્ડર બહાર પાડી દીધા છે. મ્યુનિનો વાર્ષિક વીજળી વપરાશ 280થી 300 કરોડ છે. તેની સામે સોલાર અને વિન્ડથી 12થી 15 ટકા વીજળીની બચત થાય છે. અત્યાર સુધીમાં 176.7 કરોડ બચત થઈ છે. 50 મેગાવોટની ક્ષમતાના સોલાર અને વિન્ડ પાવર પ્લાન્ટ સ્થાપિત થયા પછી મ્યુનિ.ની 50 ટકા વીજળીની બચત થશે. હાલમાં મ્યુનિ. 12થી 15 ટકા રિન્યુઅબલ એનર્જી ઉત્પાદન થાય છે. મ્યુનિ. નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ આગળ વધી રહ્યું છે. તેના માટે મ્યુનિ. સોલાર પ્રોજેક્ટ અને વિન્ડ પાવર પ્રોજેક્ટમાં રોકાણ કર્યું છે. કોર્પોરેશને પોતાની વિવિધ ઝોનલ ઓફિસ, આરોગ્ય ભવન, ટ્રાન્સપોર્ટ હાઉસ, સરદાર પટેલ સ્ટેડિયમ સહિતનાં વિવિધ ભવનો ઉપર સોલાર પેનલો ફિટ કરી છે. જ્યારે વિન્ડ પાવર પ્રોજેક્ટ પોલિસી હેઠળ કોર્પોરેશન દ્વારા કચ્છના નખત્રાણા તેમજ જામજોધપુરમાં 21 મેગાવોટ (MW)ના વિન્ડ પાવર પ્લાન્ટથી વીજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે.

### મ્યુનિ.માં ગેરરીતિની 5 વર્ષમાં 1895 ફરિયાદ, માત્ર 126 કેસમાં સજા થઇ

અમદાવાદ | તાજેતરમાં આવક કરતાં વધારે મિલકતના કેસમાં મ્યુનિ.ના એસ્ટેટ વિભાગના ઈન્સ્પેક્ટરની એસીબીએ ધરપકડ કરી હતી. મ્યુનિ.માં ઉઠતી ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદમાં વિજિલન્સ વિભાગનું વલણ કેવું છે તે દર્શાવતા આંકડા સામે આવ્યા છે. છેલ્લા 5 વર્ષમાં નોંધાયેલા 1895 કેસમાંથી માંડ 126 કેસમાં સજા થઈ છે. જ્યારે મોટા ભાગના કેસ પડતર છે. આ સ્થિતિમાં માંડ 7 ટકા જેટલા કેસોમાં સજા થઈ રહી છે. તેમાં પણ સૌથી વધારે ભ્રષ્ટાચારની ફરિયાદો એસ્ટેટ વિભાગના કર્મચારી - અધિકારી સામે આવે છે તેમની સામે સજાનું પ્રમાણ માત્ર 0.98 ટકા છે. ફરિયાદો અને તેમાં સજા સાથે નિકાલ માટે આરટીઆઇ એક્ટિવિસ્ટ પંકજ ભટ્ટે માગેલી માહિતીમાં એવી હકીકત સામે આવી છેકે, સૌથી વધારે 1120 ફરિયાદો એસ્ટેટ વિભાગ સામે છે પણ સજા માંડ 11 કેસમાં થઈ છે. ઈજનેર વિભાગમાં મોટી સંખ્યામાં ફરિયાદો આવી રહી છે. જેમાં પણ સજાનું પ્રમાણ 12.53 ટકા છે. જ્યારે જનરલ વિભાગ એટલે કે મ્યુનિ.ના 45 જેટલા જુદા જુદા અન્ય વિભાગોનો સમાવેશ થાય છે જેમાં હેલ્થ, હોસ્પિટલ, ગાર્ડન સહિતના વિવિધ વિભાગોનો સમાવેશ થાય છે.

### પેસેન્જરોને પૂછતા તમામે બેગ પોતાની ન હોવાનું કહ્યું

# ગુજરાત-મધ્યપ્રદેશ બોર્ડર પરથી 1 કરોડથી વધુ કેશ અને ચાંદીનો જથ્થો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.07

ચૂંટણી સમયે દેશભરમાં ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું છે. ત્યાં મધ્ય પ્રદેશ અને ગુજરાત બોર્ડ પાસે આવેલી પીટોલ બોર્ડર પરથી 1 કરોડથી વધુની કેશ ઝડપાઈ છે. જેમાં એક કરોડથી વધુ રોકડ અને ચાંદીનો જથ્થો ઝડપાયો છે. જેને લઈ મધ્ય પ્રદેશ પોલીસએ કાયદેસરની કાર્યવાહી કરી છે. લોકસભા ચૂંટણીને લઈ પોલીસ અને એસઆઈટી દ્વારા મુદ્દામાલ ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. મધ્યપ્રદેશ નજીક પીટોલ બોર્ડર ઉપરથી ઈન્દોરથી આવતી ખાનગી ટ્રાવેલ્સમાથી બિનવારસી હાલતમા રોકડ રકમ અને ચાંદી મળી આવી છે. જેમાં પોલીસ દ્વારા હાલમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરહદી વિસ્તારોમાં વાહનોનું સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.



ત્યારે દાહોદ જિલ્લાને અડીને આવેલ મધ્ય પ્રદેશની પીટોલ બોર્ડર ખાતે વાહન ચેકિંગ દરમિયાન એક બસમાંથી એક કરોડ ઉપરાંતની રોકડ રકમ તેમજ ચાંદી કબજે કરવામાં આવ્યું છે. જ્યારે મધ્ય પ્રદેશના ઝાબુંવા જિલ્લાના પીટોલ બોર્ડર પરથી રાત્રે એસએસટી તેમજ એફએસટીની ટીમોએ સ્થાનિક પોલીસની સાથે મળી ઉજ્જૈન પાસિંગની રાહુલ ટ્રાવેલ્સની બસની તપાસ કરતા ચોકી ગઈ હતી. બસની અંદર મુકેલી એક બેગમાંથી બિનવારસી એક કરોડની રોકડ રકમ અને ચાંદીનો મોટો જથ્થો મળી આવ્યો છે. આ બસ ગુજરાતમાં રાજકોટ તરફ આવી રહી હતી.

### રોકડ અને ચાંદી કોણે પહોંચાડવાની હતી તે તપાસ શરૂ

બસમાં સવાર મુસાફરો તેમજ બસના ચાલક તેમજ ક્લીનરની પૂછપરછ કરતા કોઈએ પણ આ બેગ માલિકી દર્શાવી ન હતી.જો કે વધુ તપાસ કર્યા બાદ પોલીસે રોકડ અને ચાંદીનો જથ્થો જપ્ત કરી બસના ચાલક તેમજ ક્લીનરનો નિવેદનો લઈ બસને આગળ રવાના કરી હતી. અને બસના માલિકને નોટિસ મોકલી બોલાવ્યા છે.

# ચૈત્રી નવરાત્રીને લઇ અંબાજી મંદિરમાં દર્શનનો સમય બદલાયો

■ સવારે 7 વાગ્યે આરતી, 7:30 થી 11:30 સુધી દર્શન કરાશે ■ બપોરે 12:30 થી 4:30 સુધી કરી શકાશે દર્શન

(એજન્સી) અમદાવાદ| તા.07

9 એપ્રિલથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે,ત્યારે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સમયમાં થોડોક ફેરફાર કરવામાં આવ્યો છે.મંદિરમાં આરતી સવારે 7 વાગ્યે,દર્શન 7.30 થી 11.30 અને બપોરે 12.30 તી 4.30 સુધી કરી શકાશે,તો સાંજના સમયની વાત કરીએ તો સાંજે 7 વાગ્યે આરતી, 7:30 થી 9 વાગ્યા સુધી મંદિર દર્શન માટે ખુલ્લુ રહેશે.9 એપ્રિલથી 16 એપ્રિલ સુધી મંદિરના સમયમાં ફેરફાર કરાયો છે.

વર્ષમાં બે વખત નવરાત્રી આવતી હોય છે,તેને લઈ ભકતોનો ભારે ધસારો રહેતો હોય છે,મંગળવારથી ચૈત્રી નવરાત્રીની શરૂઆત થઈ રહી છે.ત્યારે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આરતી, રાજભોગ, દર્શનના સમયમાં ફેરફર કરાયો છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આરતીના અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

યાત્રાધામ અંબાજીમાં દર વર્ષે ભાદરવી પૂનમનો મેળો ભરાતો હોય છે. જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખોની સંખ્યામાં માઈભક્તો પગપાળા કરીને અંબાજી પહોંચતા હોય છે.

ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં આવતા દર્શનાર્થીઓને ધ્યાનમાં રાખીને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાતો હોય છે.

### અફવા ફેલાવી રાજકીય લાભ લેનારા સામે કાર્યવાહી કરવા માગણી

# મનસુખ માંડવિયાનો જુનો વીડિયો વાયરલ થવા મુદ્દે ચૂંટણીપંચમાં ફરીયાદ

(એજન્સી) અમદાવાદ | તા.07

મનસુખ માંડવિયાના જુનો વીડિયો વાયરલ થવા મુદ્દે ચૂંટણીપંચમાં ફરીયાદ થઈ છે. જેમાં પોરબંદર જિલ્લા ભાજપ તરફથી ફરીયાદ કરાઈ છે. તેમાં અફવા ફેલાવી રાજકીય લાભ લેનારા લોકો સામે કાર્યવાહી કરવા માગણી કરવામાં આવી છે. આઈટી એક્ટ મુજબ આવા લોકો સામે કાર્યવાહી કરવા માગણી કરાઈ છે. મનસુખ માંડવિયાના જૂના વીડિયો વાયરલ થતા ફરિયાદ દાખલ થઈ છે. 6 વર્ષ જૂનો વીડિયો વાયરલ કરવાના મામલે પોરબંદર જિલ્લા ભાજપે ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી છે. ભાજપની છબી ખરડવા તથા સૌહાર્દ તથા ભાઈચારાને તોડવાનો દાવો કરવામાં આવ્યો છે. પોરબંદર લોકસભા બેઠક પર મનસુખ માંડવિયા ભાજપના ઉમેદવાર છે. તેથી અફવાથી સમાજને થનારા નુકશાનથી બચાવવા અપીલ કરવામાં આવી છે. પોરબંદર લોકસભા સંસદીય મતક્ષેત્રની ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર ડોક્ટર મનસુખ



માંડવિયાનો એક વીડિયો ગઈકાલે વાયરલ થયો હતો. જોકે, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો આ વીડિયો વર્ષો જૂનો હતો. ત્યારે 6 વર્ષ જૂના વીડિયો વાયરલ કરવાના મામલે પોરબંદર જિલ્લા ભાજપ દ્વારા ચૂંટણી અધિકારીને ફરિયાદ કરવામાં આવી છે. પોરબંદર જિલ્લા ભાજપ દ્વારા કહેવામાં આવ્યું છે કે પોરબંદર લોકસભા સંસદીય મતક્ષેત્રની ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિય ખૂબ જ પ્રતિષ્ઠિત નેતા છે. 22 વર્ષથી જાહેર જીવનમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત રહ્યા છે.

### રહીશો અને PG-માલિકો વચ્ચે બબાલ

# અમદાવાદની નીલકંઠ સોસાયટીમાં પીજીથી ન્યૂસન્સ ફેલાતું હોવાનો રહીશોનો આક્ષેપ

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદના આનંદનગર રોડ ઉપર આવેલી નીલકંઠ સોસાયટીમાં સ્થાનિકો અને પેઈંગ ગેસ્ટ માલિકો વચ્ચે બોલાચાલી અને વિવાદ થયો હતો. સોસાયટીના રહીશો દ્વારા પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા લોકોને પાસ ઈસ્યુ કરવાનો નિર્ણય લીધો છે. સોસાયટીમાં મોડીરાત્રે પીજીમાં રહેતા લોકો અવરજવર સાથે કેટલીક અસામાજિક પ્રવૃત્તિ કરતા હોવાનો આક્ષેપ પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો હતો. આગામી 1 મેથી સંપૂર્ણપણે સોસાયટીમાં પેઈંગ ગેસ્ટ બંધ કરાવવામાં આવશે. જેમાં સ્થાનિકો દ્વારા વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર અને સ્થાનિક કોર્પોરેટરને પીજી બંધ કરાવવા



રજૂઆત કરવામાં આવશે. આનંદનગર રોડ ઉપર આવેલી નીલકંઠ સોસાયટીના વાઈસ ચેરમેન નીરવભાઈ શાહે જણાવ્યું હતું કે, અમારા સોસાયટીમાં 174 જેટલા ફ્લેટ આવેલા છે, જેમાં 80 જેટલા ફ્લેટમાં પેઈંગ ગેસ્ટ તરીકે લોકો ભાડે રહે છે. છેલ્લા ચાર વર્ષથી પીજી ચાલે છે, પરંતુ હવે આ PGમાં રહેતા લોકોનું ન્યુસન્સ ખૂબ જ વધી ગયું છે.

### સ્થાનિકો જરૂર પડયે કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર લખશે

આનંદનગરની નીલકંઠ સોસાયટીના રહીશો દ્વારા પીજી બંધ કરાવવા મામલે હવે વેજલપુરના ભાજપના ધારાસભ્ય અમિત ઠાકર અને ભાજપના કોર્પોરેટરોને મળી રજૂઆત કરશે અને જો જરૂર પડશે તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને પણ જાણ કરશે. હાલમાં આનંદનગર પોલીસ સ્ટેશનમાં પણ આ મામલે જાણવાજોગ અરજી આપવામાં આવી છે.

### આગેવાનોએ સમજાવ્યા બાદ પણ જૌહર માટે અડગ

# ગીતાબા અને પ્રજ્ઞાબા જૌહરની જાહેરાત બાદ બીજા દિવસે પણ ઘરમાં નજરકેદ

(એજન્સી) અમદાવાદ | તા.06

ક્ષત્રિય સમાજની આગેવાન મહિલા બીજા દિવસે નજરકેદ કરાયા છે. જેમાં ગીતાબા અને પ્રજ્ઞાબા જૌહરની જાહેરાત બાદ નજરકેદ કરાયા હતા. આગેવાનોએ સમજાવ્યા બાદ પણ જૌહર માટે અડગ છે. ગઈકાલે ગીતાબાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

બીજા દિવસે પોલીસ બંદોબસ્ત સાથે નજરકેદ કરાયા છે. જેમાં પરશોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ કરવાની માંગ સાથે વિરોધ યથાવત છે. રૂપાલા મુદ્દે ગાંધીનગરના દહેગામમાં પણ ક્ષત્રિયોએ રૂપાલા વિરુદ્ધ ભારે સૂત્રોચારો કરીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તો મગોડી રોડ ઉપર પણ ક્ષત્રિયોએ રસ્તા રોકવાની કોશિશ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. ત્યારે જૌહર કરવા



ગાંધીનગર કમલમ કાર્યાલય પહોંચે એ પહેલાં જ ક્ષત્રિયાણીઓને નજર કેદ કરવામાં આવી હતી.

દહેગામ તાલુકા સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા બેનરો સાથે રૂપાલા વિરુદ્ધમાં ભારે સૂત્રોચારો કરી મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં માંગ કરાઈ છે કે, લોકસભા ચૂંટણીના ભાજપના લોકસભા રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા કોમી, ધાર્મિક લાગણી દુભાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તે પ્રકારના પ્રવચનનો સોશિયલ મીડિયામાં ઓડિયો અને વીડિયો ફરી રહ્યો છે. આ તરફ મગોડી હાઈવે રોડ ઉપર પણ ક્ષત્રિય યુવાનોએ રૂપાલાની ટિકિટ રદ્દ્ કરવાની માંગ સાથે રસ્તા રોકો આંદોલન શરૂ કરી દીધું હતું. જેનાં કારણે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. જો કે પોલીસે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચીને રસ્તો ક્લિયર કરાવી દીધો હતો. ત્યારે ગાંધીનગરમાં બાલવા ગામમાં પણ રૂપાલાની ટિકિટ રદ્દ્ થાય નહીં ત્યાં સુધી ભાજપના એક પણ આગેવાનો કે કાર્યકરોએ ગામમાં પ્રવેશ કરવો નહીં એવા બેનરો પણ ક્ષત્રિય સમાજ દ્વારા લગાવી દેવામાં આવ્યા છે.

# દર્દીના મૃત્યુ બાદ હોસ્પિટલમાં હોબાળો, સગાએ હોસ્પિટલમાં તોડફોડ કરી

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદમાં દર્દીના મૃત્યુ બાદ હોસ્પિટલમાં હોબાળો થયો છે. જેમાં સરખેજમાં આવેલ ફૈત હોસ્પિટલમાં આ બનાવ બન્યો છે. તેમાં દર્દીના સગાએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. તેમજ ડોક્ટર સાથે પણ મારામારી કરી છે. જેમાં સરખેજ પોલીસે ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી છે. અગાઉ સૈજપુર બોઘા રોડની ચૌધરી હોસ્પિટલની ઘોરબેદકારીથી મહિલાનું મોત થયુ હોવોના આક્ષેપો થયા હતા. તેમાં બ્લડની બોટલ ચડાવ્યા બાદ મહિલાના મોતનો આરોપ હતો. જેમાં દર્દીના પરિજનોએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. સૈજપુર બોઘા રોડ ઉપર આવેલી ચૌધરી હોસ્પિટલની બેદરકારી સામે આવી હતી. જેમાં બ્લડની બોટલ



ચડાવ્યા બાદ મહિલાનું મોત થયુ હતુ. તેથી પરિવારના સભ્યોએ હોસ્પિટલ ખાતે હોબાળો કર્યો હતો. ઘટનાને પગલે પોલીસ પણ હાલમાં હોસ્પિટલ પહોંચી હતી, પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે ડોક્ટરોએ રાત્રે બ્લડ ચઢાવવું પડશે એવું કહ્યું હતું અને વહેલી સવારે તેમનું મોત થયુ હતુ. હોસ્પિટલમાં ડોક્ટર પાસે રિપોર્ટ માંગતા તેમના દ્વારા અમને કોઈ રિપોર્ટ આપવામાં આવ્યા નથી. તેઓ પોલીસને રિપોર્ટ આપશે એવો જવાબ આપ્યો હતો.